શ્રી.

સચિત્ર, વિચિત્ર, સમ્પૂર્ણ પ્રાચીન

મોટું આદિ રતિશાસ્ત્ર

અથવા

પ્રાચીન ગુજરાતી

કોકશાસ્ત્ર.

કૈલાશપતિ શ્રી મહાદેવજી પ્રોક્ત.

પ્રકાશક.

પ્યારેલાલ શર્મા અલીગઢ નિવાસી.

પ્રથમ આવૃત્તિ. સંવત ૧૯૬૬.

અમદાવાદમાં "રાજસ્થાન" છાપખાનામાં

શા હીરાલાલ વર્ધમાને છાપ્યું.

કિંમત [illegible].

श्री जान्हवी.

સચિત્ર રતિશાસ્ત્ર

યાને

પ્રાચીન ગુજરાતી કોકશાસ્ત્ર.

——————:o:——————

મંગળા ચરણ.

जयतु जयतु देवः देवकीनन्दनोयम् ।
जयतु जयतु कृष्णः वृष्णिवंश प्रदीपः ॥
जयतु जयतु मेघः श्यामलः कोमलांगो ।
जयतु जयतु पृथ्वी भारनाथो मुकुंदः ॥

પ્રકરણ ૧ લું.

———

ગ્રંથની ઉત્પત્તિ.

એક સમયે કૈલાસપતિ મહાદેવજી સર્વાંગે વિભુતીથી યુકત, મૃગચર્મથી આચ્છાદીત, જટામાંથી નીકળતા ગંગાજીના પ્રવાહ સહીત, લલાટમાં અર્ધચંદ્ર અને ત્રીપુંડ, ગળામાં રૂંઢની તેમજ રૂદ્રાક્ષની માળાઓથી પરિભૂષીત, ઝેરીલા સર્પોથી વીંટાયલા, એક હાથમાં ત્રીશુલ અને બીજા હાથમાં ડમરૂ ધારણ કરેલ, ડાબી બાજુએ જેને જગત્ જતુની શ્રીમતિ પાર્વતીજી વિરાજમાન છે, ગૌરીના ચરણ કમલમાં ઝાંઝર, હાથમાં સુવર્ણ જડીત બહુ મુલ્યવાળાં દિવ્યમાન કંકણ, કંઠમાં હીરા મોતી અને મણીઓની ચંદ્રમા સમાન પ્રકાશીત અનેક માલાઓ, ચિત્ર વિચિત્ર વસ્ત્ર અને અનેક આભૂષણો યુકત નાસિકામાં મનોહર વાળી, કાનોમાં ઉત્તમ પ્રકાર અને કિંમતના ચિત્તાકર્ષક મણી જડીત કુંડલ, મુસ્તકપર હીરા,

પન્ના, મોતી આદિક રત્ન જડેલ મુગટ જેણે ધારણ કીધો છે એવાં ભુવનેશ્વરી અનપુર્ણા સહીત શિવજી મહારાજ આનંદમાં વિરાજમાન થઇ રહ્યા હતા. શીતલ મંદ અને સુગંધીત વાયુની મનહર લહેરો આવી રહી હતી. કોયલ મોર આદી અનેક પક્ષી ગણ પોતપોતાની જુદાજુદા પ્રકારની મધુરી વાણી સંભળાવી હૃદયને આકર્ષી રહ્યા છે. એક તરફ જુવો તો શ્રીમતી ભાગીરથી ગંગા મહારાણીની અમૃતમયી નિર્મલ સ્વચ્છ ધારા શાંત રૂપ ધારણ કરી ઘણોજ આનંદ આપી રહી છે. ચારે તરફ નાના પ્રકારના રંગબેરંગી ખીલી રહેલા પુષ્પ અને અનેક તરેહના ફળો નવાજ પ્રકારની છટા શોભા દેખાડી રહ્યા છે. વિશેષ તો શું પણ અહીંની શોભા સ્વર્ગને પણ મ્હાત કરતી હોય એમ જણાય છે. જેને જોવાને માટે દેવ, દેવર્ષિ કિન્નર અને રૂષિ મુની ઇત્યાદી સહુ કોઇ ઇચ્છા કરે છે. પ્રિય વાંચકવૃંદ ! એ સમયે મહાદેવજીની પાસે રાજા પરિક્ષિતનો પુત્ર " જન્મેજય " આવ્યા. મહારાજ શ્રીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી વારંવાર સ્તુતિ કરવા લાગ્યા, કે હે નાથ ! આપ ત્રણે લોકના સંહારક છો. સર્વ ભૂત પ્રાણી આપની આજ્ઞામાં રહે છે. હે કામ દહન ! કામદેવને બાળવાવાળા આપ ભુત, ભવિષ્ય અને વર્તમાન કાળના જ્ઞાની છો. જ્યારે જ્યારે પૃથ્વી તળ ઉપર અઘોર પાપ વધી જાય છે ત્યારે ત્યારે આપ આપની યોગમયી માયાથી તેનો વિનાશ કરો છો. હે ત્રીપુરારી ! આપની માયાનું રૂષિમુનિ અને દેવતાઓ સુદ્ધાં પણ વર્ણન કરી શકતા નથી. એવા હે પ્રભુ ! આપને વારંવાર પ્રણામ છે. આપ વિશ્વનું પાલણ પોષણ કરનાર વિશ્વંભર છો. મહાદેવજી, પરિક્ષીત રાજાના પુત્ર જન્મેજયનાં કરૂણા ભર્યાં વચન સાંભળીને બોલ્યા. કે, હે રાજન્ ! તમો અહીંયા શું પ્રયોજન અને અભિપ્રાયથી આવ્યા છો તે વિદીત કરો. હું તમારાથી બહુ પ્રસન્ન છું. જન્મેજય કહેવા લાગ્યા, હે નાથ ! આપે લંકાધિપતિ રાવણરાજની મનોકામના પુરી કરવાને માટે " આદિરતિશાસ્ત્ર " સંભળાવ્યું હતું. એ સાંભળવાની ઉત્કંઠાથી જ હું આ તપો ભુમીમાં આવ્યો છું તો કૃપા કરીને તેનું અથ ઇતિ વર્ણન કરો. ભોળાનાથ મહાદેવજી જન્મેજયનો અભિપ્રાય સાંભળીને તે બોલ્યા. હે રાજન્ !

તું મહા પ્રતાપી છે. તમને પરમ ધન્ય છે કે આવા રમણીય પ્રશ્નની ઇચ્છાથી અહીં આવ્યા છો. એનાથી પ્રાણીઓને સંસારમાં પરમ લાભ થશે. મેં રાવણને સર્વથી પહેલાં જે આદિ રતિશાસ્ત્ર સંભળાવ્યું હતું તે જ તને પણ હું સંભળાવું છું. પરન્તુ એને પરમ ગુપ્ત રાખવું જે પુરૂષ ધર્માત્મા, જીતેંદ્રીય, પરોપકારી, શાંતાત્મા, પરમભક્ત અને જ્ઞાની હોય એવાઓને જ માત્ર સંભળાવવું અને જે પ્રાણી દુષ્ટાત્મા, નીચ, ભક્તિહીન, કામાતુર, અને વ્યભિચારી હોય તેવાઓને તો ખાસ કરીને બીલકુલ સંભળાવવું જ નહીં એવી મારી આજ્ઞા છે. કદાપિ સંભળાવશો તો મોટું પાપ લાગશે. હે રાજન ! તને આદિરતિશાસ્ત્ર સાંભળવાની મહદ્ અભિલાષા છે તો હવે હું અથથી ઇતિ સુધી સંપુર્ણ વર્ણન કરૂં છું તે સાવધાન થઇને શ્રવણ કર.

પ્રકરણ ૨ જું.

જન્મેજ્ય કહેવા લાગ્યા હે વિશ્વંભર ! આદિરતિશાસ્ત્ર નામનું જે શાસ્ત્ર છે એમાં કયા કયા વિષય છે. તેનું વર્ણન સૌથી પહેલાં કરો. શિવજી એ કહ્યું કે હે રાજન ! આ અખંડ ભુમંડળમાં માત્ર સ્ત્રી જાતજ પ્રધાન છે અને તે માનવા લાયક પણ છે. જન્મેજ્ય ! સર્વથી પહેલા પુરૂષ અને સ્ત્રીની ઓળખાણ અને શુભાશુભ લક્ષણનું વર્ણન કરીને પછી નાયકા ભેદ, દંપતિ મિલન, દુતિ અને વ્યભિચારીણીઓનું કર્તવ્ય, સ્ત્રી પ્રસન્ન વિધી, શોલશ્રૃંગાર, ચોસઠકળા, ત્રીયાચરિત્ર આદિનું વર્ણન કરીશ. ત્યારબાદ સ્ત્રીગમનનિષેધદિન, છ રૂતુનું વર્ણન, સહવાસ વિધિ. દિન તથા રાત્રીમાં ગમન નિષેધ, બાલપણામાં બાળકો મરી જવાના કારણો, સહવાસની ખરાબીથી સંતાનની થતી હાલત, પ્રત્યેક સ્ત્રીઓની અલગ અલગ શય્યા, કાલ જ્ઞાન, ઔષધિ ઇત્યાદી સઘળી બાબતોનું અનુક્રમે વર્ણન આ ગ્રંથમાં આગળ ઉપર કરીશું.

પ્રકરણ ૩ જુ

સ્ત્રીઓના ભેદ અને લક્ષણ.

શિવજી મહારાજને જન્મેજય કહેવા લાગ્યા કે હે સર્વજ્ઞ આજ આપની અમૃત રૂપીવાણી સાંભળીને હું ઘણો કૃતાર્થ થઇશ. આ સંસારમાં મારા જેવું કોઇ ધન્ય નથી. હવે કૃપાકરીને સ્ત્રીઓના ભેદ અને ઓળખાણ વગેરેનું વિસ્તાર પૂર્વક વર્ણન કરો ત્યારે મને જ્ઞાન પ્રાપ્ત થશે. મહાદેવજી પોતાના વહાલા રાજા જન્મેજયનાં વિનય વચન સાંભળીને આનંદની સાથે વર્ણન કરવા લાગ્યા. હે રાજન ! આ ભુમંડલમાં અનેક પ્રકારની સ્ત્રીઓ છે. તેમાં ચાર પ્રકારની સ્ત્રીઓ મુખ્ય છે. પહેલી પદ્મિણી બીજી ચિત્રણી, ત્રીજી શંખણી અને ચોથી હસ્તણી એ પ્રમાણે ચાર પ્રકારની સ્ત્રીઓનાં નામ છે.

પદ્મિણી લક્ષણ.

હે જન્મેજય હવે પદ્મિણી રમણીના સઘળાં લક્ષણોનું વર્ણન કરૂંછું તો સાવધાન થઇને શ્રવણ કર. પદ્મિણી સ્ત્રીનું વદન શશિસમાન, બંને આંખો હરણના જેવી, મુખ કમળના જેવું, નાકના ઉભય છેદ નાના, હોઠ બીંબ ફળની જેમ લાલ. દાડમની કળીઓના જેવી દંતપંકિત, માથાના વાળ રેશમના જેવા કોમળ. ભમરાના જેવા કાળા અને લાંબા, વેણીનાગણના જેવી, કપોતના જેવી ગર્દન, **પીનસ્તની**, અવાજ કોયલના જેવો મનમોહક હોય છે. શુશીલા, ધર્મશીલા, પતિવ્રતા, સાધવી, હાસ્યવદની, ગજેન્દ્રગામીની, પદ્મગંધા, હસગામીની, અને હમેશાં પ્રિયવચન બોલનારી હોય છે. એ સ્ત્રીનું મન પરોપકાર કરવામાંજ લાગી રહે છે. તેનું મુખારવિંદ પૂર્ણ ચંદ્રની સમાન ઘણુંજ ખુબસુરત, એવા પ્રકારની સ્ત્રીઓ પોતાના વ્હાલા પતિની ચરણ સેવામાં પ્રાણ પણ અર્પણ કરીદે છે.

હે રાજન ! પદ્મિણી સ્ત્રીનાં શુભ લક્ષણોનું વર્ણન તારી સનમુખ કર્યું છે. દુનીઆમાં આવી મનોરમાં સ્ત્રી કોઇ કોઇ જ દેખાય છે. જે ઘરમાં પદ્મિણી સ્ત્રી નિવાસ કરે છે તે

ઘર સ્વપ્ન સમાન બની જાય છે એમાં કોઈ સંદેહ નથી. ત્રણે પ્રકારનાં દુઃખ રોગ, શોક, ક્લેશ, ભય અને પાપ હમેશા દુર રહ્યા કરે છે. અને એ ઘરમાં કેવળ આનંદ આનંદજ વર્તી રહે છે. હે જન્મેજય રાજન! શશિવદના પદ્મિણીની સાથે જે જે પુરૂષનો વિવાહ થાય છે તે પુરૂષ આ દુનિયામાં પરમ ધન્ય છે. તેને ત્યાં લક્ષ્મી સદૈવ અચલ નિવાસ કરે છે. હે રાજન! તમોને હું વધારે શું કહું પણ ભાગ્યવાન પુરૂષનેજ એવી સૌભાગ્યવતી સ્ત્રી મળે છે. જે પુરૂષના ઘરમાં શુભ લક્ષણ વાળી પદ્મિણી સ્ત્રી હોય છે તે પુરૂષ પુણ્યવાન, યશવાન, વિદ્યાવાન. ધનવાન અને દીર્ઘજીવી થાય છે. એમાં કોઇ સંદેહ નથી.

ચિત્રણી લક્ષણ.

જન્મેજય બોલ્યા હે નાથ! કૃપા કરીને હવે ચિત્રણી સ્ત્રીઓના લક્ષણનું વર્ણન કરો તે સાંભળવાની મને મોટી અભિલાષા છે. કૈલાસપતિ કહેવા લાગ્યા હે રાજન હું હવે ચિત્રણી સ્ત્રીના લક્ષણ કહું છું તે સાંભળ. ચિત્રણી જાતની સ્ત્રીઓના બંને ઉરૂજ કઠીણ સઘન સમ્મિલીત, નહીં શરીર બહુ જાડું કે નહીં પાતળું બન્ને નેત્રો કમળ જેવા,નાશિકા તલના પુષ્પ જેવી, આ રમણી મનોરમી રતિરસજ્ઞાતા, લોભ રહીત, અને શીલ સ્વભાવના હોય છે. જેનું મન સ્વપ્નમાં પણ લોભ આદિથી ચલાયમાન થતું નથી. વાણી મધુર, સર્વ કોઇની સાથે સત્ય અને પ્રિય સંભાષણ વાળી,અને જેના મનમાં નિરંતર દયા તેમજ ક્ષમા હોય છે, તેમજ જેનું મન હમેશાં દેવ પુજા કરવામાંજ લાગી રહે છે એવી સ્ત્રીને રતીશાસ્ત્રમાં ચિત્રણી કહી છે. જે સ્ત્રી પતિની સેવા કરવાવાળી, અન્ય પરાયા પુરૂષ તરફ કદાપિ પણ નજર ન કરે, ને મહીલા હવીજ ભક્તિમાં પરાયણ, સ્વલ્પસહવાસથીજ જેની પ્રીતિ વધે છે. અને જેની બુદ્ધી ધર્મકાર્યમાંજ લાગી રહે છે એવી સ્ત્રીને ચિત્રણી કહે છે. હે રાજન! એ પ્રમાણે મેં તને ચિત્રણીના લક્ષણ કહ્યાં. ચાર પ્રકારની સ્ત્રીઓમાં આ મનોરમા બીજા પ્રકારની છે. રાજાએ કહ્યું હે મહારાજ! મહાતમા હે ગુરૂદેવ આપના મુખથી 'રતિશાસ્ત્ર સંબંધી

બીના સાંભળીને મારા મનમાં મોટુ કુતુહલ ઉત્પન્ન થયું છે હવે આપ મને શંખણી ઓના લક્ષણુ કહી સંભળાવો.

શંખણી લક્ષણ.

શિવજીએ કહ્યું કે હે રાજન ! ચાર પ્રકારની સ્ત્રીઓમાં શંખણી એ ત્રીજા પ્રકારની છે. તેના લક્ષણુ કહું છું તે સાંભળ. શંખણી જાતની સ્ત્રીના બને નેત્રો કમલના આકારના, વદન લાંબુ, બંને ઉરોજ નીચા પડતા, અને કઠોર, વાણી, મધુર, કંઠના ઉપર ત્રણ રેખાઓ, એવા પ્રકારના લક્ષણ વાલી સ્ત્રી સુશિક્ષા અને જેના શરીરમાં ક્ષારના જેવી દુર્ગંધ આવ્યા કરતી હોય એવા પ્રકારના લક્ષણો શંખણી સ્ત્રીઓના વર્ણવ્યા છે તે હું તને સંભળાવી ચુકયો છું. અને વધારામાં હે રાજન્! જે સ્ત્રી હમેશાં કામાતુર અને રસનો આલાપ કરે, એવી સ્ત્રીને રતિશાસ્ત્રમાં શંખણી કહે છે. શું પતિ, શું વડીલ, શું ગુરૂ ઇત્યાદી કોઇની પણ દેહેશત ન રાખે, રતિશાસ્ત્રમાં એવી સ્ત્રીને શંખણી કહી છે. જે સ્ત્રી બીજા મનુષ્યની સાથે રતિવિલાસ કરે, એવી મદનાતુરને શંખણી કહે છે. હે જન્મેજય ! પંડિત લોકો એવું કહે છે કે શંખણી જાતિની સ્ત્રી હોય છે તેની નાશીકા ઉંચી હોવા સાથે જે સ્ત્રી હમેશાં ભૂખી તરસી રહે. અને બહુ મોટા અવાજથી ખડખડ હસે છે ઇત્યાદી લક્ષણોનો પણ શંખણીમાં સમાવેશ થઇ જાય છે. હે જન્મેજય રાજન્ ! મેં તમોને શંખણી સ્ત્રીઓનાં બધાં લક્ષણ સંભળાવી દીધાં છે હવે હસ્તિની સ્ત્રીના લક્ષણો કહું છું તે સાંભળ.

હસ્તિની લક્ષણ.

શીવજી બોલ્યા ! હસ્તિની જાતિની સ્ત્રી કામબાણથી તપેલી રહે છે. શરીર મોટું અને બંને આંખો અગ્નીની જવાળાની પેઠે લાલ, માથાના વાળ ટુંકા, બને ઉરોજ કઠોર અને મોટા, નાકના બંને છીદ્રો મોટા, અને શરીરમાં દારૂના જેવી ગંધ આવ્યા કતી હોય, એ જાતની સ્ત્રીનું સર્વ અંગ હમેશાં કામદગ્ધ પ્રજવલીત રહે છે. હોઠ મોટા, નિતંબ પણ મોટા અને હમેશાં કામાતુર રહે એવી સ્ત્રીને હસ્તિણી કહે છે. જે સ્ત્રી હમેશાં વ્યા-

ભિખારીણી રહે. બીજા મનુષ્યની સાથે સહવાસ કરવાની જેને ઘણી ઇચ્છા રહે. હે રાજન્ એવી સ્ત્રીને હસ્તીની જાણવી. આ પ્રમાણે ચાર પ્રકારની સ્ત્રીઓના લક્ષણ તમને કહી બતાવ્યા તો હવે તમને જે સાંભળવાની ઇચ્છા હોય તે કહો તેનું વર્ણન કરૂં.

પ્રકરણ ૪ થું.

કુમારી લક્ષણ.

જન્મેજય કહેવા લાગ્યા કે હે નાથ ! હવે કુમારીઓના લક્ષણ સાંભળવાની ઇચ્છા છે. એટલા માટે આપ તેનું વર્ણન કરો. આપ મારા પરમ પુજ્ય છો. શિવજી કહેવા લાગ્યા હે રાજન્ ! હવે હું તમોને ત્રણ પ્રકારની કુમારીઓના લક્ષણ સંભળાવું છું. તો સાવધાન થઇને રતિશાસ્ત્રના અમુલ્ય જ્ઞાનને પ્રાપ્ત કરો.

ઉત્તમા કુમારીનાં લક્ષણ.

હે રાજન ! કુમારીઓ ત્રણ પ્રકારની છે. ઉત્તમા, મધ્યમા અને અધમા. આ સર્વમાં ઉત્તમા કુમારીને સૌથી ઉત્તમ ગણવામાં આવે છે. એવી કુમારીઓનું પાણી ગૃહણ કરવું—થવું સારૂં છે. જેનું ગૌરવર્ણ યાને શ્યામ વર્ણ અથવા નિર્મળ શ્યામ શરીર હોય, અને જેનું વદન નહી ઘણું લાંબુ કે નહીં ઘણું નાનું એવી કુમારીનેજ ઉત્તમ કુમારી જાણવી. જેની ચાલ ગજરાજના જેવી યાતો હંસગામિની, અને જેનાં દાંત નાના નાના અનારના દાણા જેવા, બન્ને હાથ લાલકમળની સમાન રાતા હોય, હરણના જેવી બન્ને આંખો હોય જેનું મન હમેશાં ધર્મ કાર્યમાં લાગી રહ્યું હોય પરોપકાર કરવામાં તત્પર રહેતી હોય તેને ઉત્તમા કુમારી કહે છે. એ પ્રમાણે મેં તમોને ઉત્તમા કુમારીના લક્ષણ ગણાવ્યા હવે સાવધાન થઇને મધ્યમા કુમારીના લક્ષણ શ્રવણ કરો.

મધ્યમા કુમારીના લક્ષણ.

શીવજી કહેવા લાગ્યા. હે રાજન ! જે કુમારી હમેશાં ધર્મ કાર્યમાં તત્પર રહે. જે અલ્પ આહારી હોય, જેના શરીરનું કદ નહીં બહુ પુષ્ટ અને નહીં બહુ દુબળું, નહી ઘણું લાંબુ કે

નહીં બહુ ઠીંગણું, માથાપરના કેશ ઘણાં લાંબા અને નાશીકા સુંદર હોય તેને મધ્યમા કુમારી કહે છે. જે કુમારી સુખ દુઃખ ઇત્યાદી સઘળી અવસ્થામાં જે સમાન અને હસમુખી રહે છે, તથા જે હમેશાં આલસ રહીત રહે; જેની નાભી ગંભીર, જે બધાની સાથે પ્રિય વાક્ય બોલે, હમેશાં સદાચારમાં પ્રવૃત રહે અને દેવ બ્રાહ્મણ અને ગુરૂજનો પ્રત્યે ભકિત રાખે તથા સંપુર્ણ પ્રાણી માત્રને સમાન દ્રષ્ટીથી જુએ એવી સ્ત્રીને મધ્યમા કુમારી કહે છે.

અધમા કુમારીનું લક્ષણ.

શીવજી કહેવા લાગ્યા હે રાજન્ ! હવે તને હું અધમા કુમારીના લક્ષણ બતાવું છું. જેના શરીરપર ઘણાં રોમ—રૂવાંઠા હોય, આંખો પીળી હોય, દાંત બહુ મોટા હોય, વાચાલ હોય. બહુ મોટેથી હસતી હોય, ઉદર મોટું, હાથ પગ કઠોર, શરીર મલીન હોય, તેને શાસ્ત્રકારોએ અધમા કુમારી કહી છે. વળી જે સ્ત્રીના વાલ ટુંકા, અને જે પતિ વીમુખ રહેતી હોય તેને પણ અધમા કુમારી કહે છે અને તેની તરફ જોવા માત્રથી જ પણ મહાપાપ લાગે છે. હે રાજન આ પ્રમાણે મેં તમોને અધમા કુમારીના પણ લક્ષણ બતાવી આપ્યા હવે વિશેષ જે કાંઇ સાંભળવાની ઇચ્છા હોય તે કહો.

વિવાહ માટે યોગ્ય અને અયોગ્ય કુમારીનાં લક્ષણ

જન્મેજયે કહ્યું કે હે મહેશ ! કયા પ્રકારની અને કઇ કુમારી વિવાહ કરવાને યોગ્ય અને કઇ અયોગ્ય છે તે સાંભળવાની મને મોટી ઉત્કંઠા અને અભિલાષા છે તો કૃપાકરીને તેનું સંપુર્ણ વર્ણન કરો. મહાદેવજીએ કહ્યું હે રાજન ! તમે મહા પ્રતાપી અને પુણ્યવાન છો કારણ કે આ શાસ્ત્રમાં તમારી પરમ ભક્તિ છે. તમે જે સાંભળવાની ઇચ્છા કરો છો તે સઘળી બાબતોનું હવે હું વર્ણન કરૂ તે એકાગ્ર ચીતથી ધ્યાન આપીને સાંભળો.

જે કુમારીના હાથમાં પદ્મ એટલે કમળ તેમજ કુંભનું ચિત્ર દેખાતું હોય તેનો પતિ રાજા થાય એમાં સંદેહ:નથી. જેનાં પગનાં તળીઆં ચીકણા ઉપડેલા, અને નખ લાલ રંગના હોય

તે કુમારી પતિ કુળ અને પિતઃ કુળ ઉભયનું કલ્યાણ કરનારાળી થાય છે. જેના પગમાં હળ, વજ્ર અને પદ્મના ચિન્હ માલુમ પડતા હોય તે રાજ્ય પત્નિ યાને રાણી થાયજ તેમાં સંદેહ નથી જેના ચરણતલ (તલીઆ)માં લાંગુલ, ચક્ર, કમલ, અંકુશ, આદીનાં ચિન્હ હોય તે સ્ત્રી ઘણા પુત્ર વાળી અને મોટી ઉમરની થાય. મતલબ કે લાંબી આયુષ ભોગવે. જે સ્ત્રીના પગના તળીઆમાં છત્રાકાર, માછલી, કમલ, ધ્વજા, શંખ, અને સાથીઆના ચિન્હ હોય તે સ્ત્રીનો પતિ અવસ્ય રાજા થાય. જેના પગનો આગળનો ભાગ ઉંચો, અને નીચેનો ભાગ કમલના જેવો અને શ્વેદ રહીત (એટલે પરસેવો ન વળે તેવો) હોય તે રાજ્યપત્નિ યાને રાણી થાય છે. રતિ શાસ્ત્રમાં એવા પ્રકારનું વર્ણન કર્યું છે કે જે સ્ત્રીના પગના નખ રાતા રંગના, ચીકણા ઉપસેલા અને સીધા હોય તેવી સ્ત્રીના ધણીને કોઈ પણ રાજ્યમાં ઉંચા હોદ્દાની જગો મળે. જે સ્ત્રીની પાંસળીઓ મોટી હોય તે દુર્ભાગીણી થાય છે. અને જેની પાંસળી એક સરખી હોય તો તે કલ્યાણકારીણી થાય છે. અને જેની પાંસળી ઉંચી હોય તેવી સ્ત્રીને કુલટા જાણવી. જે સ્ત્રી ચાલતી વેળા પોતાના પગ જમીન ઉપર કંપતા–ધ્રુજતા મુકે તે સ્ત્રી લગ્ન બાદ થોડીજ મુદતમાં વિધવા થાય છે. હે રાજન ! ચાલતી વેળા જે સ્ત્રીની ટચલી (સૌથી નાની) આંગળી જમીનને અડકતી હોય તે સ્ત્રી પણ લગ્ન થયા બાદ થોડાજ વખતમાં વિધવાવસ્થાને પ્રાપ્ત થાય છે એ નક્કી માનવું. અમારૂં આ વાક્ય બીલકુલ ખોટું નથી. વળી જે સ્ત્રીનો અહાર ઘણો હોય તેમજ જે હમેશાં લોભનેજ તાબે થએલી હોય એવી સ્ત્રી ત્યાજય છે. અર્થાત તેવી સ્ત્રીઓને વિવાહને યોગ્ય સમજવી નહિ જે સ્ત્રીના પગની પહેલી આંગળી (તર્જની) મધ્યમા એટલે વચલી, અને અનામીકા એટલે ત્રીજી આંગળીઓ જમીન ઉપર ઉઠી રહેતી હોય તે સ્ત્રી હમેશાં દુઃખી ભીખારણજ રહે છે. ચાલતા સમયે જે સ્ત્રીની તર્જની એટલે પહેલી આંગળી અંગુઠા ઉપર ચડી જતી હોય તે વ્યભીચારીણી યાને કુલટા, છીનાળ થાય છે. અર્થાત એવી સ્ત્રીની સાથે લગ્ન કરવું નહીં. જેની બંને જાંગો વાળવિનાની હોય તે ભાગ્યશાળી

દેખાય છે. જે સ્ત્રીની જાંગો હાથીની સુંઢની સમાન હોય તે સ્ત્રી પોતાના દિવસો આનંદમાં વિતાવે છે. જેના બંને પગ આગળથી ઉંચા, નખ લાલાસ પર, લાંકની ઉપરનો ભાગ કાચબાની પીઠની પેઠે ઉંચો હોય એવી સ્ત્રીનો પતિ કોઇ રાજાને ત્યાં ઉંચી પદવી પામે છે. જે સ્ત્રીના પગમાં ગલગલીયાં, (ગલીપચી) કોમળતા અને લાલરંગ તમ જ ગરમી (ઉષ્ણતા) રહેતી હોય તે સ્ત્રી પૈસાવાળી થાય છે. જેનાં પગનાં તળીયા કોઇ પણ જાતના રંગ વિનાના, સુકા, ફાટેલા, અને સર્પાકાર હોય તે સ્ત્રી માત્ર થોડા દિવસ જ સુખ પામે છે. કહો કે ભોગવે છે. જે સ્ત્રીના પગની આંગળીઓ પાતળી હોય તે નિર્ધન રહે છે. લાંબી આંગળીવાળી સ્ત્રી જારીણી નિવડે છે. વાંકી આંગળીવાળી દુઃખી અને ટુંકી આંગળીવાળી સ્ત્રીઓ અલ્પાયુષી થાય છે. જે સ્ત્રીના પગથી ચાલતી વેળા ધુળ ઉડતી હોય તે સ્ત્રી કલંકવાળી થાય છે. ચતુર પુરૂષો એવી સ્ત્રીનો પરીત્યાગ કરે છે. અર્થાત તેવી સ્ત્રીઓ સાથે લગ્ન કરવા ઉચીત નથી. જે સ્ત્રીની બંને જાંગો સરલ રોમરહીત, સિસ રહીત હોય તે સ્ત્રીને ભાગ્યશાળી સમજવી. હે શિષ્ય ! જે સ્ત્રીની જાંગોપરના વાળ એક બીજાથી જુદા જુદા રંગના દેખાતા હોય સ્ત્રી અવશ્ય કરીને રાજાની રાણી થાય છે. જેના એક વાળના બે વાળ દેખાતા હોય તે ભાગ્યશાળી અને સુખને ભોગવવાવાળી થાય છે. અને જેના એક રોમ (વાળ) ત્રણ ત્રણ વાળ જણાય તે સ્ત્રી વિધવા થાય છે જે સ્ત્રીની જંઘાઓ એક બીજી સાથે મળી જતી હોય તે સૌભાગ્યવંતી થાય છે. અને જેની જંઘા ઉંચી નીચી નથી હોતી તે પોતાના ધણીનું મંગળ કરનારી થાય છે. જેનાં નિતંબ ગોળ, માંસવેષ્ટીત અને રોમરહીત હોય છે તે સૌભાગ્યવતી નિવડે છે. જેના ઉદરનું ચર્મ ઘણું કોમળ હોય તે સ્ત્રી સુખ ભોગવે છે. જે સ્ત્રીની જઠર, મૃદંગ યાને ઘડાના જેવી અથવા કુષ્માંડના જેવી હોય તે સ્ત્રી પોતાના કુળનો ઘાત કરનાર નીવડે છે. એ નિઃસદેહ છે. જે સ્ત્રીનું ઉદર મોટું વિશાળ હોય તે સ્ત્રીને સંતાન થતાં નથી. જે સ્ત્રીનુ પેટ બહુ લાંબુ હોય તે પોતાના સ્વામીને દુખ દેનારી થાય છે. હે રાજન્ ! જે સ્ત્રીની કટી માંસ રહીત, નીચી, ચપટી અને વાળ ઘણા હોય

તે દુઃખ ભોગવે છે. જે સ્ત્રીના શરીરની રૂવાંટી નાની અને નરમ હોય તે સુખ ભોગવે છે. અને તેથી ઉલટું હોય છે તે દુઃખી બને છે. વળી જે સ્ત્રીના શરીરના રોમ સીધા, અને કાંઇક કાંઇક પીળા હોય તો તે સ્ત્રી જન્મ સુધી દાસી થઇને જ દિવસો વિતાવે છે એ સત્ય માનવું. જે સ્ત્રીના શરીરપરના વાળ મોટા અને છેટે છેટે હોય તે ઘણી દુઃખી રહે છે એમાં શંકા લેવાનું નથી. જે સ્ત્રીની બંને કુખો બરાબર સરખી હોય તે થોડા દિવસ સુખ ભોગવે છે. અને જેની નીચી હોય તે ધન હીણુ રહે છે. મોટી કુખવાળી સ્ત્રી ઘણા પુત્રવાળી થાય છે. અર્થાત રાજપુત્ર પ્રસવીને પોતે સુખથી દિવસો નિર્ગમન કરે છે. હે શિષ્ય જેની કુખ ગોળ ચકરવાળી હોય છે તે સ્ત્રી નોકરી કરીને પોતાનું ઉદર પોષણ કરે છે. જે સ્ત્રીની બંને તરફની પાંસળીયો ઉંચી ઉપસેલી હોય અને નસો ચકમકતી હોય તો તે દુરાચારી થાય છે. અને ઘણા દિવસ સુધી દુઃખ ભોગવે છે જે સ્ત્રીના વાંસા પર ઘણા વાળ હોવા સાથે ગલીપચી થતી હોય તે સ્ત્રીને વિધવાપણું પ્રાપ્ત થાય છે. જેના હૃદયપર રોમ નથી હોતા તે રમણી ઘણા ધનવાળી અને સૌભાગ્યવાળી થાય છે. એ પ્રકારે રતિશાસ્ત્ર વર્ણન કર્યું છે.

હે રાજન! જેનાં વક્ષસ્થળ સમ અવસ્થામાં હોય તો તે હમેશાં આનંદ ભોગવે છે. અને નાચાવાળી ઘણા દિવસો સુધી દુઃખ ભોગવે છે. જે સ્ત્રીના બંને ઉરોજ મોટા અને ઘડાના આકારના હોય તોતે કુલટા બને એ નક્કી છે. જેના યુગ્મ ઉરોજનો અગ્રભાગ મોટો અને મુળ ભાગ ફેલાયલો હોય એવી સ્ત્રી સારી નીવડતી નથી. હે ક્ષત્રીય! જે સ્ત્રીના ઉભય સ્તન પેટની તરફ નીચે નમેલા હોય તો નિશ્ચયથી જાણવું કે તે વિધવા થશે. જે સ્ત્રીનાં બંને સ્તન, ઘન, કિંચીત સ્થુલ, અને બંને બરાબર હોય તે રમણીને સુશીલ અને સૌભાગ્યવતી સમજવી. જે બાળાના ઉરોજ સીધા અને કાંઇક મોટા હોય તો તે બધાથી ઉત્તમ અને અનેક પુત્રવાળી થાય છે. અને જેનું ડાબુ ઉરોજ મોટું હોય તે રમણી કન્યાનો જન્મ આપે છે. જે રમણીના કુચયુગ્મ નીચેથી મોટા અને અગ્રભાગ ક્રમશઃ નાના હોય તો તે બાલ્યાવસ્થામાં સુખ ભોગવી છેવટની વૃદ્ધાવસ્થામાં

દુઃખ ભોગવે છે. જે અબળાના યુગલસ્તનનો આગલો ભાગ શામ રંગનો અને આકાર ગોળ હોય તેને સૌભાગ્યવતી સમજવી. અમારૂં આ કહેવું બીલકુલ સત્ય છે. જે સ્ત્રીની બંને સ્કંધ, મોટી તાજી અને નીચે પડતી હોય તે હમેશા મંગલ કારીણી બની પતિની સાથે સુખ ભોગવે છે. જે સ્ત્રીના કંધ ઉપર વાલ અને પોતે બદશીકલ હોય તો તે વિધવા બને છે. અથવા બીજાને ઘેર નોકરી કરી ગુજારો કરનાર નીકળે છે. જે સ્ત્રીની હથેળી કોમળ રેખાઓ ઓછી અને હાથની આંગળીઓમાં રેખા ન દેખાતી હોય તેવી સ્ત્રીને શાસ્ત્ર જાણુવાવાળાઓ સૌભાગ્યવતી કહે છે. અને જે રમણીના હાથની આંગળીઓ નાની પાતળી, અને એક બીજાથી અલગ અલગ રહેતી હોય એવી સ્ત્રી ઘણા દિવસો સુધી માંદી રહ્યા કરે છે. જે હાથની બધી આંગળીઓ નમેલી, કાંઇક મેલી, પીલી, અથવા છીપની માફક સફેદ હોય તે સ્ત્રી ધનહીણ અને ગરીબડી રહે છે. હે રાજન્! જેની આંગળીઓ રાતા રંગની અને કંઇક લાંબી હોય તેને સારી સમજવી. જે સ્ત્રીના શરીરની નસો અને હાડકાંઓ ચમકતા અને માંસ તો દેખાતું જ ન હોય એવી સ્ત્રીને લાખ વસા ખરાબ જ જાણવી, એમ રતિશાસ્ત્રેનું કહેવું છે. જે સ્ત્રીનું ગળું ગોળ અને ગળાપર ગલીપચી થતી હોય તે સારૂ ફળ આપે છે તે તમારે નક્કી સમજવું. અમારૂં વચન કદાપિ પણ મીથ્યા થતું નથી. જે સ્ત્રીની ગરદન ટુંકી હોય તે ધનવિનાની અને કુલનો નાશ કરનારી થાય છે. અને જો સ્ત્રીની ગરદન મોટી હોય તો તે તેજ મીજાજની થાય છે. એ નક્કી છે જે રમણીનાવાળોનો આગલો ભાગ ઘુઘરીવાળો સાપ ચીકણો અને વાળ કોમળ હોય તે સુખ ભોગવે છે.

જે સ્ત્રીનું માથું ઉંચુ અને સેંથો સાફ ચમકતો હોય તો તે આનંદમાં દીવસો વીતાવે છે. જે સુંદરીની આંખો નીલ કમળના જેવી હોય તે સુખ ભોગવે છે. એમાં શંકા જેવું નથી. જે બાળાની બંને આંખો હરણની માફક કાળા રંગની હોય તે મોટા આનંદ પૂર્વક સુખ ભોગવે છે. અને જેના નેત્ર ઉંચા હોય તે બીલકુલ ટુંકી આવરદા ભોગવે છે. અને જેનાં નેત્ર ગોળ હોય છે તે જરૂર કુલટા બને છે જેની આંખો પીળા રંગની હોય

આંખો નીલ કમળના જેવી હોય તે સુખ ભોગવે છે એમાં શંકા જેવું નથી. જે બાળાની બંને આંખો હરણની માફક કાળા રંગની હોય તે મોટા આનંદ પુર્વક સુખ ભોગવે છે. અને જે-નાં નેત્ર ઉંચા હોય તે તો બીલકુલ ટુંકી આવરદા ભોગવે છે. અને જેના નેત્ર ગોળ હોય છે તે જરૂર કુલટા બને છે. જેની આંખો પીળા રંગની હોય તે સ્ત્રી ગુમાનવાળી થાય છે. અને જેની આંખો કબુતરના જેવી હોય તે ખરાબ ચાલચલગતની સમજવી. અને જેની આંખો અંદરની બાજુ ઉંડી પેસી ગઇ હોય તેને ખરાબ સમજવી. જે વનીતાની આંખો હાથીના જેવી હોય તે સ્ત્રી શુ-શીલા હોય છે. હે રાજન ! આ પ્રમાણે શુભાશુભ લક્ષણો જો-ઇનેજ પાણી ગૃહણ કરવું જોઇએ.

પ્રકરણ ૫ મું.

---*---

મનુષ્યોના લક્ષણ અને જાતિ ભેદ.

જન્મેજય કહેવા લાગ્યા કે હે મહેશ ! હવે મનુષ્ય જાતિના ભેદ અને લક્ષણ વગેરે સાંભળવાની મારી અભિલાષા છે. મારા ઉ-પર આપની કૃપા દ્રષ્ટી છે તો તેનું યથાર્થ વર્ણન કરો. શિવજીએ કહયું કે હે રાજન મનુષ્યની જાતિ ચાર પ્રકારની છે. જેના નામ અનુક્રમે કહું છું તે સાંભળો, પહેલો શશક, બીજો મ્રગ ત્રીજો વૃષ અને ચોથો પ્રકાર અશ્વ જાતિનો છે.

શશક મનુષ્યના લક્ષણ.

શિવજી કહે છે કે શશક જાતિનો મનુષ્ય સત્યવાદી, અનેક ગુણવાલો, પ્રિયવકતા, શાંત સ્વભાવનો, અને મધુર વાણીનો હોય છે. શશક મનુષ્ય હમેશા સજજન મહાનુભાવોનો સત્સંગ કરવાને અ-ભિલાષી રહે છે, તેમજ તેનું શરીર સર્વાંગ સુંદર અને ઇશ્વરનો પરમ ભકત હોય છે. આ જાતિના મનુષ્યનું શરીર મધ્યમ કદનું હોય છે વળી તે મનુષ્ય દ્વીજભકત, ગુરૂ ભકત, પરોપકારી હોવા સાથે તેનું મન હમેશા પરસ્ત્રીથી વિમુખ રહે છે. તેની વાણી ગંભીર હોય છે અને જેનું મન પાપ કર્મ તરફ કદી પણ પ્રવર્તતું ન-થી. હે રાજન ! આ પ્રમાણે શશક જાતિના મનુષ્યનાં લક્ષણો છે

મૃગ જાતિના પુરૂષનાં લક્ષણ.

શિવજી બોલ્યા હે ભક્ત ! હવે હું મૃગ જાતિ પુરૂષના લક્ષણ કહું તે સાંભળ. આ જાતિનો પુરૂષ હાસ્યવદની ઉંચા કદનો બળવાળો અને હમેશાં નાચ અને ગાવા બજાવવામાં ખુશ રહે છે. જેનું શરીર પણ સુદ્રઢ હોય છે. હે રાજન ! વળી જેની આંખો હરણની માફક ચંચલ હોય છે વળી વિશેષ આહારી અને દેવતા તથા ગુરૂ જનો પ્રતિસદૈવ ભકિત વાળો હોય છે. અતિથીઓને યથા શક્તિ દાન આપનાર, ભુખ્યા તરસ્યાની સંભાળ લેનાર તેમજ ગુરૂઓની યથા શક્તિ પુજા કરવામાં હર હમેશ આ મૃગ જાતિનો પુરૂષ પ્રવર્તે રહેછે. વળી કૃષ્ણ ભક્ત હોવા ઉપરાંત કૃષ્ણ કથા અને કૃષ્ણ કીર્તન સાંભળવાની જેને પ્રબળ ઇચ્છા રહ્યા કરે છે. આ પ્રમાણે મૃગ જાતિ પુરૂષનાં લક્ષણો છે.

વૃષ જાતિ પુરૂષના લક્ષણ.

શિવજી વિશેષમાં કહેવા લાગ્યા કે હે રાજન ! શશક અને મૃગજાતિનાં લક્ષણો વર્ણવ્યા. હવે હું તને વૃષજાતિ પુરૂષના લક્ષણો સમજાવું છું તે તું સાવધાન થઇને શ્રવણ કર. વૃષ જાતિના મનુષ્યનું; અંગ સુંદર કદ કાંઇક નાનું (ઠીંગણું) હોય છે વળી તે કુટુંબનો પોષક, શીલ સ્વભાવવાળો અને ગુણવાન હોય છે. જેના વદન મ્હોડામાં સોપારીના જેવી ગંધ આવતી હોય, જેની જીભ લાંબી હોય એવા પ્રકારના મનુષ્યનેજ વૃષ જાતિનો સમજવો. જેના બંને પગ નાના અને કોમળ (ગલીપચી થાય તેવા) હોય, બેશરમી, સ્ત્રીઓને જોવાથી જેનું મન ચલાયમાન થઇ જાય, પાપ કરવામાં જેનું મન ડરે નહી એવા મનુષ્યની વૃષ જાતિમાં ગણના થાય છે. વળી હે રાજન ! એ પુરૂષ ઘણું સુતો પણ નથી. જેનું મન હમેશાં પર સ્ત્રી ગમન કરવામાં લાગી રહે છે. ઇત્યાદિ લક્ષણો વૃષ જાતિ મનુષ્યના છે. હવે અશ્વજાતિ પુરૂષના લક્ષણ સંભળાવું છું તે ધ્યાન આપીને સાંભળવાને તત્પર થા.

અશ્વ જાતિ પુરૂષના લક્ષણ.

શિવજીએ કહ્યુ હે રાજન ! અશ્વ જાતિના મનુષ્યનું શરીર ખ-

રાબ, મ્હોઠું મોટું, ચાલ ઉતાવળી, મન નિડર અને પોતે વ્યભીચારી હોય છે અને વળી આ જાતિના મનુષ્યનો વર્ણ કાળો હોવા ઉપરાંત તે મનુષ્ય મહા પાપી, કામાંતુર, ધર્મહીન, અને બીજાઓનું ભુંડું કરવામાં સદા તત્પર રહે છે. આ જાતિના મનુષ્યનુ શરીર મોટુ, સ્વભાવ ટંટાખોર, મીજાજ તુંડ અને રાત્રી દીવસ રમણી દર્શનનો અભિલાષી રહે છે. ઉપરના લક્ષણવાળા પુરૂષની હે રાજન્ અશ્વજાતિમાં ગણના કરવી એ પ્રમાણે ચાર પ્રકારના મનુષ્યના લક્ષણ તને કહ્યા. તે સિવાય બીજું કાંઇ વિશેષ જાણવાની જીજ્ઞાસા હોય તો કહે હું તે ઇચ્છા પરીપુર્ણ કરીશ.

મનુષ્યના શુભ અશુભ ચિન્હોનું કથન.

જન્મેજયે સવિનય પ્રાર્થના કરી કહ્યું કે હે કરૂણામય ત્રીપુરારી! હવે મને મનુષ્યોના શુભ અશુભ લક્ષણો જાણવાની પ્રબળ ઇચ્છા છે તો કૃપા કરીને તે કહી બતાવો.

મહાદેવજી કૃપાવંત થઇ બોલ્યા હે જન્મેજય રાજન! હું તને સંક્ષીપ્તમાં મનુષ્યોના શુભાશુભ લક્ષણ કહી બતાવું છું તેનું એકાગ્રચિતથી શ્રવણ કરી જ્ઞાન પ્રાપ્ત કર.

જે મનુષ્યની હથેલીમાં ત્રાજવું (કાંટો) ગ્રામ, અથવા વજનું ચિન્હ દેખાતું હોય તે પુરૂષ લક્ષ્મીવાન, સુખી, અને લાંબુ આયુષ્ય ભોગવનારો થાય છે, જેની હથેલીમાં અષ્ટકોણ, કમળ, અને તલવાર આદિના ચિન્હ દેખાતા હોય તે આ દુનિયામાં ઘણોજ પૈસા વાળો થાય એ નિઃસંદેહ છે. જે પુરૂષનાં પગનાં તળીયામાં અંકુશ, મીનરેખા (માછલાનું ચિન્હ) અને ધ્વજાનું ચિન્હ હોય તે સર્વ સુખી, દીર્ઘજીવી અને ધનવાન થાય છે. જેના પગના તળીયામાં ચક્ર, કમલ, તોરણ આદિ ચિન્હ નજરે પડતા હોય તે મનુષ્ય અવસ્ય રાજા બને છે. જેના બંને પગના ગુલ્ફ (ઘાંક) ઢંકાયલાં હોય, તેમજ પગની નીચે કમળના જેવું ચિન્હ હોય તે સ્ત્રિઓનો પ્રિતિપાત્ર અને લક્ષ્મીવાન થાય છે. જેના પગના તળીયા સુપડાની માફક અને ફુટેલા હોય તેને દરિદ્રી જાણવો, એમા શંકા લેવા જેવું નથી.

જે પુરૂષની નાભી ગંભીર, ખુબ સુરત, અને માછલીના આ-કારની હોય તે અનેક પ્રકારની વિદ્યાવાળો અને જીવન પર્યન્ત સુખ ભોગવનાર થાય છે. જે પુરૂષનું પેટ એક સરખું હોય તે ભોગ ભોગવે છે. અને જેનુ પેટ ઘડાની પેઠે આગળ નીકળી રહ્યું હોય તે ધન હીન થાય છે.) જેનું પેટ સાપની માફક પાતલું હોય તેને નીર્ધન સમજવો. જેના પેટ ઉપર ત્રીવલી (ત્રણ આકાગ પડતી હોય તે ચિરંજીવી થાય છે. જે મનુષ્યનું પેટ થાલીની પેઠે ગોળ આકારનું અને સાપની પેઠે લાંબુ અને દુર્બળ હોય તે મનુ ષ્ય જીંદગી પર્યન્ત દુઃખ ભોગવે છે.

જે માણુસની દુટીમાંવાળ, હોય અને તે નસોથી ઘેરાયલી હોય તે અશુભ લેખાય છે. જેનાં કમર સિંહના જેવી પાતળી હોય તે કોઇ પણ રાજ્યમાં હોદ્દા ઉપર નિયત થાય છે. અને જેની કમર વાંદરાના જેવી હોય તેને દરિદ્રિ જાણવો. જેના પેટ ઉપર માત્ર એકજ આંકો (વલી વાટો, પડતો હોય તે બરાબર સો વર્ષનું આયુર ભોગવે છે. બે વાટા પડતા હોય તે લક્ષ્મીવાન થાય છે તેમજ ત્રણ વાટા પડતા હોય ને રાજા થાય અથવા કોઇ પણ ઉંચા હોદ્દા પર આવે અથવા કોલેજ આદિમાં પ્રીન્સીપાલની જગાને પ્રાપ્ત કરે. જે મનુસ્યના પેટની વલીઓ એટલે આંકા અથવા વાટા કાંઇક વાંકા હોય તે અનેક સ્ત્રીઓથી વિલાસ ભોગવે. જેની પાંસળીઓ મોટી હોય તેને રાજ તીલક પ્રાપ્ત થાય છે જે મનુસ્યના પેટ ઉપરના રૂવાટાં કોમળ દેખાવમાં સુંદર અને સીધી બાજુએ નમેલા હોય તો તે મનુસ્ય રાજાની પદવી પામે છે. જેના પેટ ઉપરનાં રૂવાઠાં, મોટા ખરાબ, ડાબી બાજુએ વળેલા હોય તે દાસ્યત્વમાં જીંદગી ગુ-જારી દિવસો દુઃખમાં ગાળે છે. જે મનુષ્યની બગલ પીંપલાના પાંદડાના આકાર જેવી, સુગંધીજ અને ઉપરની બાજુએ રૂવાંટી વાળી હોય તે પુરૂષ સારા લક્ષણવાળો જાણવો. બગલમાં ઘણો પશીનો અને દુર્ગંધ આવતી હોય તે સારૂં નહી. જે માનવીનું હૃદય દ્દઢ, ઉંચુ, આગળ પડતુ અને કોઇ પણ ઘટનાથી કંપીત ભયભીત થતું ન હોય તેને રાજ તીલક થાય છે. જેના પેટ ઉપરન

વાળ મોટા, નસો ઉત્તમ રીતે ચળકતી હોય તે પુરૂષ પોતાના દિવસો ઘણા દુઃખમાં નિર્ગમન કરે છે. જેની છાતી એક સરખી હોય તે ધનવાન અને મોટી છાતીવાળો બહુ પરાક્રમ શાળી યોદ્ધો થાય છે. જેની છાતી ઉંચી નીચી હોય તેને ધનહીણુ સમજવો. એ સત્ય છે. આમાં એક પણ વાક્ય જુઠુ નથી. રતિ શાસ્ત્રમાં એવા પ્રકારનું વર્ણન છે કે જેના બંને સ્કંધ કેસ્રાની પેઠે એટલે ગજસ્કંધ સમાન હોય તે રાજા થાય છે. જેના સ્કંધ પશુઓના સ્કંધની માફક અથવા હાથીના સ્કંધની માફક હોય તેને સર્વ સુખી, ભાગ્યવાન રાજાની સમાન માનવો. જેની બંને ભુજાઓ પાતલી, કાંઇક વાંકી અને લાંબી હોય તો હુ તેને ઉતમ પ્રકારે મંગલકારી સમજુ છું. જેની બને ભુજાઓ બહુ લાંગી હોય તે ચક્રવર્તી રાજા થાયછે. જેની ભુજા પાતળી, રોમવાળી, નાની એવી હાથીની સુંઢના સમાન હોય તે ઘણું ઉત્તમ છે. જેના હાથ નાના વાંદરાના હાથના જેવા હોય તે નિર્ધનજ થાય છે, જેના હાથ સિંહના હાથના જેવા હોય તે પરાક્રમી યોધ્ધો થાય છે. જેના હાથનું માંસ કાળા રંગનું હોય તેને ચોર સમજવામાં શંકા લેવી નહી. જેના હાથની રચના ઘણી જ મનોહર અને તેમાંથી સુગંધ આવતી હોય તે કોઇ રાજ્યમાં ઉંચો હોદો ભોગવે છે. મુઠીવાળતા કિંચીત અવાજ થતો હોય, આંગળીઓ એક બીજાથી મળે નહી એટલે અડે નહીં, એવાઓને નિશ્ચય કરી દરિદ્રી જાણવા. જેની હથેળી નીચી હોય તે પોતાના બાપ દાદાના ધનનો નાશ કરે. જેની હથેળી બરાબર એક સરખા આકારની સમાન, અને નીચી હોય તે ભાગ્યવાન અને ધનવાન થાય છે. જે પુરૂષની હથેલી ઉપસેલી હોય તે દાની નીવડે છે જેની વિષમ હોય તે ભાગ્યહીન અને કુળનો નાશ કરનાર નીપજે છે. જેના હાથની હથેલી અને સ્તન લાખના રંગની પેઠે રકત વર્ણ હોય તે ધનશાળી, પીળા રંગની હોય તે વ્યભીચારી અને જેની હથેલી સુકી તેમજ નિરસ હોય તે દરિદ્રી થાય છે. જેના હાથની આંગળીઓનો અગ્ર ભાગ પાતળો હોય તે બુદ્ધિવાન બને છે. મોટી આંગળીવાળો દરિદ્રી, અને જેના હાથની બધી આંગળીઓ બારીક અને પાતળી હોય તે વિનયી, વિવેકી અને નમ્રસ્વભાવનો નીપજે

છે. જેના હાથના અંગુઠાની મધ્ય ભાગમાં અથવા તો અંગુઠાના મુળ પાસે રાતા રંગનું જવના દાણાનું ચિન્હ દેખાતું હોય તે લક્ષ્મીવાન અથવા તો રાજા બને છે જેની આંગળીઓના વેઢા-ભાગે સઘળા લાંબા હોય તે પુત્રશાળી નીવડે છે. જેના હાથની આંગળીઓ એક બીજાથી અલગ અલગ રહેતી હોય તે આયુષ્યવાન પુત્ર પૌત્રાદીયુકત ભાગ્યવાન અને સુખી રહે છે. જેની આંગળીઓ એક બીજાથી મળી ગઇ હોય તેને લક્ષ્મીવાન સમજવો, જેના ૫ હોંચાની નીચે એક સાથે ત્રણ રેખાઓ દેખાતી હોય તે ધનવાન થાય છે. જેનો અંગુઠો ઉંચો, ગોળ, હોય તે સર્વસુખી, અને જેનો અંગુઠો વાંકો, નાનો અને ચપટો હોય તે ભાગ્યહીન રહી દુખ ભોગવે છે. જેના સઘળા નખ અનાજના છોતરાની પેઠે નાના હોય તે નપુંસક થાય છે. જેના નખ વાંકા અને કદરૂપા સફેદ રંગના હોય તે દરિદ્રી થાય છે. અને જેના ભુરા રંગના ખરાબ હોય તે પર નીંદાને પાત્ર થાયછે. જેનો ચહેરો કાળાશપર, સુઘડ અને સૌમ્ય-શાંત હોય તે રાજાની પદવી પ્રાપ્ત કરે છે. તેમજ જેનું શરીર મેલું, સુસ્ત અને ઢીલું હોય તે દીર્ઘકાળ સુધી દુખ ભોગવે છે. જેનું વદન જોવામાં ભયંકર તે ભાગ્યહીન અને ગોળ મુખવાળો ધનવાન થાય છે. જેનું વદન લાંબુ તે દરિદ્રી અને જેનું મ્હોં ચિકણું, સુગંધીત અને ગોળ હોય તે સઘળા માનવીઓમાં ઉત્તમ થાય છે. જેનું શરીર ચંદ્રમા સમાન સુંદર હોય તે ધર્માત્મા અને હરણ તેમજ ઉંદરના જેવા લાંબા મ્હોડા વાળા મનુસ્ય ભાગ્યહીન રહે છે. જેનું મુખડું હસતું કમળ સમાન ખીલેલું હોય તે પુત્ર પૌત્ર ધન ધાન્ય આદિથી સંપુર્ણ રહી સુખ ભોગવે છે. જે પુરૂષ કદાપિ પણ હસતો નહોય અને ચહેરા ઉપર હમેશ સુસ્તીજ રહ્યા કરતી હોય તે જીંદગી સુધી દુઃખ ભોગવે છે. જે પુરૂષના માથાનો ભાગ છત્રીની સમાન હોય તેને રાજ તીલક મળે છે. જેનું માથું લાંબુ હોય તે દુખી રહે છે. જેનું મસ્તક મોટું હોય તે પુણ્યશાળી અને ધનશાળી થાય છે. જેનું મસ્તક ત્રીશુલાકાર હોય તે માણસ જરૂર રાજ ગાદી ઉપર આવે છે. યદિ મસ્તક નાનુ અને લાંબુ હોય તો તે દુઃખ ભોગવે છે અને જે કોઇનું શીર હાથીના માથાના જેવું

હોય તે નિઃસંદેહ રાજા થાય છે. હે શિષ્યો જે મનુષ્યના માથામાં શીખાવાળો ભાગ ઉંચો અને નસવાળો હોય તો તે આ દુનિયામાં ભોગ વિલાસ ભોગવે છે જેના વાળ કાળા, કોમળ, ચીકણા અને એક બીજાથી અલગ અલગ હોય અર્થાત માથામાં તાલ હોય, મસ્તક પર વાળ થોડા હોય તે રાજપદને પામે છે. જેની આંખો લાલ વર્ણની અથવા સિંહની આંખોની તુલ્ય હોય તે અતી વીષચી અને તેજ મીજાજનો થાય છે. જેની આંખો કુકડાના જેવી ધણી સારી હોય તે પરોપકારી ધન રૂપ લક્ષ્મી આદી સર્વ ગુણ સંપન્ન થાય છે. જેની આંખો કપીલવર્ણ એટલે કાંઇક પીળી હોય તે ધન શાળી થાય છે. જેની પાપણો કાળી, ચોકણી અને હલકી હોય તે ભાગ્યશાળી લેખાય છે. જેની પાપણો ભારે હોય તે ખરાબ ગણાય છે. જેની બંને ભમરોની વચમાં કોઇ પણ પ્રકારનું ચિન્હ માલમ પડે તે મનુષ્ય કોઇ દિવસ પણ બીજાનું ભુડું કરતો નથી. અને રાજા પણ તેને વશીભુત રહે છે. હે જન્મેજય ! મેં તને મનુષ્યોના શુભાશુભ લક્ષણો વર્ણવી બતાવ્યા તે ઉપરાંત તને બીજું કાંઇ સાંભળવાની કે જાણવાની ઇચ્છા હોય તો કહે કે તારી તે ચ્છા હું પરિપુર્ણ કરૂં.

પ્રકરણ ૬ ઠું.

—*—

નાયકાભેદ.

રાજા જન્મેજય કહેવા લાગ્યા કે હે મહારાજ ! કૃપા કરી ને હવે નાયકા ભેદનુ વર્ણન કરો કારણ કે મને તે સાંભળવાની ઇચ્છા છે. કૈલાસપતિ મહાદેવ બોલવા લાગ્યા કે હે રાજન ! હવે નાયકાભેદ જણાવું છું માટે સાવધાન થઇને સાંભળ. આ સંસારમાં નવ પ્રકારના રસ છે તેમાં શ્રૃંગાર રસ સઘળા રસમાં ઉત્તમ છે અને વળી શ્રૃંગારરસમાં નાયકા ભેદ એ પ્રધાન છે. નાયકા ત્રણ જાતની જાણવી. ૧ સ્વકીયા, ૨ પરકીયા ૩ સામાન્યા છે.

૧ સ્વકીયા કોને કહેવી તો કે તે પોતાના પતિના સુખમાં સુખ અને દુઃખમાં દુઃખ માને એ સ્વકીયા કહેવાય.

૨ જે પોતાનો પતિ છોડી દઇને પરપુરૂષ સાથે પ્રેમ કરે તે સ્ત્રીને પરકીયા સ્ત્રી જાણવી.

૩ જે સ્ત્રી પૈસાના લોભથી પર પુરૂષ સાથે પ્રીતી કરે તે સ્ત્રીને સામાન્યા એટલે વેશ્યા જાણવી.

સ્વકીયાના લક્ષણ.

હે રાજન સ્વકીયા સ્ત્રી પોતાના પતિની હમેશાં સેવા કરે છે. ઘણોજ શીળો સ્વભાવ હોય છે. તથા લાજ આબરૂની બહુ દર-કાર રાખનારી હોય છે. પોતાના પતિને દેખતાની સાથે મંદ મંદ હસવા વાલી તથા પ્રિય વચન બોલવા વાળી હોય છે. ધીમા અ-વાજવાળી, ક્રોધ રહિત અને કદાચ ક્રોધ કરે તો મનમાને મનમાં તેનું નિરાકરણ કરી નાંખે પરન્તુ તે જાહેરમાં જણાવા દે નહિ તે સ્ત્રી સ્વકીયા કહેવાય છે. વળી સ્વકીયા સ્ત્રીમાં ત્રણ પ્રકાર હોય છે ૧ મુગ્ધા. ૨ મધ્યા, ૩ પ્રગલ્મા.

મુગ્ધા સ્ત્રીનું વર્ણન.

જેના શરીરમાં તારૂણ્યની આછી આછી ઝલક ઝલકી રહે છે. યુવાવસ્થાના ચિન્હો શરીરમાં પ્રકટ થવા પામે છે પરન્તુ શાન્તિ દુર થઇને ચંચલતા જેનામાં આવી જાય છે અને જેઓમાં ભોળપણ હોતું નથી તેવી સ્ત્રીઓને મુગ્ધા કહેવામાં આવેછે. હે રાજન ! મુગ્ધા પણ બે પ્રકારની હોય છે.

૧ અજ્ઞાત યૌવના, ૨ જ્ઞાત યોવના.

અજ્ઞાત યૌવનાનાં લક્ષણ.

અજ્ઞાત યૌવનનાના લક્ષણ માટે એક બાળા બીજી બાળાને પુછે છે કે આજ તારી કેવી હાલત થઇ ગઇ છે ત્યારે અજ્ઞાતયૌવના બોલી કે હે સુંદરી આજ હું બહુ વિચારમાં પડી ગઇ છું કારણ કે કાલે મારા સ્થન કાચી કેરી જેવા હતા તે આજે નાની સોપારી જેવડા લાગે છે તે જોઇને મને દહેસત લાગે છે કે મારી શુધ્ધી બુધ્ધી જતી રહી છે અને કોણ જાણે મારા પર કયા પ્રકારની ઉપાધી આવી પડી છે કે હું હમેશાં ચીંતામાં રહુંછું આવા ચિન્હો વાળી સ્ત્રીને અજ્ઞાતયૌવના કહેવામાં આવે છે.

જ્ઞાત યૌવનાના લક્ષણ.

હે રાજન ! જે સ્ત્રીના શરીરમાં તરૂણાવસ્થા માલૂમ પડ-

તી હોય તેવી સ્ત્રીઓને જ્ઞાતયૌવના કહેવાય છે. દાખલા તરીકે જેનું શરીર જોઇને દરેક માણસનું મન ચલાયમાન થઇ જતું હોય તથા તે સ્ત્રીને જોઇને અન્ય સ્ત્રીઓના અંગ જાણે કે મરી જતા નહોય તેવું જણાય અને પોતાનું શરીર દેખીને લજ્જા કરતી હોય તેવી સ્ત્રીને જ્ઞાતયૌવના કહેવાય છે.

નવોઢા સ્ત્રીનાં લક્ષણ

જે સ્ત્રીનું બચપણમાં સગપણ થઇ જાય, જેને પોતાના પતિની કથા ઠીક ન લાગતી હોય, ડરકણું અને સંનમાં સંકોચ કરવા વાળી હોય તેને નવોઢા સ્ત્રી કહેવામાં આવે છે. હે રાજના નવોઢા સ્ત્રી હમેશાં નવીનવસ્ત્ર, અને ઘરેણાની ઇચ્છા કરેછે. અને તેના મનમાં એટલી બધી શરમ હોય છે કે તેના જેવી બીજી કોઇ શરમ રાખી શકતા નથી. દાખલા તરીકે જે સ્ત્રીનું રૂપ રતી સ્ત્રીના કરતાં અધિક હોય. જેના કેસ સુંદર હોય, જેનો ચહેરો મનને આનંદ પમાડતો હોય, પ્રિયવચન બોલનારી હોય, જેનું રૂપ સુવર્ણ જેવુ હોય, ચંપાની સુગંધ માફક જેનું શરીર સુગંધમય હોય, આભુષણ સિવાય જેનું અંગ અતી રમણીય દેખાતુ હોય અને પોતાના પતિ જોઇને જે સ્ત્રી નાશી જતી હોય તેવા ગુણવાળી સ્ત્રીને મુગ્ધા સ્ત્રી કહેવામાં આવે છે.

મધ્યાસ્ત્રીનાં લક્ષણ.

જે સ્ત્રીનું હૃદય પોતાના પતિ પાસ જવાનો વિચાર કરતાં કંપી ઉઠતુ હોય અને જ્યારે તે તેના પતિનું મુખ જોવા ઇચ્છે છે ત્યારે શરમને લીધે તેની આંખો બંધ થઇ જાય છે અને જ્યારે તેના પતિ સામે બોલવા ધારે છે ત્યારે તેનું ગળું જાણે બંધ ન થઇ જતું હોય તેમ થાય છે. વળી જે સ્ત્રીનો કામદેવ જાણે કે પોતાના પતિ સામે લાજ છોડી ઉભા રહેવા ફરજ ન પાડતો હોય તેમ લાજ છોડી ન શકાતી હોય તેવા ગુણવાળી સ્ત્રીને મધ્યા સ્ત્રી કહેવામાં આવે છે.

પરકીયા સ્ત્રીનાં લક્ષણ.

એક સમયે એક સ્ત્રી અને પુરૂષ બન્ને વાતચીત કરતા હતા ત્યારે તે સ્ત્રી બોલી કે મારા શરીરપર હાથ ન લગાવશો મારી

ચોળીના બંધ તુટી જશે. સાડીની દુર્દશા જોઇ મારી સાસુ ગુસ્સે થશે, મારા ગાલ પર થયેલી નીશાનીથી મારી બહેનપણીઓ મારી મશ્કરી કરશે, મારી ઓળખાણ પીછાનવાળી કોઇ બહેનપણી આવતી હશે માટે કૃપા કરી મને છોડો હું તમારે પગે પડુ છું. એવા ચરીત્રવાળી સ્રીને પરકીયા સ્રી કહેવામાં આવે છે. રાજન !

ગુપ્તા સ્રીનાં લક્ષણ.

જેનું શરીર કંપી ઉઠતું હોય, સીસકારી કરતી હોય, હોઠને ચાવતી હોય, શરીરના સઘળા રોમ ઠંડાગાર થઈ જતા હોય જેનું શરીર જોઇ પર પુરૂષના મનમાં પ્રેમ ઉત્પન્ન થતો હોય તેવી સ્રીને ગુપ્તા સ્રી કહેવામાં આવે છે.

સ્વયંદૂતિનાં લક્ષણ.

એક ભાટ એક દિવસે સાંજે ચાર વાગે પોતાના ઘરે જતો હતો ત્યારે એક સ્રી બોલી હે ભાટ ! અત્યારે સાંજ પડવા આવી છે માટે તમે તમારા ઘરે પહોંચી નહિ શકો માટે કૃપા કરીને આ મારા ઘરે આજ રહી જાઓ. રાત્રી સુખેથી ગુજારી સવારે ચાલ્યા જજો એવા આચારવાળી સ્રીને સ્વયંદૂતિ કહેવામાં આવે છે.

લક્ષિતા સ્રીનાં લક્ષણ.

વ્હાલી બહેન ! તું શા માટે છુપાવે છે. જો કપાળમાં પીળ ભુસાઇ ગઇ છે, બન્ને અધર ખંડીત થઇ રહ્યા છે, વેણી વીખરાઇ ગઇ છે. સીંદૂરનો સેંથો ફેલાઇ ગયો છે. ચોળી ઢીલી થઇ ગઇ છે. અને મુખપર કાંઇ જુદોજ ભાવ માલુમ પડે છે. સત્સંગ સિવાય આમ થાય નહિ. આવા આચારવાળી સ્રીને લક્ષિતા સ્રી જાણવી.

પ્રકરણ ૭ મું.

સ્રી પુરૂષનો મિલાપ.

હે જન્મેજય ! તમને સ્રી ભેદનું વર્ણન કરી બતાવ્યું હવે હુતમોને કઇ સ્રી સાથે કયા પુરૂષનો મિલાપ થવો જોઇએ તેનું વર્ણન કરી બતાવું છું. શશકત પુરૂષ સાથે પદ્મિનીસ્રીનો વિવાહ

થાય તો તેઓ લક્ષ્મી અને નારાયણના જેવાં સુખી કહેવાય; ચિત્રિણી સાથે મૃગજાતિના મનુષ્યનો વિવાહ થાય તો તે ઘણાંજ સુખી થાય અને ઇંદ્ર તથા ઇંદ્રાણી જેટલાં સુખી ગણાય, હે રાજન! સ્ત્રીઓની ત્રીજી જાત સંખણી છે તેની સાથે વૃષભજાતિના પુરૂષનો વિવાહ ઠીક ગણાય અને તેથી તેઓ બન્ને ઘણાં શોભાને પાત્ર થાય તથા તેઓ કામદેવ અને રતિ સમાન ગણાય. હે રાજન! હવે હું જે વર્ણન કરૂં છું તે તમે સાવધાન થઇને સાંભળો. ચોથી જાતની સ્ત્રીને હસ્તિની કહેવાય છે તેનુ બીજું નામ અશ્વપતિની કહેવાય છે. તે જાતની સ્ત્રીનો વિવાહ અશ્વજાતના પુરૂષ સાથે થાય તો તેઓનો સંસાર સુખ રૂપ નીવડે એમાં જરા પણ સંદેહ નથી અને તેઓ લંકાધિપતિ રાવણ અને મંદોદરી સમાન સુખી ગણાય આ પ્રમાણે રાજન જે તમને સાંભળવાની ઇચ્છા હતી તે કહી સંભળાવ્યું છે. હવે તમારી શું સાંભળવાની ઇચ્છા છે તે જણાવો એટલે તેનું વર્ણન કહી બતાવું.

પ્રકરણ ૮ મું.

દૂતીના લક્ષણ.

જન્મેજય બોલ્યા હે નાથ? હવે દૂતી અથવા વ્યભિચારિણી સ્ત્રીઓના લક્ષણ, ચરિત્ર, હાવ, ભાવ, કટાક્ષ વગેરેનું વર્ણન કરો ત્યારે શિવજી કહેવા લાગ્યા કે હે રાજન! હજાણા સહુથી પહેલું દૂતીના કર્મનું વર્ણન કરૂં છું તે સાંભળ. હે રાજન! દુષ્ટ વ્યભિચારી પાપી મનુષ્યો બાળકીઓ તથા અજ્ઞાન સ્ત્રીઓને જેઓની મારફતે બગાડે છે તેને દૂતી કહેવામાં આવે છે. ૧ હજામડી ૨ ધોબણ ૩ કુંભારી ૪ ભંગડી ૫ ભિખારણી ૬ નોકરડી ૭ માલણ વગેરેને જેઓની મારફતે ઘરમાં આવનાર જનાર સ્ત્રી પુરૂષોને પાપી જનો બગાડે છે તેને દૂતિ કહેવામાં આવે છે. માટે ગ્રહસ્થોએ એવા માણસોનો બીલકુલ વિશ્વાસ રાખવો નહિ અને કુચાલ ચાલનારાઓને પોતાના ઘરમાં બીલકુલ આવવા દેવા નહિ જોઇએ.

સ્ત્રીઓનું નાશ થવાનું કારણ.

૧ સ્વતંત્રતાથી પિતાનાં ઘરેમાં ૨ સ્ત્રીને રહેવાનુ થતું હોય ૨ મેલા, તમાસામાં બહુજ જવા આવવાનુ થતું હોય, ઘેર ઘેર રખડતું થવાનું હોય, પરદેશમાં બહુજ રહેવાનુ બનતુ હોય. કુલટાઓ (ખરાબ ચાલ ચલગતવાળી) ની સાથે વધારે રહેવાનું થતુ હોય અને તેમની સાથે વાતચીત કરવાનુ બહુજ બનતું હોય પોતાના ધણીથી જુદી રહેતી હોય, પારકા ઘરે રાત્રી દિવસ રહેતી હોય અને વિવાહ, લગ્ન વગેરે પ્રસંગે ખરાબ ગીતો ગાવાનું થતું હોય તેવા આઠ કારણો સ્ત્રીઓને બગાડનારા છે. માટે ઉપર વર્ણવેલી આઠ બાબતોથી દરેક મનુષ્યે પોતાની સ્ત્રી તથા સંતતીને બચાવવી જોઇએ.

સ્ત્રી ચરિત્ર.

હે રાજન ! હવે સ્ત્રી ચરિત્ર આપને કહી સંભળાવું છુ માટે ધ્યાન દઇ સાંભળો એક સુરેન્દ્ર નામનો પુરૂષ સાંજના વખતે પોતાના ઘરેથી દારૂ પીવાને માટે જતો હતો તેવામાં રસ્તામાં સ્વામી 'પ્રકાશાનંદ' નામના એક સન્યાસી મલ્યા અને પૂછયું કે હે ભકત તું કયાં જાય છે. સુરેન્દ્રે સ્વામીજીને નમો નારાયણ કર્યાં ત્યારે સ્વામીજીએ નારાયણ હરી કહી સામો ઉત્તર આપ્યો. સુરેન્દ્રે મહારાજને કહ્યું કે આપની શું આજ્ઞા છે. સ્વામીજીએ કહ્યું કે ગૃહસ્થોના ઘરમાં આસન, સ્થાન, જલ અને સત્યવાણી એ ચાર બાબતો નિવાસ કરે છે. અત્યારે સાંજનો સમય થઇ ગયો છે અહિં નજદીકમાં રાત્રી રહેવા જેવું કોઇ સ્થાન દેખાતુ નથી માટે મને એક રાત્રી રહેવાનુ સ્થાન બતાવશો એવી મારી આજ્ઞા છે. સુરેન્દ્રે કહ્યું મહારાજ આજ એક રાત્રી મારે ઘરે નિવાસ કરી મારા ઘરને આપ પવિત્ર કરો. હે રાજન ! સુરેન્દ્ર તે સ્વામીને પોતાના ઘરે લઇ ગયો. સુરેન્દ્રે સ્વામીજીને સ્થાન આપીને પોતાની 'માયાવિની' સ્ત્રીને કહ્યું કે આજની રાત્રી સ્વામિજી આપણે ત્યાં રહેવાના છે માટે સારાં સારાં ભોજન બનાવજે અને પછી તેમને ભોજન કરાવી બહાર પાટ ઉપર ગાદલુ બીછાવી સુવાની ઓઢવણ કરી આપજે. હું મારે એક કામ છે માટે બહાર જાઉંછું એ પ્રમાણે સુરેન્દ્રે માયાવિની સ્ત્રીને કહીને ઘરથી બા-

કયો ગયો. સુરેન્દ્રના ચાલ્યા ગયા પછી માયાવિનીએ સ્વામિને કાંઇ પૂછવું કર્યું નહિ. બીચારા સ્વામીજી ભુખ્યા, તરસ્યા એક ખાટપર પડી રહ્યા અને માયાવિની સ્ત્રીનું ચરિત્ર જોવા માંડયું. માયાવિની એ પોતાના આભુષણ સજી, રંગ બેરંગી કપડા પહેરી રાધાકાન્ત નામના એક વ્યભીચારી પુરૂષને ત્યાં ચાલી. ઘરથી થોડે દૂર માયાવિની ગઇ નહિ હોય એટલામાં સામેથી તેના ધણીને દારૂ પીને મસ્ત થયેલો ઝુલતો ઝુલતો આવતો જોયો. જોતજોતામાં એક બીજાની નજર એકઠી થઇજવા પામી કે તુરતજ માયાવિની પોતાના ઘર તરફથી પાછી ફરી અને પોતાના શ્રૃંગાર ઉતારવા લાગી અને પોતાના જુના કપડાં પહેરતી હતી એટલામાં સુરેન્દ્ર એકદમ ઘરમાં આવી પહોંચ્યો અને ક્રોધાતુર ચહેરે માયાવિનીને કહેવા લાગ્યો કે હે કુલટા, પાપીણી હું ઘણા દિવસથી સાંભળું છું કે તું મહાવ્યભિચારીણી છે. પણ હું તે સત્ય માનતો નહતો આજે મેં તેને બરાબર મારી આંખોથી જોઇ છે એમ કહી તેને ખુબ મારવા લાગ્યો અને પછી થોડો વખત ગયા બાદ સુરેન્દ્રે માયાવિનીને એક લોઢાના લઠ્ઠા સાથે બાંધી દીધી અને સુરેન્દ્ર નીશામાં ચકચુર બનેલો હતો તેથા બેહોશ થઇ પડી ગયો એટલામાં રાધાકાન્તે મોકલેલી ચંપા નામની એક હજામડી માયાવિનીને બોલાવવા આવી અને એકદમ ઘરમાં પેઠી. ચંપાએ ઘરમાં જોવા માંડયું તો એક બાજુ સુરેન્દ્ર નિશામાં ચકચુર થઇ પડેલો હતો બીજી બાજુ માયાવિની લોઢાના લઠ્ઠા સાથે બાંધેલી પડી હતી. ચંપા એકદમ માયાવિની પાસે દોડી ગઇ અને પૂછવા લાગી કે માયાવિની આજે તારી આ શું દશા થઇ જવા પામી છે. માયાવિની ચંપાને કહેવા લાગી કે રાધાકાન્તને જઇને તું કહેજે કે આજે માયાવિની તારી પાશે આવી શકશે નહિ. ચંપા માયાવિનીના શબ્દો સાંભળી કહેવા લાગી કે આ તું શું બોલે છે. કુલટા સ્ત્રીઓના ધર્મ આવા જવાબ દેવાનો નથી. તારે તો એમ કહેવું જોઇએ કે હું તૈયાર છું. માયાવિની ચંપાના ઉક્ત શબ્દો સાંભળી કહેવા લાગી કે ચંપા જોતો ખરી મારા હાથ પગ કેટલા મજબુતાઇથી બાંધ્યા છે તો પછી હું શી રીતે તારી સાથે આવી શકું, ચંપા બોલી કે તું ગભરાઇશમાં હું હમણાં તને

આવી હાલતમાંથી મુકત કરૂંછું. ચંપાએ એકદમ માયાવિનીના હાથ પગ છુટા કરી દીધા અને માયાવિનીને કહ્યું કે તારી જગા પર હું બેસુંછું ઓ તારા હાથ પગ જેમ બાંધ્યા હતા તેમ મારા હાથ પગ બાંધી દે. અને પછી તું ઝટપટ રાધાકાન્તને ત્યાં જઇ પાછી આવ. માયાવિની તું ત્યાં વધારે વખત ગાળીશમાં. માયાવિની એકદમ પોતાની જગોએ ચંપાને બાંધી રાધાકાન્તને ત્યાં ચાલી ગઇ. માયાવિની ઘરથી બહાર ગઈ એટલામાં સુરેન્દ્રની જરા નિદ્રા ઉતરવાથી હોશ આવ્યો અને ઉઠીને બોલ્યો કે અરે પાપીણી ! હજુ તું માફી નથી માગતી કે. ચંપા દૂતી છાનીમાની જવાબ દીધા સિવાય પડી રહી અને પોતાના મનમાં કહેવા લાગી કે અરે આ શું ગજબ થયો. માયાવિનીના જતાની સાથેજ સુરેન્દ્રની આંખ ઉઘડી ગઇ વળી જો હું કાંઇ જવાબ દઇશ તો તે સઘળું જાણી જશે વળી મારો તથા માયાવિનીનો જાન જોખમમાં રહેશે. માટે અત્યારે તો મુંગા રહેવું એમાં સારૂં છે એવો મનમાં વિચાર કરે છે એટલામાં સુરેન્દ્ર પાછો અવી બોલ્યો અરે દુષ્ટા મોઢામાંથી જરા-પણ અવાજ કેમ કાઢતી નથી. તું જો એવી પ્રતિજ્ઞા કરે કે મારા-થી જે પાપ થવાનું હતું તે થઇ ગયુ પણ હવેથી હું આવું નીચ કામ કરીશ નહિ તો હું તને છોડી મુકું. એ પ્રમાણે સુરેન્દ્રે ઘણી વખત કહ્યું પણ ચંપાએ મનમાં વિચાર્યું કે જો હું બોલીશ તો તે જરૂર જાણી જશે માટે કાંઇ બોલવું નહિ એવો દૃઢ નિશ્ચય કીધો હતો તેથી તે કાંઇ બોલીજ નહિ. સુરેન્દ્રે ઘણી વખત માફી માગવા કહ્યું છતાં તેણે માફી માગી નહિ તેથી ક્રોધાતુર થઇ જો-રથી કહ્યું કે અરે નીચ માયાવિની હવે હું તને તારા દુષ્ટકર્મનું ફળ આપુંછું. એમ કહી એક તીક્ષ્ણ ધારવાળા છરાથી સુરેન્દ્રે તેનું નાક કાપી નાંખ્યું. માયાવિનીને બદલે ચંપાનું નાક કપાઇ ગયું તો પણ તે કાંઇ પણ બોલીજ નહિ. અને છાનીમાની પડી રહી અને રોવા લાગી. સુરેન્દ્ર નાક કાપ્યા પછી નિંદ્રામાં લીન થઇ ગયો. માયાવિની રાધાકાન્તને ત્યાં જઇ તુરતજ પાછી ફરી અને ઘરમાં આવી તો સુરેન્દ્ર એક તરફ ઘરમાં સુતો હતો માયાવિનીએ ચંપા પાસે આવી કહ્યું કે મારા ગયા પછી કાંઇ નવીન થયું તો નથી

ને અને તું કુશળ તો છે ને ચંપાએ માયાવિનીને કહ્યું કે તું મ- એકદમ છોડી દે. તારા ગયા પછી આ દુષ્ટ સુરેન્દ્રે મારૂં નાક કાપી નાંખ્યું છે. માયાવિની કૌતાતુર થઇ ચંપાને છુટી કરી પોતે પહેલાની માફક પાછી બંધાઇ. હે રાજન ! ચંપાના જવા પછી પાછો સુરેન્દ્ર બે બાકળો જાગ્યો અને માયાવિનીને સંબોધીને કહ્યું કે અરે દુષ્ટા તું તો બહુજ વ્યભિચારિણી અને દુઃખદાઇ છે. તને માફી માંગવા કહ્યું છતાં તેં માફી ન માગી તેથી તારૂં નાક કાપી લીધું છતાં તું હજુ માફી માગતી નથી. બોલ હવે માફ માગો શકે કેમ ! નહિતર આ વખતે તારૂં માથુ કાપી નાંખીશ. સુરેન્દ્રના ઉકત વચન સાંભળી માયાવિની પોતાના બે હાથ ઉંચા કરી આકાશ, પૃથ્વી, તારા અને અગ્નિની શાક્ષીએ બોલી કે હે સર્વ જગતના પાલન કરનાર પરમાત્મા આપ પ્રાણીમાત્રના શુભ, અશુભ કામના પાપ અને પુણ્યના જાણકાર છો. રાત્રી અને દિવસ આપની તે તરફ નજર હોય છે. કોઇપણ માણસ ગમે તેવું ગુપ્ત પાપ કરે તોપણ આપનાથી તે અજાણ્યું રહેતું નથી. આજે આ મારા ધણિએ મને કલંકીત ઠરાવી પતિવ્રતામાં લીન રહેનારી સતીને વ્યભીચારિણીનું કલંક લગાડી મારૂં નાક કાપી નાંખ્યું છે. તોપણ હે પરમકૃપાળુ પરમાત્મા મારામાં જો કાંઇ પણ સતીનો અંશ હોય અને ખરેખર પતિવ્રતા હોઉં તો મારૂં નાક કાપેલા છતાં પ્રથમના જેવું ને તેવું થઇ જાય. મારી ચાલચલગત મારા આડોસી પાડોસી સારી રીતે જાણે છે. વળી એથી વિશેષ તો એ છે કે મેં એક પાંચ વર્ષના છોકરા તરફ પણ મેં હજુ સુધી કુદ્રષ્ટીથી જોયું નથી. હે જન્મેજય. માયાવિની પોતાના ધણીને કહેવા લાગી કે આવો અને દિવો સળગાવીને જુઓ કે મારૂં નાક છે કે કેમ ? સુરેન્દ્ર એકદમ ઉઠયો અને દિવો સળગાવ્યો પછી માયાવિની પાસે ગયો ને તેનું નાક તપાસ્યું તો તે જેવું ને તેવું કાયમ હતું અને લોહી નીચે ભરેલું હતું. આ પ્રમાણે કૌતુક દેખતાની સાથે સુરેન્દ્ર અજાયબીમાં ગરકાવ થઇ ગયો. માયાવિની સુરેન્દ્રને કહેવા લાગી કે હે સ્વામીનાથ આપને જે દુષ્ટ નરનારીઓએ ભમાવ્યા હતા તે સઘળું જુઠું છે. મને આ આખી દુનિયામાં આપના સિવાય બીજા કોઇ પ્યારા

નથી. જેથી તમો મારા માટે કોઇપણ હિતમ મનમાં ખોટો ખ્યાલ કે શંકા લાવશોમાં હો. હે રાજન ! હવે સુરેન્દ્ર માયાવિનીની માયામાં જકડાઇ ગયો. સુરેન્દ્રે માયાવિનીના હાથપગ છુટા કરી દીધા અને ખોટી શંકા દૂર કરી બન્ને જણા આનંદથી વાતો કરવા લાગ્યા. હે જન્મેજય. હવે ચંપાદૂતી પોતાના ઘરે જઇને આ ચરિત્ર કરવા લાગી છે તે તને કહી બતાવું છું. એક દિવસ વહેલી સવારમાં રાજ્ય દરબારમાંથી ચંપાના પતિ કમલદાસ નામના હજામને બોલાવવાને બે સિપાઇઓ આવ્યા હતા. કમલદાસે સીપાઇઓને કહ્યું બહુ સારૂં મહારાજ હું આપની સાથેજ આવું છું. કમલદાસ રાજ્ય દરબારના તેડાથી ખુશ થઇ ગયો હતો અને તે ખુસાલીમાં ને ખુસાલીમાં એકદમ ઘરમાં ગયો અને પોતાની સ્ત્રી ચંપાને કહ્યું કે મારી હજામત કરવાના સાહિત્યની પેટી એકદમ લઇ આવ કારણ કે આજે રાજ્ય દરબારમાંથી તેડુ આવ્યું છે માટે મારે ત્યાં જવુ છે. ચંપા આવું કાંઇક બાનુજ જોઇ રહી હતી. તે એકદમ ઉઠી અને પેટીમાંથી એકદમ અસતરા કાઢી કમલદાસની તરફ ફેંકી દીધા. કમલદાસ પોતાની તરફ અસતરા આવતાં તુરતજ બુમ મારી ઉઠયો કે અરે બદમાસ સ્ત્રી મે તારી પાસે પેટી માંગી હતી અને તેં શા માટે મારી તરફ અસ્ત્રા ફેંકવા એમ કહી ગુસ્સે થઇ ચંપાની તરફ અસ્ત્રા પાછા ફેંકી દીધા, ચંપાની તરફ અસ્ત્રા આવતાંજ બે હાથ પછાડતી મોટેથી રોવા લાગી અને કહેવા લાગી કે મને મારો ધણી મારી નાંખે છે માટે મને છોડવવા દોડજો, ચપાના આવા ભયાનક શબ્દોથી આડોસી પાડોસી વગેરે હજારો નર નારીઓ એકઠા થઇ ગયા અને તમાસો જોવા લાગ્યા અને ગરીબ નિર્દોષ બીચારા કમલદાસને સીપાઇઓએ પકડી પાડયો અને ચંપાને સીપાઇઓ પૂછવા લાગ્યા કે તમારે શું તકરાર છે. ચંપાએ કહ્યુ કે આ નિર્દય મારો ધણી થાય છે તેણે અસ્ત્રા વતી મારૂં નાક કાપી નાંખ્યું છે. કમલદાસને સીપાઇઓએ કાંઇ પૂછયુંજ નહિ અને ત્યાં જે કોઇ આવે તે બીચારાને મારતાજ આવે એ રીતે બીચારાને ત્યાંજ અર્ધ ખોખરો કરી નાંખ્યો અને બે-

હોશ થઇ તે પડી ગયો. સીપાઇઓ તે બીચારાને કચેરીમાં લઇ ગયા, ન્યાયાધિસે કમલદાસને પૂછ્યું કે તારે કાંઇ કહેવું છે તે બીચારાથી વધારે માર પડેલો હોવાથી જરા પણ જવાબ આપી શકાયો નહિ. ન્યાયાધિસે કમલદાસને કેદ કરવાનો હુકમ કીધો અને ચંપાને કાંઇક રૂપીયા અપાવ્યા. હે રાજન સ્વામી પ્રકાશાનંદે આખું સ્ત્રી ચરિત્ર જોયું હતું તેમણે જાણ્યું કે કમલદાસને ન્યાય કોર્ટમાં સિક્ષા થઇ છે અને દંડપણ કરવામાં આવ્યો છે. સ્વામીજી તુરતજ ન્યાયકોર્ટમાં ગયા અને ન્યાયાધિસ પાસે અથથી તે ઇતિ સુધીની સઘળી બનેલી હકીકત જણાવી. ન્યાયાધિસને સ્વામીજીની હકીકત તરફ કાંઇક ખાત્રી થવાથી બીજી દિવસે ચંપા કમલદાસ, રાધાકાન્ત, સુરેન્દ્ર, માયાવિની અને પ્રકાશાનંદો કોર્ટમાં બોલાવ્યા અને સઘળાંઓની જુબાનીઓ લઇ માયાવિની, ચંપા અને રાધાકાન્તને સજા કરી અને કમલદાસને છોડી દીધો.

વ્યભિચારિણી સ્ત્રીના ચરીત્ર.

હે રાજન ! હવે હું વ્યભિચારિણીસ્ત્રીના લક્ષણનું વર્ણન કરૂંછું તે તું મન દઇ સાંભળ ! દુરાચારિણી સ્ત્રી હમેશાં શ્રૃંગાર રસ પૂર્ણ ગાણા ગાયાં કરે છે, હાથ ઉઘાડો કરી સાડી સમેટી, તાલીઓ પાડી નાજ નખરા કરી પુરૂષોને પોતાના ફંદામાં સપડાવવા માટે રંગ બેરંગી બારીક વસ્ત્રો ધારણ કરી, લાજ કાઢયા સિવાય ચાલી હસીને વાતો કરી પોતાના જેવી અન્ય સ્ત્રીઓની સાથે બે શરમ રીતે હાસ્ય વિનોદ કરી તેમના ગળામાં હાથ નાંખીને સ્ત્રી ચાલે છે અને પોતાની છાતી તરફ વારંવાર દષ્ટી નાંખી પોતાના અંગ વસ્ત્ર ઉપર હાથ ફેરવી રાત્રિ દિવસ પોતાના વાળમાં સુગંધિત તેલ, અતર આદિ વસ્તુઓ લગાડી બારણા ઉઘાડા મુકી ઉમરા આગળ બેસી રહે છે અને જે સ્ત્રી પાણી ભરવાના બાને પોતાના માથાપર ઘડો રાખી લટકા મટકા કરતી પોતાના યારની સાથે વાતચીત કરતી તથા પોતાની છાતી બહાર કાઢી ચપળ આંખે ચોમેર જોતી ધીમે ધીમે ચાલતી તથા હમેશાં પાન, તમાકુ આદિ વસ્તુઓનું સેવન કરી અન્ય પુરૂષોને લુબ્ધ કરવાને માટે વારંવાર

પોતાનું મ્હોં મરોડી તિવ્ર નયન બાણુ ફેંકી પોતાનો છેડો ઉચકી અંતઃકરણના ભાવ દર્શાવતી સોળે શણગાર સજી બજારમાં નિર્ભય રીતે ફરતી, તથા લોકોમાં જઇ પોતાના શરીરપરનું વસ્ત્ર આઘુ ખસેડી પેટ બતાવતી, આંખમાં કાજળ ઘાલી, મદમાતિ બની દિનરાત નિસંકપની અંધારી રાત્રીમાં પણ લોકોને ધકા મારી તથા હાથ છુપાવી છુપાવતી ચાલે છે તે સ્ત્રી વ્યભિચારિણી જાણવી. તે ઉપરાંત હમેશાં પોતાની જાતે દરેક ચીજ બજારમાં ખરીદવા જવું. રસ્તે જતાં વારંવાર ચોભી જવું, લાજ કાઢી નાખી પાછળ ફરી જોવુ, છાતી ઉપર ચોળી ખેંચીને બાંધવી, ચાત્ર વિચિત્ર કપડાં પહેરવાં, કુળમર્યાદા છોડી પરપુરૂષોની સાથે હસી હસીને આંખો લડાવવી, બારીમાં ઉભા રહીને રસ્તે જનાર લોકોને કામાતુર દૃષ્ટિથી તેમના પર કાંકરા નાંખવા પોતાના પતિ સાથે કલેશ કરી ઉદાસ રહેવું તથા પરપુરૂષ સાથે હાસ્યવિનોદ કરી અમન ચમનમાં રહેવું. પોતાની સાસુનુ કથન ન માનવું અને અનેક ખોટા કર્મ કરવા કુલટાઓ સાથે પ્રિતી બાંધવી; પોતાના હાથે પોતાના સ્તનને દાબવા તથા આંબળવા અને વખતો વખત ઘરમાં ચેન ન પડવાથી બારી બારણા આગળ આવી રસ્તે જનાર લોકો ઉપર દૃષ્ટીપાત કરવા તથા આંખે પોતાના યારને જોવા, નસકોરા ફુલાવી પોતાના છોકરાં પર ક્રોધ કરવો, જુઠી વાતો કરવી અને જુઠુ બાનુ બતાવી પરઘેર જવુ. પરપુરૂષને જોઇ બને હાથની આંગળીઓ એકઠી કરી ટચાકા બોલાવી વારણા લેવા, હાથ પેટ ઉપર ફેરવવા, જેઠની બીલકુલ મર્યાદ છોડી દઇ સાસરાને ધમકાવ્યા કરવું દુધ તથા ચવાણુ વેચનાર સાથે પ્રીતી બાંધવી. તંબોલણ, ધોબણ, કુંભારણ, હજામડી વગેરેની સાથે મિત્રતાઇ કરી, વાત વાતમાં હસીને મસ્કરી કરવી, સોની પાસે જાતે જઇ ઘરેણાં ઘડાવવાં પોતાના યારને દેખીને મંદ હાસ્ય કરવું, ફાંકડા પુરૂષને જોઇને પોતાની બહેનપણીઓમાં અંદર અંદર મશ્કરી ઠઠા કરવા અને પોતાનું મ્હોં ખુલ્લુ કરીને તેની નજરે પડે તેવી રીતે રાખવું, શરમને દુર મુકી તથા મર્યાદાને દેશવટો આપી પોતાની છાતી તથા પેટ પર પુરૂષ આગળ ઉઘાડાં રાખવાં, પર

પુરૂષની દૃષ્ટી જો પોતા તરફ ન વળે તો ખુંખારા કરીને પણ તેમ કરવાને પ્રયત્ન કરવો, સાસરામાં ઝાઝા દિવસ ન રહેવું. આ કોઇ પણ બ્હાને પીયરમાં રહેવાને પ્રયત્ન કરવો, ટંટા ફિસાદ કરી સાસરેથી પીયર ચાલ્યા જવું. બાજી પતાં વગેરે રમવાનો શોખ કરવો સકળ અવયવો જોઇ સકાય તેવાં બારીક વસ્ત્રો ધારણ કરવા, ઘાઘ-રો ફુલાવતાં ફુલાવતાં ચાલવું, જાલીદાર ચોળીને ઝાલર લગાવવી, મેળા, તમાશા, નાચરંગ વગેરે જોવા હમેશાં જવું અને તેમાં ટંટા ફિસાદ કરી આગળ બેસવું અને લોકોની વચ્ચે બેશરમ રીતે બે-સવું. પોતાના સાસુ, સસરા સાથે ટંટા કરી સ્ત્રી ચરિત્ર લઢાવી પોતાના પતિને પોતાના પંજામાં લઇ જુદા રહેવું. પોતાના ઘરે નહિ રહેતા લાંબો વખત પાડોસીઓના ઘરે પડી રહેવું, ઉમદા માદક પદાર્થ ખાવા, હાથ, પગ અને મ્હોં સાબુથી ધોવાં, કાનમાં અત્તર રાખવું, નણંદ, જેઠાણીથી સહે બાય નહિ, પતિના સંબંધીઓ આં-ખના પાટા સમાન લાગે અને પોતાના સંબંધીઓ બહુજ પ્યારા લાગે, લોકોની પાંસે બેસી પોતે નખરા કરે, બાગમાં જઇ બેશરમ રીતે હિંચકા ખાય અને પોતાના સંબધીઓના હાવ ભાવ દેખી અનેક ખરાબ ગાણાં ગાય, ઢોલક સાથે ગાણા ગાવા, પાન ખાઇને આગલા બારણા તરફ થુંકવા જવું, આંખ નાક અને મ્હોં નચા-વવા; પોતે રોગીષ્ટ છે એવું બાનું બતાવી પોતાના ઘરે ભુવા વગે-રેને બોલાવી ભુત, પ્રેત કઢાવવાને યત્ન કરી મન ગમતા પુરૂષ સા-થે ભોગભોગવવા એવા લક્ષણવાળી સ્ત્રીને વ્યભિચારિણી (છીનાળ) સ્ત્રી કહે છે. સારાં ગ્રહસ્થોએ એવી કુલટાઓથી બચવા તથા લો-કોને બચાવવા જોઇએ. સ્ત્રીઓ પોતાની માયા રૂપી જાળ બીછાવી ધર્મ, રૂપ, રંગ, ધન, દોલત અને બલ એ સઘળું છીનવી લે છે તેથી તેવી સ્ત્રીઓથી દુર રહેવું વધારે ઉચીત છે.

ડાકિણી સ્ત્રીનાં લક્ષણ.

જે સ્ત્રી સાસુની ઉપર સીંહણની માફક કુદે અને સસરાને જોઇને વાઘની માફક મોઢું ફાડે, દીયરને રાક્ષસણી માફક ડરાવે અને નણંદ તરફ સર્પની માફક ફુંફાડા મારે, પતિને ખાઉં ખાઉં

કરે એવા લક્ષણવાળી ડાકિણું સ્ત્રી કહેવામાં આવે છે. હે રાજન! આવી કુલક્ષણી સ્ત્રી પૂર્વ જન્મે કરેલા મહાપાપને લીધેજ મળે છે. જેના ભાગ્ય ફુટી ગયા હોય છે તેનો આવી સ્ત્રીથી સંબંધ જોડાય છે.

રાક્ષસી સ્ત્રીના લક્ષણ.

જે સ્ત્રી મોઢેથી ડરાવતી હોય, સાપની માફક બચકા ભરતી હોય, ચુલાની રાખ જેવા શરીરનો રંગ હોય, હાથીના શરીર જેવી ચામડી હોય, માથાના બાલ રીંછના જેવા હોય, દાંત મોટા બહાર નીકળેલા હોય, મોઢાનો ચહેરો મોટો ભયાનક દેખાતો હોય એવા લક્ષણ વાળી સ્ત્રીને રાક્ષસી સ્ત્રી કહેવામાં આવે છે.

આજ કાલની સ્ત્રીઓની નાશકારક વાતો.

૧ સ્વતંત્રતાથી રહેવું, ૨ કામ વિના નકામા બેસી રહેવું ૩ બાળલગ્ન કરવા, ૪ ગરીબાઇ, ૫ અભણ રહેવું, ૬ પોતાના ધર્મની ખબર નહોય, ૭ કજોડાં, ૮ નપુંસક પુરૂષની સાથે લગ્ન થવા એ આઠ કારણોથી સ્ત્રીઓની ચાલચલગત બગડે છે માટે દરેક ગૃહસ્થે પોતાના પુત્ર, પુત્રીનો વિવાહ કરતાં પહેલાં ઉપરની આઠ બાબતો તરફ લક્ષ આપશે તો જરૂર તેઓ પોતાના બાપદાદાનું નામ ડુબાવશે નહિ.

સ્ત્રીઓના હાવ, ભાવ અને કટાક્ષનું વર્ણન.

શ્રી શંકર બોલ્યા હે રાજન ? હવે સ્ત્રીઓના હાવ, ભાવ, કટાક્ષ વગેરેનું વર્ણન કરૂંછું માટે સાવધાન થઇને તું સાંભળ. ૧ હાથ ઉંચા કરીને હસતા ચહેરે મોઢુ મરડવું, પ્રેમભર્યા હસતા વદનથી ચંચળ આંખોથી જોવું ૩ માથાના વાળને વખતો વખત સંભાળે. ૪ શરીર ઉપરની સાડીને વખતો વખત ઝાટકે. ૫ વસ્ત્રો ઉંચા કરી શરીરના અવયવોને બતાવવા, ૬ બહેનપણીના બહાનાથી પોતાના ધારેલા ને ઘરમાં બોલાવવા, ૭ ચારે તરફ જોયાં કરવું, ૮ કોઇ કોઇ વખત સંતાઇ જાય, કોઇ વખત પ્રકટ થઇ જાય તો કોઇ વખત પાછળ ફરી જોવા લાગી જાય, ૯ બહુજ લાજ ધારણ કરી ધીમી ચાલથી ચાલે, ૧૦ નહિ બોલવાનું બોલી કાઢે અને હઠ કરે અને વગર બોલાવ્યે બીજી સખીયોના નામથી બોલી દે.

હે રાજન ! ઉપર વર્ણવેલા કટાક્ષોથી સ્ત્રીઓ પરપૂરૂષો મોહિત કરી નાંખી વશ કરી લે છે.

ગુપ્ત ભાષા (સંકેત.)

હે રાજન ! હવે હું તને ગુપ્ત ભાષા સંભળાવું છું કે જેનાથી શ્રી મહારાજ પુરૂષોત્તમ શ્રી રામચંદ્રજીના ઉપદેશથી શ્રી લક્ષ્મણજીએ સુર્પનખાનું નાક કાપી નાંખ્યું હતું.

૧ અહિરૂણ્ણ એટલે સર્પના ફણાની માફક ઇસારા કરવા. અથી અઃ સુધી જાણવું. ૨ કમળની તરફ ઇસારા કરવાનું ક થી ઙ. સુધી જાણવું. ૩ ચક્રની તરફ ઇસારા કરવાનુ ચ થી ઞ સુધી જાણવું. ૪ ટંકાર એટલે ધનુષ્યના ઇસારા કરવાનુ ટથી ણ સુધી જાણવું. ૫ તરૂ એટલે વૃક્ષના ઇસારા કરવાનું તથી ન સુધી જાણવું. ૬ પવન એટલે હવાના ઇસારા કરવાનું પ થી મ સુધી જાણવું. ૭ યૌવન એટલે મુછોપર હાથ ફેરવવાનું યથી વ. સુધી જાણવું. ૮ શૃંગાર એટલે માથાપર હાથ રાખવાનું શથી જ્ઞ સુધી જાણવું. એ પ્રમાણે સમ્પુર્ણ વર્ણમાળા જાણવી. એક આંગળી ઉઠાવવાથી પહેલો અક્ષર, ૨ ઉઠાવવાથી બીજો ૩ ઉઠાવવાથી ત્રીજો અને ૪ ઉઠાવવાથી ચોથો, ૫ ઉઠાવવાથી પાચમો અક્ષર જાણવો, જેટલી માત્રા હોય તેટલી હાથની ચપટી વગાડવાથી માત્રાનું જ્ઞાન કરવું અને તેનું નામ ભૂતમુદ્રા સંકેત છે. આ સંકેત શ્રી રામચંદ્રજી ભગવાને લક્ષ્મણજીને સુર્પનખાનું નાક કાપવાને બતાવ્યો હતો.

પ્રકરણ ૯ મું.

‘ કોકા દેશાટન ’

(કોકકથા.)

હે રાજન ! એક વખતે રાજા ભોજની કચેરીમાં કોકા વગેરે અનેક પંડિતો બેઠા હતા ત્યારે રાજા ભોજે પ્રશ્ન પુછ્યો કે

અત્રે બેઠેલા પંડિતોમાં સૌથી વિદ્વાન પંડિત કોણ છે કે જે અનેક દેશોની સ્ત્રીઓનું વર્ણન કરી શકતો હોય. રાજાનું ઉકત પ્રશ્ન સાંભળી સઘળાં પંડિતો મૌન રહ્યા. એટલામાં એક પંડિતજીએ ઉભા થઈ કહ્યું કે મહારાજા સાહેબ આ સભામાં ફકત એકજ વિદ્વાન છે કે જેમણે દેશાટન કરેલું છે જેથી અનેક દેશની સ્ત્રીઓના લક્ષણ જાણે છે. રાજાએ પંડિતજીનું કથન સાંભળી કહ્યું કે એવા કોણ પંડિત છે. તેમનું નામ બતાવો. પંડિતજીએ કહ્યું કે એ વિદ્વાન પંડિતનું નામ કોકા છે રાજાએ કોકા પંડિતને પ્રણામ કર્યું અને કહ્યું કે હવે મારા પ્રશ્નનો ઉત્તર આપો. કોકા પંડિતજીએ કહ્યું કે મહારાજશ્રી શી આજ્ઞા છે. હું આપનો ઉત્તર દેવાને તૈયાર છું. રાજાએ કહ્યું આપ પ્રથમ વ્રજનારીના લક્ષણનું વર્ણન કરો.

વ્રજનારીના લક્ષણ.

હે રાજન ! વ્રજદેશની સ્ત્રીઓના મન પ્રેમમય હોય છે દયાવાળી, મધુર બોલવાવાળી, જેનો ચહેરો મનોહર, અતિગુણવાન, જેનું શરીર નિર્મલ અને નેત્ર ચંચલ, મુખ અતિસુંદર હોય છે. જેના મુખની લાવણ્યતા જોઇને મનમોહિત થઇ જાય છે. ઉત્તમ, સ્વચ્છ વસ્ત્રા ભુષણ પહેરનારી હોય છે. ધોતી પહેરે છે અને બહાર નીકળતી વખતે ઉપરથી ચાદર ઓઢે છે. શરીર ઉપર તૈલ, અત્તરનું લેપ કરે છે. કૃષ્ણલીલા સાંભળવાની જેઓની ઇચ્છા હોય છે. તેઓનું બોલવા, ચાલવાનું અને રહેવાનું હમેશાં સઘળાંને સારૂં લાગે છે. એવા લક્ષણ વ્રજદેશની નારીમાં રહેલા હોય છે.

કાશ્મીર દેશની સ્ત્રીના લક્ષણ.

હિંદુસ્તાનમાં જેટલા દેશ છે તે સઘળાં દેશ કરતાં કાશ્મીર દેશની સુંદરતા અલૌકીકજ છે. એમાં જરા પણ શક નથી. કાશ્મીર દેશની સ્ત્રી બીજા દેશ કરતાં રૂપમાં ઘણી હોય છે. આંખો મૃગના જેવી, મુખગોળ નાક નીચેથી ઉપર સુધી એક સરખું, અંગની બનાવટ ઘણીજ ઉમદા અને જરા સહવાસથી સંતુષ્ટ થઇ જાય છે એવા લક્ષણવાળી સ્ત્રીઓ કાશ્મીર દેશમાં રહે છે.

મારવાડ દેશની સ્ત્રીઓનાં લક્ષણ.

મારવાડ દેશની સ્ત્રીઓ લડાઇખોર હોય છે. પોતાના ઘરનું કામકાજ સારી રીતે કરે છે. પોતાની મતલબને પ્રાધાન ગણે છે. જવને ઘણું ગણીને ખોરાકમાં વાપરે છે. કમઅકલ હોય છે અને કામાતુર બહુ હોય છે. વિચાર ઘણા ખરાબ હોય છે. પોતાના કપડાને બહુ સાચવી સંભાળીને રાખે છે. ખાવાપીવામાં શોખ રાખે છે. ઘણા પ્રકારની મીઠાઇ બનાવવાનું જાણતી હોય છે. મોટા ભાગે ઘરનું સઘળું કામકાજ રાત્રીના વખતમાં કરે છે આથી શાન્તપણે ઘરનું કામ પુરૂં થાય છે અને રાત્રિએ ચોર લોકોનો ભય રહેતો નથી એટલે એક રીતે તે ઘરની રક્ષા કરે છે. ઘાઘરો મોટા ઘેરવાળો પહેરવાનો રિવાજ હોય છે. એવા લક્ષણવાળી સ્ત્રી મારવાડ દેશમાં રહે છે.

પહાડી સ્ત્રીના લક્ષણ.

રાજા ભોજ ! પહાડી સ્ત્રીઓ બહુજ મજબુત અને તાકાતવાળી હોય છે, નાક તદ્દન ચપટું હોય છે. રૂપ રંગમાં ઠીક દેખાય છે. પોતાના કુલક્ષણ હમેશાં છુપાવે છે અને બીજાના તે બહાર પાડે છે. આવાં લક્ષણવાળી સ્ત્રીઓ પહાડપર રહે છે.

પારસિની સ્ત્રીઓના લક્ષણ.

ઇરાન દેશની સ્ત્રીઓ સાફ નિર્મલ અને તરેહ તરેહ જાતની સાડી પહેરવાવાળી હોય છે. ઓઝલ પડદો રાખતી નથી અને તે અનેક ગુણવાળી હોય છે. મડમોની માફક ખુલ્લા મોઢે પોતાના પતિની સાથે બહાર જાય છે. તેનું શરીર કોમળ તથા સુંદર હોય છે. આવા લક્ષણવાળી સ્ત્રીઓ ઇરાન દેશમાં રહે છે કે જેમને લોકો પારસિ કહે છે.

ગુજરાતની સ્ત્રીઓના લક્ષણ.

રાજા ભોજ ! હવે ગુર્જર દેશની સ્ત્રીઓના લક્ષણ કહું છું. ગુર્જર દેશની સ્ત્રીઓના નેત્ર વિશાલ હોય છે. સાડી (ધોતી જેવી) પહેરે છે. થોડા સંભોગથી તે સંતુષ્ટથયાછે વિચિત્ર પ્રકારના વેષ-

ધારણ કરે છે. ઘરના કામકાજમાં તે ઘણી ચતુર હોય છે. રૂપ રંગમાં ઘણી મનોહર હોય છે. હસમુખી અને ધર્મમાં ચુસ્ત હોય છે. અને ચોખ્ખાઈ ઘણીજ રાખે છે. વળી તે કંઈક સ્વાર્થ પણ હોય છે. આવા લક્ષણવાળી સ્ત્રીઓ ગુર્જર દેશમાં રહે છે.

બેંગાલ દેશની સ્ત્રીનાં લક્ષણ.

બેંગાલની સ્ત્રીઓની આંખો મોટી હોય છે. પહેરવામાં ધોતીયા વાપરે છે માથાના બાલ ઘણાં લાંબા હોય છે, શરીર ફુલની માફક ઘણું કોમળ હોય છે. ભણેલી ગણેલી હુશીયાર હોય છે, ધર્મ ચર્ચામાં પ્રવિણ હોય છે, સ્વભાવમાં ઘણી ક્રુર હોય છે, તેનનું મર્દન મોટે ભાગે વધારે પ્રમાણમાં કરવામાં આવે છે. આવા લક્ષણવાળી સ્ત્રી બેંગાલમાં વસે છે.

સિંધ દેશની સ્ત્રીનાં લક્ષણ.

જે સ્ત્રીઓની બુદ્ધિ બહુજ ખરાબ હોય, જેનું મન બહુજ ચંચળ હોય છે, ભોગની બહુજ ઇચ્છાવાળી હોય તેવા લક્ષણવાળી સ્ત્રી સીંધ દેશમાં વાસ કરી રહે છે.

તેલંગ દેશની સ્ત્રીનાં લક્ષણ.

જે સ્ત્રીએ મનોરમા જેવી હોય, સહવાસમાં બહુ કનીષ્ટ હોય. બહુ લાજ રાખવાવાળી હોય, ભોગભોગવવાની કમતી ઇચ્છાવાળી હોય, રૂપ, રંગમાં બહુ મનોહર હોય. એવા લક્ષણવાળી સ્ત્રીઓ તેલંગ દેશમાં રહે છે.

દક્ષિણ દેશની સ્ત્રીનાં લક્ષણ.

કોકા પંડિત બોલ્યા કે દક્ષિણ દેશની સ્ત્રીઓ સહવાસમાં ઘણીજ કુશળ હોય છે. અનેક પ્રકારના ચિત્રવિચિત્ર કપડા પહેરે છે અને તે ૧૦ ગજની સાડી પહેરે છે. માથુ ખુલ્લુ રાખે છે, ચપળતા ઘણીજ હોય છે. આવા ગુણવાળી સ્ત્રીઓ હમેશાં દક્ષિણમાં વાસ કરી રહે છે.

દ્રાવિડ દેશની સ્ત્રીનાં લક્ષણ.

જે સ્ત્રી ટુંક બુદ્ધિવાળી હોય, થોડું બોલનારાવાળી હોય, સ્વલ્પ મૈથુનની ઇચ્છા હોય, ભાષામાં મીઠાસ હોય, સાહસીક હોય એવા લક્ષણવાળી સ્ત્રીઓ દ્રાવિડ દેશમાં રહે છે.

કર્ણાટકની સ્ત્રીનાં લક્ષણ.

જે સ્ત્રીઓ બહુજ વ્યભિચારિણી, એવકુફ, બોલવામાં બહુ ખરાબ અને નિર્દય હોય એવા લક્ષણવાળી સ્ત્રીઓ કર્ણાટક દેશમાં રહે છે.

કામરૂદેશની સ્ત્રીનાં લક્ષણ.

જે સ્ત્રીઓ કામ કલામાં બહુ ચતુર હોય, અલૌકીક સ્વરૂપથી દરેક મનુષ્યને મોહીત કરતી હોય, ભાષા ઘણી મીઠી હોય, શરીર ઘણું કોમળ હોય અને તે એટલી બધી કામાંધ હોય કે ગમે તેવા યોગી અને નપુંમક પુરૂષને પણ તે પોતાના પંજામાં સપડાવ્યા સિવાય રહેતી નહોય એવા લક્ષણવાળી સ્ત્રી કામરૂદેશમાં નિવાસ કરી રહે છે.

મધ્ય દેશની સ્ત્રીના લક્ષણ.

જે સ્ત્રીઓ ઘણીજ વિલાસી હોય ઘરના કામકાજમાં બહુ બુદ્ધિમાન હોય, હાથની કારીગરીનું કામ બહુ જાણતી હોય. શુભ કામમાં હમેશાં ચિત્ત લાગી રહેતું હોય. ઘર કામમાં બહુ જ ચતુર હોય, અનેક પ્રકારના ચિત્રવિચિત્ર કપડા પહેરવાનો શોખ રાખતી હોય એવા લક્ષણવાળી સ્ત્રીઓ મધ્ય દેશમાં વાસ કરે છે.

માલવા દેશની સ્ત્રીના લક્ષણ.

માલવા દેશની સ્ત્રીઓ હમેશાં સ્વચ્છ રહેતી હોય, ઘરના કામકાજમાં બહુજ હુંશીયાર રહેતી હોય, હૃદયમાં દયા હોય, સહવાસમાં અધિક ઇચ્છા રાખતી હોય એવા લક્ષણવાળી સ્ત્રીઓ માલવા દેશમાં રહે છે. વાચકો કોકા પંડિતના અનેક દેશની સ્ત્રીઓના લક્ષણના વર્ણનથી રાજા ભોજ ઘણોજ ખુશી થયો હતો.

ગુપ્ત શક્તિ રહસ્ય.

સ્ત્રીઓમાં સ્વાભાવિક ૮ પ્રકારની શક્તિઓ હોય છે ૧ સાહસ, ૨ અસત્ય, ૩ ચપલતા, ૪ માયા, ૫ ભય, અજ્ઞાન, ૭ અશૌચ, નિર્દયતા.

પ્રકરણ ૧૦ મું.

રાજા જન્મેજય બોલ્યા કે હે કૈલાસપતિ શ્રી શંકર મહારાજ મેહેરબાની કરીને આપ પહેલા ઋતુફલ જણાવો. શ્રી શંકરજી એ કહ્યું કે બહુ સારૂ રાજન હવે તું સાવધાન થઇને સાંભળ! સ્ત્રી જ્યારે પૂર્ણ યુવાવસ્થામાં આવે છે ત્યારે જનેન્દ્રિથી રક્ત નીકળે છે તેને સૌથી પહેલીવાર રજસ્વલા થવાનું શુભ ફળ કહેવાય છે.

ઋતુ માસ ફળ.

હે રાજન જે સ્ત્રી વૈશાખમાસમાં પહેલ વહેલી રજસ્વલા થાય તો તેના ઘરમાં ધનની વૃદ્ધિ થાય, જ્યેષ્ઠમાસમાં રજસ્વલા થાય તો તે રોગીષ્ટ થઈ જાય, અષાઢ માસમાં રજસ્વલા થાય તો બાળક મરી જાય, અથવા તો પોતે આ દુનિયા છોડી જાય, શ્રાવણ માસમાં રજસ્વલા થાય તો ઘણા ધનની પ્રાપ્તી થાય ભાદ્રપદ માસમાં રજસ્વલા થાય તો નિર્ધન થાય એટલે દાળિદ્ર ઘરમાં આવે છે. આસો માસમાં રજસ્વલા થાય તો તે ઘરમાં બહુજ ધન, ધાન્ય વધે, કાર્તીક માસમાંર જસ્વલા થાય તો ગરીબાઇ બહુજ આવે, માગશર માસમાં રજસ્વલા થાવ તો પૈસે ટકે અને પુત્રથી સુખી થાય. પોષ માસમાં રજસ્વલા થાય તો તે ખરાબ ચાલ ચલગત વાળી થાય, માઘ માસમાં રજસ્વલા થાય તો અનેક પુત્ર પોત્રી વાળી થાય. ફાગણ માસમાં રજસ્વલા થાય તો ઘણાજ પુત્રને તે જન્મ આપે અને સુખી જીંદગી ગુજારે અને ચૈત્ર માસમા પ્રથમ રજસ્વલા થાય તો તે વિધ્વા થાય.

પ્રથમ ૠતુ તીથિ ફળ.

હે રાજન જો કોઇ સ્ત્રી પડવ.ને દિવસે પ્રથમ રજસ્વલા થાય તો બહુ શુભફળને આપવાવાળી થાય છે. ૨ બીજને દિવસે પ્રથમ રજસ્વલા થાય તો સ્ત્રી ઘણું દુઃખ ભોગવે છે ૩ ત્રીજને દિવસે પ્રથમ રજસ્વલા થાય તો તે ઘણા પુત્ર વાળી થાય ૪ ચોથને દિવસે પ્રથમ રજસ્વલા થાય તો તે વિધવા થાય છે. ૫ પાંચમના રોજ પ્રથમ રજસ્વલા થાય તો ભાગ્યવાન, ધનવાન, પુત્ર, પૌત્ર વાળી થાય. ૬ છઠના રોજ પ્રથમ રજસ્વલા થાય તો તે સ્ત્રી કુળને નાશ કરવા વાળી થાય ૭ સાતમને રોજ પ્રથમ રજસ્વલા થાય તો તે બહુ સુંદર અને ઉત્તમ સંતાનને જન્મ આપે ૮ આઠમના રોજ પ્રથમ રજસ્વલા થાય તો તે સ્ત્રી બહુ લડાઇખોર થાય ૯ નવમીને રોજ પ્રથમ રજસ્વલા થાય તો તે સ્ત્રી વિધવા થાય ૧૦ દશમના રોજ પ્રથમ રજસ્વલા થાય તો તે સ્ત્રી મોટા આનંદની સાથે સુખ ભોગવે ૧૧ એકાદશીના રોજ પ્રથમ રજસ્વલા થાય તો તે સ્ત્રી ઘણી પવિત્ર ગણાય ૧૨ બારસના રોજ પ્રથમ રજસ્વલા થાય તો તે સ્ત્રી બહુજ બીમાર થાય ૧૩ તેરસના દિવસે પ્રથમ રજસ્વલા થાય તો તે શુભ ગણાય, ૧૪ ચૌદસને રોજ રજસ્વલા થાય તો તે સ્ત્રી વ્યભાચારીણી થાય ૧૫ પુર્ણિમાને રોજ પ્રથમ રજસ્વલા થાય તો તે સ્ત્રી બહુ ભાગ્યવાન ગણાય અને અમાવાસ્યાના રોજ રજસ્વલા થાય તો તે ઘણુંજ ખરાબ ગણાય.

પ્રથમ ૠતુ વાર ફળ.

હે રાજન હવે હું તમોને વારનું શુભાશુભ ફળ જણાવું છું તે તું સાવધાન થઇને સાંભળ । જે સ્ત્રી રવીવારના રોજ પ્રથમ રજસ્વલા થાય તે વિધવા થાય છે, સોમવારના રોજ પ્રથમ રજસ્વલા થાય તો તેના સંતાન મરી જાય. મંગળવારે પ્રથમ રજસ્વલા થાય તો તે દયા પાળવાવાળી થાય, બુધવારે પ્રથમ રજસ્વલા થાય તો તે હમેશાં કન્યાને જન્મ આપે છે. ગુરૂવારે તથા શુક્રવારે રજસ્વલા થાય તો તે પુત્રને જન્મ આપે છે અને શનિવારે પ્રથમ રજસ્વલા થાય તો તે ખરાબ ચાલચલગત ચલાવવાવાળી થાય.

પ્રથમ રૂતુ નક્ષત્ર ફળ.

હે જન્મેજય ? હવે હું તમોને નક્ષત્રનું શુભાશુભ ફળનું વર્ણન કરૂં છું તે તું મન દઈ સાંભળ ! જે સ્ત્રી અશ્વીની નક્ષત્રમાં પ્રથમ રજસ્વલા થાય તો તે શુભ છે, ભરણી નક્ષત્રમાં રજસ્વલા થાય તો તે વિધવા થાય છે, કૃતિકા નક્ષત્રમાં પ્રથમ રજસ્વલા થાય તો તે વંધ્યા (વાંઝણી) થાય છે, રોહિણી નક્ષત્રમાં પ્રથમ રજસ્વલા થાય તો તે મીઠું મીઠું બોલવાવાળી થાય, મૃગશર નક્ષત્રમાં પ્રથમ રજસ્વલા થાય તો તે નિર્ધન થાય, આદ્રા નક્ષત્રમાં પ્રથમ રજસ્વલા થાય તો તે પુત્રને જન્મ આપે છે, પુનર્વસુ નક્ષત્રમાં પ્રથમ રજસ્વલા થાય તો તે અનેક પુત્ર ઉત્પન્ન કરે છે, પુષ્ય નક્ષત્રમાં પ્રથમ રજસ્વલા થાય તો તે પુત્ર અને પૈસાવાલી થાય છે. અસ્લેખા નક્ષત્રમાં પ્રથમ રજસ્વલા થાય તોતે વંધ્યા (વાંઝણી) થાય છે, મધા નક્ષત્રમાં પ્રથમ રજસ્વલા થાય તો તે રૂપૈયાવાળી થાય, પૂર્વાફાલ્ગુનમાં પ્રથમ રજસ્વલા થાય તો તે ધનવાન થાય, ઉત્તરા નક્ષત્રમાં પ્રથમ રજસ્વલા થાય તો તે પોતાના ધણીને વ્હાલી થઇ પડે અને તે પતિવ્રતાનું પાલન કરવાવાળી થાય, હસ્ત નક્ષત્રમાં પ્રથમ રજસ્વલા થાય તો તે ધનવાન અને પુત્રવાળી થાય, ચીત્ર નક્ષત્રમાં પ્રથમ રજસ્વલા થાય તો તે હમેશાં પતિની આગ્ના માનવાવાળી થાય, સ્વાતિ નક્ષત્રમાં પ્રથમ રજસ્વલા થાય તો તે દુરાચારિણી (પરપુરૂષ સાથે પ્રિતી કરવાવાળી) થાય, વિશાખા નક્ષત્રમાં પ્રથમ રજસ્વલા થાય તો તે જડબુદ્ધિવાળી થાય, અનુરાધા નક્ષત્રમાં પ્રથમ રજસ્વલા થાય તો તે ખોટ કર્મ કરવાવાળી થાય, જ્યેષ્ઠા નક્ષત્રમાં પ્રથમ રજસ્વલા થાય તો તે વિધવા થાય, મૂળ નક્ષત્રમાં પ્રથમ રજસ્વલા થાય તો તે પતિવ્રતા અને સુલક્ષણી થાય, પૂર્વા ભાદ્રપદ નક્ષત્રમાં પ્રથમ રજસ્વલા થાય તો તે સ્ત્રી અનેક પ્રકારના સુખ ભોગવે, ઉત્તરા ભાદ્રપદ નક્ષત્રમાં પ્રથમ રજસ્વલા થાય તો તે બહુ પૈસાવાળી લક્ષ્મીવાન થાય, શ્રવણ નક્ષત્રમાં પ્રથમ રજસ્વલા થાય તો તે પુત્ર, પુત્રાદીક, ધન આદી સુખ ભોગવવાવાળી થાય, ધ-

નિષ્ઠા નક્ષત્રમાં પ્રથમ રજસ્વલા થાય તો તે શુભ ચિન્હ સુચક છે, શતભિષા નક્ષત્રમાં પ્રથમ રજસ્વલા થાય તો તે શુભ છે અને રેવતી નક્ષત્રમાં પ્રથમ રજસ્વલા થાય તો તે વિધવા થાય છે.

પ્રથમ ઋતુમતી યોગનું ફળ.

હે રાજન હવે તને શુભાશુભ યોગ ફળનું વર્ણન કહું છું માટે સાવધાન થઇને સાંભળ વિષ્કુમ યોગ જે દિવસે હોય તે દિવસે જે સ્ત્રી પ્રથમ રજસ્વલા થાય તે સ્ત્રી વિધવા થાય, પ્રિત યોગમાં જે સ્ત્રી પ્રથમ રજસ્વલા થાય તે પતિનો પ્રેમ મેળવે છે, આયુસ્યમાન યોગમાં જે સ્ત્રી પ્રથમ રજસ્વલા થાય તે ધનવાલી થાય, સૌભાગ્યમાં જે સ્ત્રી પ્રથમ રજસ્વલા થાય તો તે ઘણા પુત્ર વાળી થાય, શોભન યોગમાં પ્રથમ રજસ્વલા થાય તો તે સુખને દેવા વાળી થાય, અતિગંડ યોગમાં પ્રથમ રજસ્વલા થાય તો તે વિધવા થાય, શોભાનયોગમાં પ્રથમ રજસ્વલા થાય તો તે સારા કર્મ કરવા વાલી થાય, ધૃતિયોગમાં પ્રથમ રજસ્વલા થાય તો તે બહુ પૈસાવાળી થાય, શુભ યોગમાં રજસ્વલા થાય તો તે માંદગી ભોગવે છે, વૃદ્ધિ યોગમાં રજસ્વલા થાય તો તે બહુ પુત્રવાળી થાય, ધ્રુવ યોગમાં રજસ્વલા થાય તો તે શુભ લક્ષણ વાળી થાય, અને તે પોતાના પતિ સાથે હમેશાં લડાઇ કર્યા કરે. હર્ષણ યોગમાં રજસ્વલા થાય તો તે હસમુખી થાય, વજ્ર યોગમાં રજસ્વલા થાય તો તે વંધ્યા થાય, સિદ્ધી યોગમાં રજસ્વલા થાય તો તે અનેક પુત્ર પેદા કરવા વાલી થાય, વ્યતિપાત યોગમા રજસ્વલા થાય તો તે વિધવા થાય, વર્યાન યોગમાં રજસ્વલા થાય તો તેની સંતતી જીવતી રહેતી નથી. પરિઘ યોગમાં રજસ્વલા થાય તો તે અલ્પ સમય જીવે છે. શિવયોગમાં રજસ્વલા થાય તોતે ઘણા પુત્ર વાળી થાય, સિધ્ધીયોગમાં રજસ્વલા થાય તો તે અનેક સિધ્ધિને દેવાવાળી થાય, સાધ્ય યોગમાં રજસ્વલા થાય તો તે ધર્મ પ્રત્યે પ્રિતી રાખવાવાળી થાય, શુભ યોગમાં રજસ્વલા થાય તો તે સારા ગુણને પ્રાપ્ત કરે, શુકર યોગમાં રજસ્વલા થાય તો તે શુભ કર્મ કરવા વાળી થાય, બ્રહ્મયોગમાં રજસ્વલા થાય તો તે પોતાના

પતિ સાથે ઘણોજ પ્રેમ રાખવા વાળી થાય રૌદ્રયોગમાં રજસ્વલા થાય તો તે દેવતા પ્રત્યે પ્રીતી રાખવા વાળી થાય, વૈધતિ યોગમાં રજસ્વલા થાય તો તે સ્ત્રી વિધવા થાય છે.

પ્રથમ રૂતુ લગ્ન ફળ.

શિવજી કહેવા લાગ્યા કે હે જન્મેજય જે સ્ત્રી મેષ લગ્નમાં પ્રથમ રજસ્વલા થાય તો તે ગરીબ થાય, વૃષ લગનમાં રજસ્વલા થાય તો તે ધનવાન થાય, મિથુન લગ્નમાં રજસ્વલા થાય તો તે બહુજ કામની ઇચ્છા રાખવાવાળી થાય, કર્ક લગ્નમાં રજસ્વલા થાય તો તે વિધવા થાય, સીંહ લગનમાં રજસ્વલા થવાથી પુત્રને જન્મ આપનારી થાય, કન્યા લગનમાં રજસ્વલા થવાથી પતિવ્રતા ધર્મ પાળવા વાળી થાય, તુલા લગનમાં રજસ્વલા થવાથી આંધળી થાય, વૃશ્ચિક લગનમાં રજસ્વલા થવાથી તે બહુ સુખને ભોગવવાવાળી થાય, મકર લગનમાં રજસ્વલા થવાથી તે લડાઈ ખોર થાય, કુંભ લગનમાં રજસ્વલા થવાથી પતિ તથા પોતાના કુટુંબને નાશ કરવા વાલી થાય, મીન લગનમાં રજસ્વલા થવાથી ઘણા સારા લક્ષણુ વાળી થાય.

પ્રથમ રૂતુ રાશિ ફળ.

મેષ અને વૃશ્ચિક રાશીમાં પ્રથમ રજસ્વલા જે સ્ત્રી થાય તે વ્યભિચારીણી થાય, વૃષભ, મિથુન, સિંહ, કુંભ રાશીમાં રજસ્વલા થાય તે સારા લક્ષણવાળી થાય, કન્યા રાશીમાં રજસ્વલા થાય તે અભિમાન કરવાવાળી થાય, મકર રાશીમાં રજસ્વલા થાય તે દુર્બલ અને મીનરાશીમાં રજસ્વલા થાય તે ચંચલ થાય.

પ્રથમ રૂતુ પ્રાપ્ત થાય તે સમયે પહેરેલાં વસ્ત્રોનું ફળ.

હે જન્મેજય રાજન હવે હું તને રૂતુ પ્રાપ્ત થાય તે સમયે પહેરેલાં વસ્ત્રોનું શુભ, અશુભ ફળનું વર્ણન કહુંછું તે ધ્યાન પૂર્વક સાંભળ ! જે સમયે પ્રથમ રજસ્વલા થાય તે વખતે પોતી અથવા કોઇ પીળા રંગના વસ્ત્ર પહેરેલા હોય તો તે લક્ષ્મી, પુત્ર, પૌત્ર વગેરે અનેક પ્રકારના સુખ ભોગવવાવાળી થાય, જુના જીર્ણ લુગડાં પહેર્યાં હોય તો તેનું ફળ સારૂં નથી એટલે તે ભાગ્યહિન થાય,

ગંધાતા (મેંલા) કપડાં પહેર્યાં હોય તો તે હમેશાં ખરાબ ચાલચલગત ચલાવવાવાળી થાય, મોટા વસ્ત્રપહેર્યાં હોય તે પોતાના પતિની સેવા કરવાવાળી થાય, સફેદ ધોયેલા વસ્ત્ર પહેર્યાં હોય તો તેનુ ફળ સારૂં મળે, બહુજ બારીક અને મધ્યમ વસ્ત્ર પહેર્યાં હોય તો તે શુભ લક્ષણ આપે, બહુજ વસ્ત્ર પહેર્યાં હોયતો તે દુર્બલ રહે, અનેક મેલા રંગનું કપડું પહેર્યું હોયતો તે વિધવા થઇ જાય અને લાલ રંગના વસ્ત્ર પહેર્યાં હોયતો તે હમેશાં બિમાર બહુજ રહે છે.

પ્રથમ ઋતુ કાળ ફળ.

જન્મેજય કહેવા લાગ્યા ! હે મહેશ હવે આપ સવાર, બપોર, સાંજ અને રાત્રીના સમયે જે કોઈ સ્ત્રીને પ્રથમ રજસ્વલા થાય તો તેનું શું ફળ થાય તે જણાવો. મહાદેવજીએ કહ્યું બહુ સારૂં ! રાજન ! તું જે જે પુછીશ તેનું સંપૂર્ણ વર્ણન હું કરીશ. હે રાજન સવારે રજસ્વલા થાય તે શુભ જાણવું, મધ્યાન્હ સમયે રજસ્વલા થાય તે ધનહિન થાય બપોરના ૩ વાગ્યા પછી રજસ્વલા થાય તે ઠીક ગણાય, સાંજે સૂર્યાસ્ત થયા પહેલાં રજસ્વલા થાય તો તે સ્ત્રી સંપૂર્ણ સુખ ભોગવવાવાળી થાય, બરાબર સંધ્યા સમયે રજસ્વલા થાય તે ચ્બ્રહ્મચારીણી વેશ્યા થાય, અર્ધ પહેલાં રાત્રી રજસ્વલા થાય તો તે સ્ત્રી વીધવા થાય; અર્ધ રાત્રીએ રજસ્વલા થાય તો તે સ્ત્રી વંધ્યા થાય અને દિવસ અને રાત્રી તથા રાત્રી અને દિવસ એ બન્નેની સંધી વખતે રજસ્વલા થાય તો તે સ્ત્રી બહુ દુઃખ ભોગવવા વાલી. થાય.

પ્રથમ ઋતુ રકત ફળ.

હે રાજન ! હવે હું તને રકતનું શુભ, અશુભ ફળનું વર્ણન કહું છું તે લક્ષ દઇ સાંભળ ! પ્રથમ રજસ્વલા સમયે સીંદુરરંગનો રકતસ્ત્રાવ થાય તો તે સ્ત્રી કન્યાને જન્મ આપે, અલ્પવર્ણ વિન્દુ માત્ર રકત સ્ત્રાવ થાય તો તે ખરાબ ચાલ ચલગતવાળી સ્ત્રી થાય ગુંઢા જેવા લાલ રંગનો રકતસ્ત્રાવ થાયતો તે શુભ ચિન્હ સુચક છે, ઘાટા રકતનો સ્ત્રાવ થાય તો તે સંતાન ને જન્મ આપતી નથી, પીતવર્ણના રંગનો રકતસ્ત્રાવ થાય તો તે વ્યભિચારીણી થાય, લાલ

રંગનો રકત આવ થાય તો તે ઘણા પુત્રને જન્મ આપે. પાંડુ રંગનો રકત આવ થાયતો તે સ્ત્રી વંધ્યા રહે અને જેને કાળા રંગનો રકતસ્રાવ થાય તો તેના સંતાન બીલકુલ જીવે નહિ.

વિશેષ દ્રષ્ટાંતો.

શિવજી મહારાજ રાજા જન્મેજયને કહેવા લાગ્યા કે હે રાજન ! તિથીનું ફળ એક ગણું, નક્ષત્રનું ફળ ચાર ગણું વારનું ફળ છ ગણું, મહિનાનું ફળ આઠ ગણું, કપડાનું ફળ સો ગણું જાણવું એથી વધારે હોય તેનું ફળ જાસ્તી જાણવું, શુભ દિવસનુ શુભ ફળ અને ખરાબ દિવસનું ખરાબ ફળ જાણવું.

રૂતુવાળી સ્ત્રીનાં કર્તવ્ય.

રાજા જન્મેજય શિવજીને કહેવા લાગ્યા કે હે નાથ ! હવે આપ જે સ્ત્રી પ્રથમ રજસ્વલા થાય તેના કર્તવ્ય અર્થાત તેને કેવા કેવા નિયમો પાળવા જોઇએ તે જણાવો. ત્યારે શિવજી કહેવા લાગ્યા કે હે રાજન ! જ્યારે સ્ત્રી પ્રથમ રજસ્વલા થાય ત્યારે તેણીએ ઘરમાં ગુપચુપ કોઇ ન દેખે તથા તે કોઇને ન દેખે તેમ છુપાઇ રહેવું જોઇએ. નવિન વસ્ત્ર, આભૂષણ, સંગાર વગેરે વિલાસ સુખની સામગ્રીને છોડી દેવી જોઇએ. છાનામાના નિચે મોઢુ રાખી બેસી રહેવું જોઇએ, રજસ્વલા થાય તે દિવસે સાંજે માટીના વાસણમાં જમવું. પૃથ્વીપર સુઇ રહેવું, પલંગપર બીલકુલ સુવું નહિ. વળી તે સ્ત્રીએ ફુલ, તેલ, અત્તર વિગેરે સુગંધિ પદાર્થોની ચીજ પહેરવી કે લગાડવી ન જોઇએ, દિવશે સુવું નહિ, પાન ખાવા નહિ, હાથથી પાણી ન પીવું, દાંતણ કરવું, મોઢુ ધોવું, માથે નહાવું, શરીરે ચોળીને નહાવું પરન્તુ દારૂ અને દુધ ન પીવું. આંખ્યમાં કાજળ આંજવું, શોક કરવો, રોવું, અગ્નિનો ધુમાડો, અને કોઇ પ્રકારની દિલગીરી ન કરવી જોઇએ. ઇચ્છા હોય તોપણ દિવસ ત્રણ સુધી પુરૂષ સમાગમ બીલકુલ કરવો નહિ અને પુરૂષે સ્ત્રી રકતસ્રાવ થયેલો જોવામાં આવતાં બીલકુલ સ્ત્રી સમાગમ કરવો નહિ કારણ કે વહન કરી રહેલા જળમા ફેંકેલી ચીજ નીચે ચાલી જાય છે તેમ વિર્ય વ્યર્થ જાય છે. માટે ચોથે દિવસે શુદ્ધ થઇને નવિન વસ્ત્ર

ધારણ કરી, આભૂષણ પહેરી, સોળ શૃંગાર સજી આખા પોતાના પતિ પાસે જઇ તેમના દર્શન કરવા જોઇએ. ચોથે દિવસે સ્ત્રી સ્નાન કરી રહે કે તુરતજ જેનું મુખ જોવામાં આવે તેના જેવુંજ સંતાન પેદા થાય છે. માટે સ્ત્રીઓએ ખાસ કરીને ઋતુસ્નાત થયા પછી ચોથે દિવસે સ્નાન કરી શુદ્ધ થઇ પોતાના પતિનું પ્રથમજ મુખ જોવું અને કદાચ પોતાના પતિનું મુખ જોઇ શકાય તેમ નહોય તો સ્ત્રીએ પોતાનું મુખ દર્પણમાં જોઇ લેવું એ નિયમ ખાસ સ્ત્રીઓએ ધ્યાનમાં રાખવાનો છે.

રજસ્વલા સ્વરૂપનું વર્ણન

હે રાજન ! વૈદક શાસ્ત્રમાં ઋષિમુનીઓ, રજસ્વલા સ્વરૂપ વર્ણન નીચે પ્રમાણે કરે છે. ગર્ભ ઉત્પન્ન કરનારી ભુમિ રજસ્વલા સ્ત્રી છે. ૧૨ વર્ષની ઉમરથી ૫૦ વર્ષની ઉંમર સુધીની સ્ત્રીને માસે ઋતુસ્નાત થાય છે. સ્ત્રી રજસ્વલા થાય ત્યારથી ૧૬ રાત્રિ સુધી રજસ્વલા થાય છે. અને ગર્ભ ધારણ કરવાનો એજ સમય હોય છે.

રજસ્વલા સ્ત્રીના નિયમો.

સ્ત્રી રજસ્વલા થાય ત્યારથી ચાર દિવસ સુધી હિંસા કરવી નહિ, બ્રહ્મચર્ય વ્રત પાળવું, પૃથ્વી પર સણના કપડા ઉપર સુઇ રહેવું, પતિના દર્શન ન કરવા, હાથપાત્રે અથવા માટીના વાસણમાં અગર પીતળના વાસણમાં ત્રણ દિવસ સુધી ભોજન કરવું તે સિવાય, રોવું, નખ લેવડાવવા; શરીરમાં તેલ લગાડવુ, સુખડનો લેપ કરવો, આંખોમાં કાજળ લગાડવું, સ્નાન કરવું, દિવસે સુઇ રહેવું, દોડવું, ભાગવું, કુદવું, શરીર મરડવું, બહુ જોરથી બુમો મારવી, હસવું, બોલવું, જમીન ખોદવી, મહેનત કરવી એ સઘળી વાતોને રજસ્વલા સ્ત્રીઓએ એકદમ છોડી દેવી જોઇએ.

નિયમ વિરૂધ્ધ વર્તવાનાં ફળ.

કોઇ સ્ત્રી જાણતા કે અજાણતા અથવા યુવાવસ્થાને લીધે અ- તિ લોભથી દૈવ યોગે તજી દેવાના કામો કરવા પડે તો તેવા ગ-

ર્ભમાં દોષ આવેછે. જો કોઇ રજસ્વલા સ્ત્રી રોવેતો તેના સંતાનના નેત્ર ખરાબ થઇ જાય છે, નખ લેવડાવવાથી ખરાબ નખવાળું સંતાન થાય છે, તેલ શરીરે ચોળવાથી સંતાન કોઢવાળુ થાય છે, ચંદન વગેરે ખુશબો ચીજનું લેપન કરવાથી અથવા સ્નાન કરવાથી સંતાન દુઃખી થાય છે, આંખ્યમાં કાજલ તથા સુરમો લગાડવાથી સંતાન આંધળું પેદા થાય છે દિવસે સુઇ રહેવાથી સંતાન દરિદ્રી, ઉંઘણુસી થાય છે, ભાગવા દોડવાથી સંતાન ચંચળ થાય છે, બહુજ મોટા અવાજ સાંભળવાથી સંતાન બહેરૂં થાય છે, બહુ હસવાથી સંતાનનું તાળવું, દાંત, જીભ બહુ કાળા થઇ જાય છે. બહુ બોલવાથી, બકબકાટ કરવાથી, બહુ મહેનત કરવાથી, જમીન ખોદવાથી અને હવા ખાવાથી સંતાન પાગલ થઇ જાય છે.

પુરૂષના કર્ત્તવ્ય.

કોઇ પુરૂષ યુવાવસ્થાને લીધે કામદેવને શરણે થઇ જાય અને રજસ્વલા સ્ત્રીના પ્રથમ દિવસે તેની સાથે સમાગમ કરે તો તે ટુંક આયુષ્યવાળો થાય છે. રજસ્વલાના બીજે દિવસે સ્ત્રી સમાગમ કરે તો સંતતી જીવતી નથી અને ત્રીજા દિવસે એ પણ તદન નિષેધ છે. કારણ કે તેમ કરવાથી તેના સંતાન અલ્પ આયુષ્યવાળા ખરાબ અંગવાળા પેદા થાય છે માટે પુરૂષે ૪-૬-૮-૧૦ અને ૧૨ મા દિવસની રાત્રીએ ગર્ભ ધારણ કરવાની વિધિ પૂર્વક સ્ત્રી સમાગમ કરવો એ ઉત્તમ છે.

સ્ત્રીઓના સોળ શૃંગારનું વર્ણન.

૧ શરીર દબાવવું, મરડવું, અથવા તેલ મર્દન કરાવવું. સાબુથી ચોળીને નહાવું, ૨ ભીન્ન ભીન્ન રંગની સાડી, દુપટા વગેરે વસ્ત્રો પહેરવા, ૩ માથુ ગુંથવું, સીંદુરનો સેંથો પુરવો. કપાળે તીલક વગેરે કરવા. ૪ આંખ્યોમાં કાજલ આંજવું, ખુશબોદાર તેલ માથામાં નાંખી માથાના બાલ ખેંચી બાંધવા અને બાલને અનેક રીતે સુધારવા, ૬ નાકમાં મોતી, ગલામાં ફુલની માળા, કાનમાં રત્ન જડીત કુંડળ પહેરવાં ૭ શરીરે ચંદન લગાડવું, મોતીયો, હેતો ગુલાબ, ચંપા વગેરે ખુશબોદાર અતર લગાડવાં ૮ પાન, ખાવા

૯ હોઠ તથા ગાલપર તેજસ્વી આવે એવી ચીજો લગાડવી, ૧૦ પગ અને હાથમાં મેંદી લગાડવી, ૧૧ અનેક જાતના કીંમતી ચાંદી, સોનાના ઘરેણાં પહેરવાં, ૧૩ હાથમાં કંકણુ, બંગડીયો વગેરે ચીજો પહેરવી, ૧૪ દાંતમાં મસી લગાડવી, ૧૫ ગળામાં કાળા રંગની ઝીણી ટોડી લગાડવી, ૧૬ પગમાં ઝાંઝર, સાંકળાં, કડલાં પહેરવાં એ સોળ શ્રૃંગાર સ્ત્રીઓના સજવાનાં છે.

પુરૂષના શ્રૃંગારનું વર્ણન.

સાબુ લગાવીને સ્નાન કરવું, સુગંધી પદાર્થના તેલનો શરીરે લેપ કરવો, માથામાં તેલ નાંખવું, સાફ ધોયેલા કપડાં પહેરવાં, રૂતુને માફક કપડાં પહેરવાં અને અન્ન આદી સુગંધીત પદાર્થ લગાડવા, હાથમાં સોનાની વીંટી પહેરવી, કાનમાં સોનાની વાળી પહેરવી, પ્રિય શબ્દો બોલવા હસમુખા રહેવું, હજામત કરાવવી, અનેક જાતની રાગ રાગણીઓથી ગાવું, વગેરેસૃંગાર પુરૂષોને સજવાના છે. હમારે ત્યાં ભીન્ન ભીન્ન જાતના ખુશબોદાર તેલ મળે છે મુલ્ય શીશી ૧ ના રૂ ૧। શ્રૃંગારદાનના રૂા. ૨।૦

પ્રકરણ ૧૧ મું.

વિવાહ વિષય.

હે ત્રિપુરારી વિવાહ કરવા વાળી સ્ત્રી વિષેનું વર્ણન કરો અને તેનું શુભા શુભ લક્ષણ કૃપા કરી મને જણાવો ત્યારે મહાદેવજી બોલ્યા કે હું કાંઇ તારાથી ગુપ્ત રાખવાનો નથી.

કન્યા પરીક્ષા.

હે રાજન ! જે કન્યા રોયા કરે અથવા સુઇ રહે અને ઘરમાં રહે નહિ એવી કન્યાનો વિવાહ કરવો નહિ બીજા પુરૂષની સાથે વિવાહ થઇ ગયો હોય, બીજા પુરૂષને દાન દઇ ચુકી હોય તો પણ કોઇ કારણને લીધે એનો પિતા ગુપ્ત રાખે તથા તે ખરાબ આચરણવાળી હોય, બહુજ ખુબસુરત હોય કે જેના ઉપર લોકો

બહુજ નજર નાંખતા હોય, જેના શરીરની ચાંબડી હાથીની માફક ફાટેલી હોય, કોઈ કુળમાં પેદા થઇ હોય અને બીજા કુળમાં પ- ળાતી હોય, રમતીયાળ, પશુઓને પાળવા વાળી, ઘેણી નાની અને ખુબસુરત હોય, મિત્ર અથવા બહુ પુરૂષોની સાથે સંબંધમાં આ- વતી હોય, વરથી મોટી ઉમર વાળી કે તેની બરાબર ઉમરની હોય સાત મહિને પેદા થઇ હોય એવા ૧૫ પ્રકારના લક્ષણો વાળી કન્યા ને વિવાહ કરતા ત્યજી દેવી જોઇએ, વરના ગોત્ર વાળી, કુલક્ષા લડાઇ ખોર વિગેરે લક્ષણો વાળી કન્યાના વિવાહ કરવા નહિ.

વિવાહ કરવાને લાયક કન્યા.

સારા ચિન્હવાળી પીતા, માતા, બહેન, ભાઇ વગેરે કુટું બની સુખી, દમ, ખાંસી, શ્વાસ જેવા રોગો નહોય, વરના સ્વભા વને મળતાવડી, વરના શરીરને મગતા બાંધાવાળી, સ્તનના દેખાવ ન જણાતો હોય, રજસ્વલા ન થઇ હોય, ભણેલી, લાવણ્ય યુક્ત બોલવા વાળી, વર ભણેલો હોયતો ભણેલી ન ભણેલ હોય તો મુર્ખી હોવી જોઇએ. વરની ઉમર સ્ત્રીની ઉમર કરતાં સવાઇ હોવી જોઇએ. કન્યા વરના ખભાની બરાબર ઉંચી હોય, જે કુળનો વર હોય તેવા કુળની કન્યા હોવી જોઇએ કન્યાની યુવાવસ્થા બગીયા- રમા વર્ષે શરૂ થાય છે અને વરની યુવાવસ્થા ૧૬માં વર્ષથી શરૂ થાય છે માટે તે સઘળી વાતનો ગુપ્ત વિચાર કરી વિવાહ કરવો.

વરની પરિક્ષા.

વર સીધા સ્વભાવનો, સંસ્કૃત વગેરે અનેક વિદ્યાનો જા- ણકાર, હુન્નરવાળો, સારા કુળનો, નિરોગી, હોવો જોઇએ. અને તે માટે કન્યાના પિતાએ પાંચ દશા જોવી. ૧ ધન, ૨ રૂપ ૩ વિદ્યા ૪ બુદ્ધિ ૫ કુટુંબ રૂપ કાણો, આંધળો, લુલો, લંગડો નપુંસક વગેરે ન હોય, વિદ્વાન અને હુંશીયાર હોય તે બીજી વાતોને છોડી દેવી જોઇએ.

વિવાહ વિધી.

હે રાજન ! જે લોકો વેદને માનતા હોય તેણે તે વિધી મુજબ વિવાહ કરવો ઉચ્ચીત છે ગણેશ વગેરેનું પુજન, કન્યાદાન,

ચાર ફેરા વગેરે ક્રીયા થયા બાદ કન્યા વરને લાયકની થાય છે. કન્યા પ્રથમ વરની પાસે સાત વચન કબુલ કરાવે છે. ૧ વ્રત, યજ્ઞ, દાન વગેરે પુણ્ય કર્મ કરો તે મને સાથે રાખીને કરવું ૨ ૭ ઋતુ વિહાર એટલે ૭ ઋતુઓના ફૂળ, વસ્ત્ર વગેરે રાગરંગ સાનિધ્યા યથા શક્તિ દેવી પડશે. ૩ તમારી શકિત અનુંસાર કુટુંબનું પાલન પોષણ કરવું, પશુઓનું રક્ષણ કરવું પડશે. ૪ લેણુ, દેણુમાં, રૂપીયા રાખવામાં, ધન, ધાન્ય, પશુ વીગેરે વેચવામાં મારી સમતિ લેવી. ૫ હું મારી બહેનપણીઓની સાથે બેઠી હોઉ ત્યારે મારાથી કોઇ અપરાધ થઇ ગયો હોય તો મને તે વખતે ક્ષમા કરવી અથવા એક તરફ બોલાવી મને શિક્ષા કરવી. ૬ પરસ્ત્રી સાથે પ્રિતી ન કરવી ૭. અને વિદેશમાં જવું પડે તો મારી ખબર, અંતર બરાબર લેવી એ સાત વચન કબુલ કર્યા પછી વર રાજાએ બીજા ૭. વચન કન્યા પાસે માંગી લેવા જોઇએ અને તે નીચે મુજબ છે. ૧ આજ્ઞા પાળવી. ૨ ધર્મ પ્રત્યે શ્રધ્ધા અને પતિવ્રતપાળવું ૩ કોઇ મનુંષ્ય દારૂ, ભાંગ વગેરે નીસો કરી આવે તેના સામે આવી ઉભા રહેવું નહિ ૪ બાગ, બગીચા, તમાશા અને મેળામાં કદી એકલા જવું નહિ ૫ મારી આજ્ઞા શિવાય અને બોલાવ્યા સિવાય તારા પીતાના ઘેર જવુ નહિ ૬ દૈવયોગે હું નિર્ધન થાઉ અગર અંખોડ ખાંપણ આવે તો મારી બરદાસ ચાકરી બરાબર કરવી પડશે ૭ અન્ય પુરૂષની સુંદરતામાં લુબ્ધ થઇ તેની સાથે સમાગમ કે કુચાલ ચાલી શકાશે નહિ. એ પ્રમાણે વરના સાત વચનો સ્ત્રીએ અને સ્ત્રીના સાત વચનો વડે સ્વીકાર કરી લેવા જોઇએ.

ગર્ભાધાન સંસ્કાર.

હે રાજન! હવે હું તને ગર્ભાધાન વિધી કહી સંભળાવુંછું તે સાવધાન થઇને સાંભળ! વિવાહ થયા પછી ૧-૨-૧૨ દિવસ સુધી અથવા ૧ વર્ષ સુધી બ્રહ્મચર્ય વ્રત પાલવું ઘરના સ્ત્રી ઉપયોગી કાંઇ, લેવા, દેવાનું સઘળું કામ સ્ત્રીને સોંપી દેવું. રજસ્વલા થયા બાદ ૪-૬-૮-૧૦-૧૨માં દિવસે સ્ત્રીએ સ્નાન કરી શુદ્ધ થઇ સોળ શણુગાર સજી નવા વસ્ત્ર ધારણ કરી સારા દિવસે, સોમ,

બુધ, ગુરૂ અને શુક્રવારે ગર્ભ ધારણ કરવાને માટે પતિ પત્નિ બન્નેએ માતૃપુજા અને અભ્યુદયકી શ્રાદ્ધ કરી પછી આલીંગન કરવું

સંતાન થવાના કારણ.

હે જન્મેજય ! રજસ્વલા થયા પછી ચોથી, છઠ્ઠી, આઠમી, દશમી, બારમી અને સોળમી રાત્રીએ સંગમ કરવાથી પુત્ર અને રજસ્વલા થયા પછી પાંચમી, સાતમી, નવમી, અગ્યારમી, તેરમી અને પંદરમી રાત્રીએ સંગમ કરવાથી પુત્રી ઉત્પન્ન થાય છે.

સ્ત્રી પાસે જનાર પુરૂષનું સ્વરૂપ.

હે રાજન ! પુરૂષે સ્નાન કરી શુદ્ધ થઇ શરીરપર સુગંધિત તેલ, અત્તર લગાવી, ઘણા ખુશબોદાર ફુલોની માળા પહેરી, વિર્યને ઘટ બનાવવા વાળાં પદાર્થોનુ ભોજન કરી સારાં શુદ્ધ વસ્ત્ર પહેરી, વિધ વિધ્ન આભુષણુ પહેરી, મ્હોમાં પાન ચાવી, પુત્રની ઇચ્છા કરતા કરતા શયન ભુવનમાં જવું.

અયોગ્ય પુરૂષનું વર્ણન.

બહુ જમવું, અધિરાઇ, ભુખ અને તરસથી પીડીત, શરીરમાં અનેક દુ;ખ હોય, નાની વય હોય અથવા મોટી વય એટલે વૃદ્ધ હોય, મલ મૂત્રની બહુજ હાજત થતી હોય, એવા લક્ષણવાળા પુરૂષો સ્ત્રી સમાગને બીલકુલ લાયક નથી.

યોગ્ય સ્ત્રી કથન.

સ્ત્રીએ શોળ શણગાર સજી નવિન વસ્ત્ર ધારણ કરી થોડું ભોજન કરી પુત્રની ઇચ્છા કરતી પુરૂષ સમક્ષ શયનગ્રહમાં જવું.

અયોગ્ય સ્ત્રી.

જે સ્ત્રીની વધારે ઉમર હોય, ઇંદ્રિય રોગીષ્ટ હોય, કામની ઇચ્છા ન હોય, વદ્ધ, રજસ્વલા, ચાંદી, ગર્ભિણી, મંદી, ખરાબ વર્તનવાળી એવી સ્ત્રી સાથે કદી ભુલથી પણુ સમાગમ ન કરવો.

ગર્ભીણી સ્ત્રીની ઓળખ.

હે રાજન, હવે હું તમને ગર્ભવતી સ્ત્રીની ઓળખ કરાવું છું

માટે સાંભળ ! જે સ્ત્રીને આવ બંધ થઇ ગયો હોય, થાક લાગેલો માલુમ પડતો હોય, તરસ બહુ લાગતી હોય, જાંઘમાં દર્દ થતું હોય ગુપ્ત અંગ ફરકતું હોય, અને બહુજ શ્રમ જણાતો હોય એવા ચિન્હ જણાતા હોય તે સ્ત્રીને ગર્ભવતી જાણવી, એથી વિશેષ એ છે કે સ્તનોનુ મુખ કાળું (શ્યામ) થઇ જાય છે. રોમ ઉભા થઇ જાય છે, બન્ને આંખ્યો બંધ થઇ જાય છે રાત્રિ અને દિવસ ઉંઘ આવે છે, ઉલટી થાય છે, શરીર ભારે ભારે થાય છે, પરસેવો વળે છે, ખુશબોદાર પદાર્થ સુંઘવાથી બ્હીક લાગે છે એ લક્ષણો ગર્ભવતી સ્ત્રીના છે.

ગર્ભીણી સ્ત્રીના કર્તવ્ય.

ગર્ભવતિ સ્ત્રીએ ગર્ભ રહે ત્યારથી પ્રસન્ન મુખ રહેવું જોઇએ, કપડા, દાગીના પવિત્ર થઇ પહેરે, સાફ કપડુ પહેરે, દેવ તથા ગુરૂની શેવા પૂજા કરે, અને મીઠા, ચીકણા, હલકા, મન પસંદ, પચી શકે તેવા, અગ્નિને પ્રદિપ્ત કરે તેવાં તાજા પદાર્થોનું ભોજન કરે, ગર્ભવતિ સ્ત્રીએ બહુ ભોજન મૈથુન, મહેનત, ઉપવાસ, જાગરણ, શોક, ઘોડા, ઉંટ, ગાડીમાં બેસી ફરવું, ફસ ખુલાવવી, પેસાબ અને દસ્તને રોકવા, ઉંચા આસને બેસવું, વીગેરે કામ બીલકુલ કરવું નહિ, ગર્ભવતી સ્ત્રીને જે અંગમાં દર્દ થતું હોય તેવુંજ દર્દ ગર્ભમાં રહેલા બાળકને થાય છે. ગર્ભવતિ સ્ત્રી પાસે ગંદી, ગોબરી, કદરૂપી, પક્ષપાતી સ્ત્રીને બેસવા દેવી નહિ તેમ તેને સુવા દેવી નહિ. ગંધાતી ચીજોને સુંઘવી નહિ, આંખ્યોને ન ગમે તે તરફ જોવું નહિ, કાનોને પ્રિય ન લાગે તેવું સાંભળવું નહિ, સુકા, વાસી, ખરાબ સડેલા અન્ન ન ખાવા, ઘર છોડી બહાર ન જવું, ક્રોધ કરવો નહિ, ઉજાડ ઘરમાં જઇ રહેવું નહિ, સ્મશાન અને એવી જગોપરના ઝાડ તથા જે મનને ઠીક ન લાગે તેવી જગોપર જઇ બેસવું નહિ, મોટા અવાજે સાંભળવા નહિ તેમ મોટેથી બોલવું નહિ તેમ જો વર્તવામાં ન આવે તો ગર્ભ પડી જાય છે. તેલ લગાવવા તથા મર્દન કરવાનું તદન ત્યજી દેવું. કઠણ બીછાના પર, ઉંચા આસન પર સુવું નહિ, દોડવું, ઉંચા નીચા સ્થાનપ

ચઢવું, ઉતરવુ ગાડીમાં બેસી ફરવું નદીપાર ઉતરવું, ગરમ દવાઓનું સેવન કરવું, ભાર ઉપાડવો, સંભોગ કરવો એ સઘળી બાબતોને ગર્ભીણી સ્ત્રીએ ત્યજી દેવી જોઇએ.

યુરોપીયન ગર્ભીણી સ્ત્રીના નીયમો.

વાંચકો વિલાયતની ગર્ભીણી સ્ત્રીઓ હમોએ જણાવ્યા મુજબ વર્તે છે પરન્તુ એક વાત તેમનામાં વિશેષ જોવામાં આવેછે અને તે ઘણી ઉત્તમ છે અને તે મુજબ આ દેશની સ્ત્રીઓએ જરૂર વર્તવું જોઇએ છીએ. વિલાયતમાં રહેતી ગર્ભવતિ સ્ત્રી સારા શુરવીર સંતતિ ઉત્પન્ન કરવાની ઇચ્છા રાખતી આનંદથી દિવસો નિર્ગમન કરે છે. તે સ્ત્રીઓને ગર્ભ રહે છે ત્યારથી વિરપુરૂષોના જીવન ચરિત્રો વાંચવા લાગે છે બીજાના મોઢેથી તેઓના જીવન ચરિત્રો સાંભળવામાં લીન થઇ જાય છે એ મુજબ ૧૦ માસ સુધી લીન થઇ જાય છે એવા આચરણ વાળી સ્ત્રીને જ્યારથી છોકરાં પેદા થાય છે ત્યારથી વિરપુરૂષોના લક્ષણ દેખાઈ આવે છે, વળી તે દેશની સ્ત્રીઓ ગર્ભ રહ્યા પછી એમ માને છે કે મારા સંતતી ધર્મમાં લુબ્ધ અને પરોપકારી થાય તો સારૂ એવી ઇચ્છા વાળી સ્ત્રી જ્યારથી ગર્ભ રહે છે ત્યારથી ભકત લોકોના જીવન ચરિત્ર, ધર્મના પુસ્તકો, ધર્મચર્ચા અને ધર્મનો ઉપદેશ વાંચે છે, અને લોકોને સંભળાવે છે અને દેવ, દેવસ્થાનોમાં જઇ ધર્મ ગુરૂઓ પાસેથી ધર્મના વ્યાખ્યાનો, ધાર્મીક ઉપદેશો સંતતી ઉત્પન્ન થતા સુધી સાંભળે છે. વળી કોઇ સ્ત્રી રાજ નિતિજ્ઞ સંતતિ ઉત્પન્ન કરવાને ચાહે તો તેઓ મોટા મોટા રાજનિતિજ્ઞ પુરૂષોના જીવન ચરિત્રો વાંચે છે, સાંભળે છે અને સંભળાવે છે. રાજકાજના કામ કાયદાથી માહિતગાર થાય છે અને તેઓ રાજચર્ચા તથા તેને લગતાં પુસ્તકો વાંચે છે અને સાંભળે છે અને જ્યારે તેને સંતાન ઉત્પન્ન થાય છે ત્યારે તે રાજ કાજમાં પ્રવિણ, બુધ્ધીવાન અને રાજ દરબારમાં સારો આદર સત્કાર મેળવવાવાળો થાય છે. કોઇ ગર્ભીણી સ્ત્રી વ્યવહારકામમાં કુશળ એવા સંતાનને જન્મ આપવા ઇચ્છતી હોઃ છે રતતે સ્ત્રી વ્યવહારીક સોદાગરોના જીવનચરિત્ર વાંચવાં, સાંભળવામાં

૧૦ માસ કાઢે છે અને પછી તેના પેટે ઉત્પન્ન થયેલ સંતતિ
આખો દુનિયામાં સારૂં નામ મેળવે છે. વળી કોઇ સ્ત્રી એવું ઇ-
ચ્છે કે આખી સૃષ્ટીમાં મારૂં સંતાન વિદ્વાન થાય તો સારૂ તેવી
સ્ત્રી ગર્ભ રહ્યા પછી મોટા મોટાં વિદ્વાન પુરૂષોનાં જીવનચરિત્રો
વાંચવા, સાંભળવામાં દિવસો વીતાવે છે. ભારત વાસીઓ ! વીલા-
યતના લોકો અનુભવથી કહે છે કે ગર્ભીણી સ્ત્રીઓ જેવા પુરૂ-
ષોના જીવન ચરિત્રો, કથાઓ વાંચે છે સાંભળે છે તેવી નિતિ રિ
તી તેના સંતાનોમાં આવે છે માટે તે તરફ ખાસ ધ્યાન આપવા-
ની જરૂર છે. આ ભારતવર્ષમાં એક દિવસ એવો હતો કે ઉપ-
ગના નિયમાનુસર લોકો વર્તતા હતા તેથી રૂષિ, મુનિ અને ત્રિકાળ
જ્ઞાની પુરૂષો, ભીમ, અર્જુન જેવા મહાન યોધ્ધાઓ, વિમાન આ-
દિ બનાવવા વાળા વિશ્વકર્મા જેવા નામીક એન્જીનીયરો, રામચંદ્ર
જી જેવા તપોબળી વગેરે આ ભુમિમાં ઉત્પન્ન થયાં હતાં કે
જેઓના નામ આજ સુધી અમર છે અને કાળાંતર સુધી અમર
રહેશે. આજે તેનાથી કાંઇ જુદુજ જોવામાં આવે છે. નાની નાની
વાતો સાંભળીને મોટા વિદ્વાન થવાના ડોળ બતાવે છે, વિદ્યા બુદ્ધિ
બળ વગેરે ગુમાવી દીધું છે. આમ વિપરીત થવાનું કારણુ આપણે
સઘળા પૂર્વના નિયમ છોડી દીધાનુંજ છે. ધર્મની પરવા કરતા
નથી. રાત્રિ દિવસ ખોટા કર્મ કરી રહ્યા છીએ, બ્રહ્મચર્ય
પાળવામાં આવતું નથી, અકલ મારી ગઇ છે વિદ્યા મેળવવાની
છોડી દીધી છે, રાત્રિ દિવસ આળસમાં પડી રહીએ છીએ, સમયની
કિંમત ગુમાવી બેઠા છીએ એ બધાનું ફળ આજે આપણે ભોગ-
વીએ છીએ. જુઓ ! વિલાયતવાળા લોકો અજાયબ પમાડે એવી
યુક્તિઓ કાઢી ચુકયા છે અને કાઢતા જાય છે તેનું કારણુ ગર્ભ-
વતી સ્ત્રિઓ ગર્ભ રહે છે ત્યારથી મનપસંદ ઉપદેશ સાંભળે છે,
નિયમ પ્રમાણે ચાલવાની મુખ્ય ફરજ સમજે છે અને તેથી આજે
તેઓનું નામ દુનિયામાં આગળ પડતું થઇ પડયું છે ધન્ય છે તેવી
માતાઓને કે એવા સંતાનો પેદા કરી પોતાના નામની જય બો-
લાવી રહી છે. તેઓના પુરૂષોને પણ ધન્યવાદછે કે નીયમસર વ-

ર્તી સમયની કીંમત કરી નામ આગળ કાઢે છે ધન્ય. છે તે ભુમિને કે જેનાપર એવા બુદ્ધિમાન સ્ત્રી, પુરૂષો વસે છે. વાંચકો હવે તમે બરાબર સમજો અને પોતાની પ્રજાને અભ્યાસ કરાવો, ધર્મપર શ્રદ્ધા રાખો, સમયને નકામો ન ગુમાવો, નિયમસર ચાલો, સાચા રાજભકત બનો તોજ તમારૂં કલ્યાણ થશે.

ગર્ભમાં પુત્ર છે કે કેમ તેની ઓળખ.

હે રાજન ! જો સ્ત્રીને ગર્ભમાં પુત્ર હશે તો ગર્ભ રહ્યા પછી બીજા મહિને ગર્ભ ગોળ પીંડાકાર દેખાશે, પહેલા સીધ્ધાસ્તનમાં દુધ આવે, સીધી આંખ કાંઇક મોટી દેખાય, ચહેરાનો રંગ સારો માલુમ પડે મુખ હસમુખું પ્રસન્ન દેખાય, સીધી જાંગ મોટી દે-દેખાય અને સ્વપ્નામાં કમળ, પુષ્પ કેરી વીગેરે ફ્ળો મળે, પુરૂષ વાંચક પદાર્થોની ઇચ્છા રહે એવા લક્ષણવાળી સ્ત્રી જરૂર પુત્રને જન્મ આપે છે.

ગર્ભમાં પુત્રી છે કે કેમ તેની ઓળખ.

જે સ્ત્રીને ગર્ભ રહયા પછી બીજે માસે ગર્ભ લાંબો દેખાય અને ઉપર વર્ણવેલા લક્ષણો કરતાં વિરૂદ્ધ લક્ષણો માલમ પડે તો તેની સ્ત્રી જરૂર પુત્રીને જન્મ આપે છે.

ગર્ભમાં નપુંસક હોય તેની ઓળખ.

જે સ્ત્રીનો ગર્ભ અર્ધ ફ્લાકાર હોય, આગળથી પેટ મોટું હોય, બન્ને કુખથી ગર્ભ ઉંચો આગળથી નીકળ્યો હોય, એવા લક્ષણવાળી સ્ત્રી નપુંસક સંતાનને ઉત્પન્ન કરે છે. વિર્ય અધિક હોય તો પુત્ર અને રજ અધિક હોય તો પુત્રી અને બન્ને સમભાગ હોય તો નપુંસક સંતાન ઉત્પન્ન થાય. છે. ગર્ભવંતિ સ્ત્રી સાથે પુરૂષે કદાપી પણ સમાગમ કરવો નહિ તેમ છતાં જો કરવામાં આવે તો ગર્ભ ગળી જાય છે (પડી જાય છે) અગર તો ઘણી જાતની સ્ત્રી અથવા સંતાનની ખરાબી થાય છે.

સંતાન થવાની અવધિ.

ગર્ભવતિ સ્ત્રી ૯-૧૦-૧૧ અને ૧૨ માં મહિનામાં ૨ દાન

જન્મ આપે છે. પરન્તુ કોઇ પણ પ્રકારનું વિરૂદ્ધ આચરણ રચવામાં આવે છે તો વધારે મહિના સંતાનને જન્મ આપવામાં થાય છે.

ગર્ભવંતીનું ઘર.

ગર્ભવંતી સ્ત્રી કે જેના માટે સંતાનનો જન્મ આપવાને માટે જે ઘર તૈયાર રાખવામાં આવ્યું હોય તે આઠ હાથ લાંબુ ૧૨ હાથ પહોળું સાફ રાખવું અને તેનું બારણું પૂર્વ અગર ઉત્તર તરફ રહેવું જોઇએ.

સંતાન જલદી ઉત્પન્ન થવાના ચિન્હ.

બન્ને કાખ શિથિલ થઇ જાય, પેડામાં દર્દ થવા લાગે, મળ, મૂત્ર ઘડીએ ઘડીએ થાય, વાંસા અને કમરમાં દર્દ થાય એવા ચીન્હ જણાતાં તુરતજ સંતાન ઉત્પન્ન થશે એમ જાણવું.

પ્રસુતીના નિયમો.

સંતાન પેદા થયા પછી સ્ત્રીઓએ મનપસંદ આહાર વિહાર કરવો એ ઉત્તમ છે. વળી વૃદ્ધ સ્ત્રીઓ જે બતાવે તે પ્રમાણે અથવા વંશપરંપરાથી ચાલ્યા આવતા રિવાજ મુજબ પ્રસુતી થયા પછી સ્ત્રીઓને ખોરાક આપવો પરન્તુ ક્રોધ, મૈથુન મહેનત અને ઠંડી ચીજોનું સેવન બીલકુલ કરવું નહિ. પ્રસુતી સ્ત્રી જો નીયમ વિરૂદ્ધ વર્તે તો તેને અસાધ્ય રોગ જેને સુવા રોગ વગેરે રોગો કહેવામાં આવે છે તેવા રોગ થઇ જાય છે. એટલે એવા રોગોમાંથી ભાગ્યેજ લોકો બચે છે.

પ્રકરણ ૧૨ મું.

દિન ચર્યા.

જન્મેજય બોલ્યા હે નાથ ! હવે આપ દિનચર્યા રાત્રી ચર્યા, ઋતુ ચર્યા વગેરેનું વર્ણન કરો કારણકે મારી તે સાંભળવાની ખાસ ઇચ્છા છે ત્યારે મહાદેવજી બોલ્યા કે હે રાજન ?

તુ જે પુછે છે, તે સંભળાવું છું માટે મન દઇ સાંભળો પ્રાણી
માત્રે સવારે ચાર વાગે ઉઠી રોગ, શોક, ભય વગેરે ઉપદ્રવો દૂર
કરવાને શ્રી મધુસુદન ઇશ્વરનું સ્મરણ કરવું જોઇએ પછી ઉઠી
દહી, ઘી, સફેદ સરસવ, ગોરૂ ચંદન અથવા વેલનો સ્પર્શ કરી
પછી તેના દર્શન કરવા તેમ :નહિતો આરસીમાં પોતાનું મોઢું
જોવું તેમ કરવાથી ઘણા પ્રકારના કામ સીધ્ધ થાય છે. ટુંક આ-
યુષ્ય વાળા લોકો લાંબો સમય સુધી જીવવા ઈચ્છે તો હમેશાં
ઘીમાં પોતાનું મોઢું જોવું પછી મળ મુત્રથી શુદ્ધ થવું કે જેથી
વાયુ, આફરો એવા રોગો થતા નથી અને તેને રોકવાથી પેટમાં
દર્દ થાય છે. ગુદામાં પીડા, પેટનું ફુલવું, છારોડીયા ઓડકાર, ચ-
કર આવવા, માથાનું દર્દ વગેરે પ્રકારના રોગો થાય છે. જુઓ
પેસાબ રોકવાથી ગુપ્ત સ્થાનમાં પીડા વગેરે રોગ થાય છે માટે
હાજત થાય કે તુરતજ ગમે તેવું કામ હોય તે છોડીને હાજત
માટે જવું. જોરથી ઝાડે જવું નહિ કારણકે તેમ કરવાથી વીર્ય
ખલીત થઇ જાય છે—કામ, ક્રોધ, ભય, શોક વગેરે મનના વિકા-
રોને રોકવા જોઇએ. ગુદા વગેરે સ્થાનોને સાફ રાખવાથી કાન્તિ
વધે છે, બળ વધે છે, મન શુદ્ધ થાય છે. પગ ધોવાથી મોંની
કાન્તિ વધે છે અને થાક દૂર થાય છે. શકિત આવે છે. ત્યારબાદ
૧૨ આંગળ લીંબડા, બાવળ, પીપળા, આંબા, આવળના ઝાડનું
દાતણ કરવું. અથવા દંતમંજન લઈ દાંત સાફ કરવા, ઠંડાપાણીથી
મુખ ધોવું. એમ નિત્ય કર્યાથી દાંત તથા મુખની દુર્ગંધનો નાશ
થાય છે. દાંતના દર્દ, દાંત હાલવા વગેરે રોગ દુર થાય છે, આં-
ખમાં સુરમા લગાડવાથી આંખના સઘળા રોગનો નાશ થાય છે.
પરન્તુ રાત્રીએ જાગરણ કર્યું હોય, તાવ આવતો હોય, થાક
લાગ્યો હોય, માથાપર ખુબ પાણી રેડી સ્નાન કરતો હોય અને
જમી રહ્યા પછી તુરતજ સુરમો કોઇએ આંખમાં લગાડવો નહિ.

હજામત.

દર પાંચ દિવસે પ્રત્યેક પુરૂષે હજામત કરાવવી જોઇએ
અને નખ લેવડાવવા જોઇએ એમ કરાવવાથી ધન ધાન્યની વૃદ્ધી

થાય છે એટલુંજ નહિ પણ આયુષ્ય વધે છે દારિદ્રતાનો નાશ થઇ જાય છે. શરિરનું તેજ વધે છે, શરિરમાં શકિત આવે છે. ચહેરાપર સુંદરતા આવે છે નાકની અંદરના બાળ કોઇ દિવસ કપાવવા કે ખુંટાવવા નહિ કારણકે તેથી અશકતી વધે છે અને આંખોનું તેજ કમી થાય છે. માથાના બાલને હમેશાં સાફ કરવા જોઇએ અને તેથી બાલ તેજદાર થઇ મેલ દુર થાય છે દર્પણમાં હમેશાં મુખ જોવું જોઇએ તેથી ઉમર વધે છે, દારિદ્ર દૂર થાય છે. કાંતી તેજસ્વી થાય છે. પાપ દુર થાય છે અને શકિત વધે છે.

કસરત.

કસરત કરવાથી બલ વધે છે, અશકિત દૂર થાય છે, અજીર્ણ મટી જાય છે અને વીર્ય પુષ્ટ (ઘટ) થાય છે. શિથિલતાનો નાશ થાય છે વૃદ્ધાવસ્થા દૂર રહેવા પામે છે. શરિર સશક્ત અને તેજસ્વી બનાવવાને કસરત મુખ્ય ઔષધ છે. બગલ. કાખ, વગેરે શરીરમાં પસીનો ખુબ થઇ આવે એટલે કસરત કરવી નહિ. ઉધરસ, ક્ષય, શ્વાસના રોગીઓએ તથા જેના શરીરપર સોજો હોય તેણે કસરત કરવી નહિ. શરીરમાં અશકિત હોય, પીતના રોગ હોય, સંભોગ કર્યા પછી તુરતજ કે ભોજન કર્યા પછી કદી પણ ભુલથી કસરત કરવી નહિ. બહુજ કસરત કરવાથી તાવ, ખાંસી, ઉલટી, શ્વાસ, મુર્ચ્છા, થાક, તરસ વગેરે પ્રકારના રોગ લાગુ પડે છે.

શરીરને મર્દન કરવું.

શરીરપર તેલ લગાડી મર્દન કરાવવાથી ત્વચાના સઘળા રોગ દૂર થાય છે. શરીર તેજસ્વી થાય છે. શરીરની કાંતી વધે છે અને રંગમાં પણ ફેરફાર થાય છે.

સ્નાનવિધિ,

હમેશ સ્નાન કરવાથી બળ વધે છે, પાચન [શકિત] આવે છે, શકિત અને વય વૃધ્ધિ પામે છે. સુસ્તીનો નાશ થાય છે. પાપ, મેલ, પસીનો, ખુજલી તરસ વગેરે દૂર થાય છે, તાવ આવતો

હોય, આંખ દુખવા આવી હોય અજીર્ણ થયું હોય, કાનમાં દર્દ થતું હોય, આફરો, વાયુ, અતિસાર વગેરે પ્રકારનાં રોગ જેને હોય તેણે ન્હાવું નહિ. ન્હાયા પછી એક કપડાથી શરીર સાફ કરવાથી ત્વચાના સઘળાં રોગોનો નાશ થાય છે અને કાંતિ વધે છે.

કપડા પહેરવા.

શીતકાળમાં રેશમી અને લાલ રંગનાં કપડાં પહેરવાં જોઇએ. ઉનાળાના દિવસોમાં ભમરા રંગના રંગીન હલકા સાફ કપડાં પહેરવા જોઇએ. સફેદ કપડા સારા તાપ અને શરદીને દુર કરવા વાળા છે. માટે ચોમાસામાં તેવાં પહેરવાં જોઇએ. ચોમાસામાં ગરમ કે સુતરાઉ કપડા પહેરવા નહિ. નવા સાફ કપડા પહેરવાથી ઉત્સાહ વધે છે, આયુષ્ય વધે છે. દરિદ્ર નાશ પામે છે કામની ઇચ્છા ઉત્પન્ન થાય છે. આદરસત્કાર કરાવેછે. શરીરમાં સુખ દેવાવાળાછે. એટલુંજ નહિ પણ તે અન્ય લોકોને આંજી દેવાવાળાં છે. ગંદા કપડા પહેરવાથી જુઓ પડે છે. શરીરપર ખુજલી (ચળ) આવે છે. દાદર, ખસ એવા ચામડીના રોગો થઇ આવે છે, લોકો મશ્કરી કરે છે માટે સારા લોકોએ કદી પણ મેલાં કપડા પહેરવા ન જોઇએ અને એક બીજાના તેમાં વિશેષ કરી કોઇ રોગીના કપડ પહેરવા ન જોઇએ

ભોજન વિધિ.

જમવાની [illegible], સુવાની, મલમુત્ર ત્યાગ કરવાની જગા બીલકુલ એકાન્ત [illegible] જોઇએ. એવા સ્થાનો પર બીજા મનુ ષ્યની નજર ન પ[illegible]ચતી [illegible]વી હોવાથી લક્ષ્મીની વૃદ્ધિ થાય છે એથી ઉલટું વર્તવાથી દરિદ્રતા આવે છે, લક્ષ્મીનો નાશ થાય છે, ભોજન કરતાં પહેલાં મીઠું અને આદુ ખાવાથી ભુખ સારી લાગે છે. જીભ અને ગળું સાફ થાય છે બે ભાગનું ભોજન અને એક ભાગનું પાણી તથા એક ભાગની હવાથી [illegible] જોઇએ જમ્યા બાદ ૧૦૦ ડગલાં ધીમેથી ફરવું [illegible] રહેવાથી આળસ થાય [illegible] દોડવાથી માંદગી આવે છે. સુ[illegible] જવાથી શરીરમાં શક્તિ આવે છે ધીમે ધીમે ચાલવાથી ઉમર વધે છે. પ[illegible] [illegible] સુઇને

સુવું પછી ૮ શ્વાસ લેવા પછી ઉંચા સીધા થઇને ૧૬ શ્વાસ લેવા ગ્રીષ્મ ઋતુ સિવાય દિવસમાં કોઇ દિવસ સુવું નહિ જોઇએ.

સુર્યાસ્ત સમયે છોડી દેવાના કામ.

સંધ્યા વખતે જમવું, સુવું, સંભોગ કરવો, ભણવું, ભણાવવું અને યાત્રા કરવી એ તદન નિષેધ છે. સંધ્યા સમયે ભોજન કરવાથી બીમાર પડી જવાય છે. સ્ત્રી સંગ કરવાથી ગર્ભમ બીગાડ થાય છે. અને નિદ્રા લેવાથી નિર્ધન થવાય છે. ભણવાથી ઉમર ઓછી થાય છે તથા ચાલવાથી ભય થાય છે.

રાત્રિ ચર્ચ્યા.

રાત્રિ પડયા પછી એક પહોર પછી દિવસ કરતાં કાંઇક કમતી હલકુ ભોજન કરવું. પચી ન શકે તેવો ખોરાક લેવો નહિ અજવાળી રાત્રિ આનંદ આપે છે. અને અંધારી રાત્ર બીહામણી દેખાય છે.

સહવાસ.

હે રાજન ! મનુષ્ય માત્રના શરીરમાં સંભોગ કરવાની લહેરો ઉભરાઇ આવે છે, ઇચ્છા થતાંની સાથે વીર્યને રોકવાથી પ્રમેહ, શિથીલતા અને નામર્દાઇ વગેરે રોગ થઇ જાય છે. ૧૬ વર્ષની ઉમર સુધી સ્ત્રીની બાલ્યાવસ્થા જણાય છે. ૧૬ થી ૩૨ વર્ષ સુધી યુવાવસ્થા જણાય છે અને ૩૨ થી ૫૦ વર્ષની ઉમ્મર સુધી અધિરૂઢા જણાય છે અને ત્યારબાદ વૃદ્ધાવસ્થા ગણાય છે. હવે બાલાવસ્થા સ્ત્રી સાથે ગ્રીશ્મ અને શરદ ઋતુમાં સંભોગ કરવો, ઠંડી મોસમમાં યુવાવસ્થાની સ્ત્રી સાથે સંભોગ કરવો અને વસન્ત અને વર્ષાઋતુમાં અધિરૂઢા સ્ત્રી સાથે સંભોગ કરવો એ અતિ ઉત્તમ છે. અને એ પ્રમાણે બાલાની સાથે સંભોગ કરવાથી નીત્ય બળ વધે છે. તરૂણી સાથે સહવાસ કરવાથી નાકૌવતવાન થવાય છે. અધિરૂઢાની સાથે સહવાસ કરવાથી વૃદ્ધાવસ્થા આવે છે. નવા અદદ, ગર્માગરમ ભોજન, બાલા સ્ત્રી દૂધની ખીર, ઘી, દુધ, ઉનુ પાણી એ છ પદાર્થ શરીરમાં શકિત આપવાવાળા છે, વૃદ્ધ સ્ત્રી, જુના અદદ, તાજું દેહી, હલકો ખોરાક, પ્રભાત સમયનો સંભોગ, સવા-

રની નીંદ એના સેવનથી પુરૂષ તદન અશકત થઇ જાય છે એ પ્રાણુને નાશ કરવાવાળી ચીજો છે. વૃદ્ધ પુરૂષ તરૂણુ સ્ત્રીના સહવાસથી તરૂણુ થઇ જાય છે. અને તરૂણુ પુરૂષ વૃદ્ધ સ્ત્રીના સહવાસથી વૃદ્ધ થઈ જાય છે.

ષટ રૂતુ વિહાર.

હે રાજન ! નિયમીત રીતે વિહાર કરવાથી બલહીણુ થવાતું નથી. હેમની રૂતુમાં વાજીકરણુ ઔષધીઓનું સેવન કરીને સહવાસ કરવાથી શરદ અને વસન્ત રૂતુમાં બે ત્રણુ દિવસના આંતરે સહવાસ કરવાથી, ગ્રીષ્મ અને વર્ષાદ ઋતુમાં મહિનામાં ચાર વાર સહવાસ કરવાથી, ઠંડી રૂતુમાં રાત્રિના વખતે સહવાસ કરવાથી ગ્રીશ્મ રૂતુમાં દિવસે સમાગમ કરવાથી, વસન્ત રૂતુમાં રાત્રિ અને દિવસમાં ગમે ત્યારે સમાગમ કરવાથી, વર્ષા રૂતુમાં વીજળી ચમકતી હોય, વર્ષાદ પડતો હોય એવા વખતમાં સમાગમ કરવો એ ઘણુંજ શ્રેષ્ઠ છે. નદિના કીનારાપર, જેની આસપાસ ફળ, ફુલના ઝાડોની ઘટા લાગી રહી હોય, એવા આનંદ પમાડે તેવા તળાવના કીનારાપર શરદરૂતુમાં સમાગમ કરવો એ અતિ ઉત્તમ છે. હે રાજન ! ઠંડી મંદમંદ સંગધી વાયુની લહેરો વાતી હોય, ચોમેર શાન્તિ પથરાઇ રહી હોય, ગાયન વગેરે નાદ ગુરૂજનનો જ્યાંથી સાંભળી ન શકતા હોય તેવો દુર એકાન્તમય, ભય રહિતવાળ એવા સુંદર મકાનમાં મનોરમા સ્ત્રી સાથે વિહાર કરવો શ્રેષ્ઠ છે સમાગમ કર્યા પછી સ્નાન કરવું જોઇએ પછી સાકર નાંખેલું દુધ પીતું તાજી હવા ખુબ લેવી. અને તાજી મીઠાઇ ખાવી ત્યારબાદ સુઇ જવું એ બહુજ ફાયદો કરે છે. બહુ વખત સ્ત્રી સમાગમ કરવાથી ખાંસી, તાવ, શ્વાસ, ક્ષય, પાંડુરોગ, કમજોરી વગેરે અનેક પ્રકારના રોગ પેદા થાય છે.

રૂતુનું વર્ણન.

માઘ અને ફાગણુ માસને શિશિર રૂતુ. ચૈત્ર વૈશાકને વસન્ત, જયેષ્ઠ અને અષાઢનો ગ્રીશ્મરૂતુ, શ્રાવણુ અને ભાદરવા માસને વર્ષા રૂતુ, આસો અને કાર્તક માસને સરદરૂતુ તથા માગશર અને પોષને હેમન્ત રૂતુ જાણુવી.

ઋતુ ચર્યા.

વર્ષાકાલમાં ખાટા, મીઠા, તીખા, તમતમતા, કડવા, ક્ષારવાળા રસ ખાવાં જોઈએ, શરીર સાફ રાખવું, ગરમ ચીજ, દહીં, અડદ વગેરે ખાવાં, કુવા અને ઝરણાના તાજા પાણી પીવા એ ઉત્તમ છે. દિવસે સુવું, ઘણોજ પરિશ્રમ ઉઠાવવો, પાણીમાં પડી રહેવું, સ્ત્રી સેવન બહુ કરવું. નદી કીનારે વાસ કરી રહેવું એ કામ વર્ષાકાલમાં બીલકુલ દરકાર નહિ. શરદ ઋતુમાં ઘી, દૂધ ખાવા, સાકર અને દ્રાક્ષનું સેવન કરવું નદીનું પાણી પીવું, સાફ કપડા, પુષ્પ, ચંદન, કપૂર અને તડકાનું સેવન કરવું એ ઉત્તમ છે, તળાવ નદીના પાણીમાં સ્નાન કરવા, પ્રિય વચન બોલનારા મિત્રમંડળને ખુશ કરવા વગેરે બાબતો લાભ કર્ત્તા છે. દહીં ખાવું, કસરત કરવી, તડકામાં બેસવું, બરફ ખાવો, ખાટા પદાર્થો ખાવા એ સઘળી ચીજો નુકશાન કર્ત્તા છે. હેમન્ત ઋતુમાં સ્ત્રીઓથી પ્રેમ કરવો, ગરમ પાણીથી ન્હાવું, ગરમ કપડાં પહેરવાં. તેલ, કસ્તુરી વગેરે ગરમ પદાર્થોનું સેવન કરવું, વ્હેલી સવારમાં ભોજન કરવું, શરીરે તેલનું મર્દન કરાવવું. મહેનત (કસરત) કરવી, પસીનો થાય તેટલા જોરથી કામ કરવું જોઈએ. શિશિર ઋતુમાં હેમન્ત ઋતુની માફક વર્તવું એ ફાયદા કર્તા છે. વસન્ત ઋતુમાં હમેશાં ખુલ્લી હવામાં ફરવું, અગર, કેશર, કપુર, ચંદન વગેરે સુગંધીત પદાર્થો લગાડવા ચોખા અને મગની દાલખાવી એ શ્રેષ્ઠ છે. ગ્રીષ્મ ઋતુમાં ઠંડુંપાણી પીવું, દીવસે સુવું પૂર્ણ ચંદ્ર ખીલ્યો હોય ત્યારે તેના અજવાળામાં ઉઘાડા શરીરે બેસવું, સુખડ વગેરે સુગંધિત અત્તર લગાડવા, ખડબુચ, સકરટેટી વગેરે સકર સાથે ખાવા, ખીર દુધનું સેવન કરવું એ સૌથી ઉત્તમ છે. ઉપરના નિયમો પ્રમાણે જે મનુષ્યો વર્તે છે તેઓ ભાગ્યેજ કોઇ પણ પ્રકારની બીમારી ભોગવે છે.

પ્રકરણ ૧૩ મું.

જન્મેજય મહાદેવજીને કહેવા લાગ્યા કે હે ત્રીપુરારી હવે

મારી ઇચ્છા ૬૪ કલાકામવૃત્તિ. કામકલા, કામ શક્તિનું વર્ણન સાંભળવાની ઇચ્છા થઇ છે માટે કૃપા કરી તેનું વર્ણન સંભળાવી મને કૃતાર્થ કરશો.

ચોસઠ કલાવર્ણન.

મહાદેવજી કહેવા લાગ્યા કે હે રાજન હવે હું તને ચોસઠ કલાનું વર્ણન કહી બતાવું છું તે એક ચીત્તે સાંભળ. " કર્માશ્રયા ચતુર્વિંશતિકલા " ગીત, નૃત્ય, વાદ્યમ, લિપિજ્ઞાનમ, વચનં ચોદારં, ચિત્રવિધિ, પુસ્તકર્મ, પત્રચ્છેદમ, માલ્યવિધિ, આસ્વાદ્ય વિધાનમ, રતન પરીક્ષા, સીવ્યમ, રંગપરિજ્ઞાનમ, ઉપકરણ ક્રિયા, માન વિધિ, આજીવ જ્ઞાનમ, તિર્યગ્યોની ચિકિત્સિતમ, માયાકૃતં, પાષણ્ડ સમય જ્ઞાનમ, ક્રિડા કૌશલમ, લોક જ્ઞાનમ, વૈચક્ષણ્યમ, સંવાહનમ, શરીર સંસ્કાર, વિશેષ કૌશલમ, ચેતિ, દ્યુતાશ્રયા વિંશતિ.

નિર્જીવા પંચ દશાકલા.

આયુ, પ્રાપ્તિ, અક્ષ વિધાનમ, રૂપ સંખ્યા, ક્રિયામાર્જનમ, વિજ ગ્રહણમ, નય જ્ઞાનમ, કરણ દાનમ, ચિત્રાચિત્ર, વિધિ, ગૂઢરાશિ, તુલ્યાભિહાર, ક્ષીપ્રગ્રહણમ, અનુપ્રાપ્તિ, લેખા સ્મૃતિ અગ્નિ ક્રમઃ, છલકપા મોહનમ, ગ્રહદાનં, વગેરે.

સજીવા પંચ કલા.

ઉપસ્થાન વિધિ, યુદ્ધમ, રૂતમ, ગતમ, નૃત્તં વગેરે.

શયનો પચારિકા ષોડશકલા.

પુરૂષસ્ય ભાવ ગ્રહણમ, સ્વરાગ પ્રકાશનમ, પ્રત્યડ, દાનમ નખદંત ચોર્વીચારો, નીવીસ્ત્રંસનમ, ગુહ્યસ્ય સંસ્પર્શાનાનુલોમ્યમ, પરમાર્થ કૌશલમ. હર્ષણમ સમાનાર્થતા કૃતાર્થતા અનુ પ્રોત્સાહનમ, મૃદુ ક્રોધ પ્રવર્તનમ, સમ્યક ક્રોધ નિવર્ત્તનમ, ક્રુદ્ધપ્રસાદનમ, સુપ્તપરિત્યાગ, ચરમસ્વાપવિધિ, ગુહ્ય ગૂહનમ, ઇતિ ષોડશ કલા સમાપ્ત.

કામ કળા. (કામવૃત્તિ)

૧ સ્ત્રી દર્શન, ૨ સંભાષણ, ૩ કીર્ત્તન, ૪ સ્મરણ, ૫ આલિંગન, ૬ ચુંબન, ૭ સ્પર્શ, ૮ વિહરણ એ આઠ લક્ષણો કામ વૃત્તિના જાણવા.

કામ શકિત નિવાસ.

(અનંગ ચંદ્રકળા.) ચક્ર.

કૃષ્ણ પક્ષ તિથિ	શુકલ પક્ષ તિથિ	કૃષ્ણ પક્ષમા વામાંગ અને શુક્લ પક્ષમાં દક્ષિણાંગ. નષદાનાદિ કરવું જોઇએ તેને તિથિ જ્ઞાન કહે છે
૧	૧૫	મસ્તક શીશ નષ દાન.
૨	૧૪	નેત્ર ચુંબન
૩	૧૩	અધર ચુંબન
૪	૧૨	કપોલ ચુંબન
૫	૧૧	કંઠ નખદાન
૬	૧૦	કુક્ષી મર્દન
૭	૯	કુચ મર્દન
૮	૮	હૃદય મર્દન
૯	૭	નાભિ મર્દન
૧૦	૬	કટી મર્દન
૧૧	૫	સહવાસ
૧૨	૪	જંઘા સ્પર્શ
૧૩	૩	ગુલ્ફ મર્દન
૧૪	૨	ચરણ મર્દન
૩૦	૧	અંગુઠો દબાવવો

કામોદ્યગ વિચાર (ગુપ્ત ભેદ.)

હે રાજન ! જ્યારે કોઇ સ્ત્રીનું શરીર કંપવા લાગે, પસીનો થઇ આવે, મનમાં વિહવળતા, ઉત્સાહ અને ઉદવેગ માલુમ પડે તે વખતે સમાગમ કરવાથી અવશ્ય અતિ પ્રેમ અને ગર્ભાધાન થાય છે એવું રૂષીમુનીઓનું કથન છે.

સ્ત્રી પ્રસન્ન વિધિ.

રાજન ! પદ્મિની સ્ત્રી સુંદર શુશોભિત આભૂષણ, મનોહ-ર વસ્ત્રાલંકાર અને મધુર વાણીથી પ્રસન્ન ચિત્ત થાય છે. તે ધર્મ ચર્ચાને ચાહે છે અને સ્ત્રીઓની નિંદા સાંભળવા ઇચ્છતી નથી.

ચિત્રાણી વશીકરણ વિધિ.

ચિત્રાણી સ્ત્રી ભીન્ન ભીન્ન જાતના વસ્ત્રા ભૂષણ પહેરવા, પ્રેમરસ પ્રચુર વાકય સાંભળવા, અત્ર સુંઘવા અને પાન ચાવવાનું પસંદ કરે છે.

શંખણી વશીકરણ વિધિ.

રાજન ! ઉપર વર્ણવેલી સ્ત્રીઓની માફક શંખણી પ્રસન્ન થતી નથી. આ સ્ત્રી તે સ્ત્રીઓ કરતાં વિશેષ આભૂષણો ઉત્તમ કપડાં પહેરવાના પસંદ કરે છે. ગામમાં અથવા શહેરમાં જે ઠે-કાણે સ્ત્રીઓનો જમાવ થતો હોય છે ત્યાં આગળ ઉત્તમ વસ્ત્ર ભૂષણ પહેરીને મહાલવાનું તેને વધારે પ્રિય હોય છે.

હસ્તિની વશીકરણ વિધિ.

હે ભૂમી ભોકતા ! હસ્તિની સ્ત્રીને પેટપૂર ભોજન, રાત્રિ દિવસ સંભોગ ભોગવવાની પ્રબળ ઇચ્છા થયા કરે છે. તે સારાં વસ્ત્રાભૂષણ અને મીઠાં મીઠાં વાકયોથી પ્રસન્ન થતી નથી પરન્તુ જયારે તેની કામ વાંચ્છના પૂર્ણ કરવામાં આવે છે ત્યારેજ તે સંતુષ્ટ થાય છે.

પદ્મીની સ્ત્રીની શય્યાનું વર્ણન.

જન્મેજય રાજન હવે તું ચિત્ત લગાડી :સાંભળ ! સંસા-રમાં જેટલી સ્ત્રીઓ અત્તીત્ર ધસવે છે તે સઘળી સ્ત્રીઓમાં પદ્મીની સ્ત્રી જેવી કોમળ મૂળવાળી કોઇ બીજી નથી. તેને સુઇ રહેવા માટે ઘણીજ કોમળ શય્યા હોવી જોઇએ. તે સ્ત્રી પોતાની શય્યા એકાન્ત સ્થળે જ્યાં કોઇ પણ પ્રકારનો ઘોંઘાટ કે ખખડાટ થતો ન હોય ત્યાં રાખવા તથા પુષ્પ, સુગંધીત તેલ, અત્તર આદીથી શય્યાને સુગંધીત રાખવાનું પસંદ કરે છે. વળી તે છત્ર

પલંગપર ઘણુંજ નરમ ઝીણું રૂના ગાદલા બીછાવી ઉપર ચોખી સફેદ ચાદર બીછાવી તેપર સુવાનું પ્રિય ગણે છે.

ચિત્રાણી સ્ત્રીની શય્યાનું વર્ણન.

ચિત્રાણી જાતની સ્ત્રી પાટી ભરેલા પલંગ ઉપર ચંદન વગેરે સુગંધીત પદાર્થો છાંટીને, નરમ રેશમના બનાવેલા ગાદલા બીછાવીને સુવાનું યોગ્ય ગણે છે.

શંખણી સ્ત્રીની શય્યાનું વર્ણન.

સુતરની દોરીઓથી ભરેલા ખાટલાપર બહુજ સાફ ગાદલા બીછાવીને સુવાનું શંખણી સ્ત્રી પસંદ કરે છે.

હસ્તિની સ્ત્રીની શય્યાનું વર્ણન.

હસ્તિની સ્ત્રી છત્રપલંગ કે ફુલની શય્યા અથવા નરમ ગાદલા પસંદ કરતી નથી પરન્તુ હમેશાં પૃથ્વીપર પોતાના પતિ સાથે શયન કરવામાં આનંદ માને છે.

સ્ત્રી વશીકરણ મંત્ર.

હે રાજન ! સૌ કરતાં શ્રેષ્ઠ અને અકશીર વશીકરણ મંત્ર એ છે કે સ્ત્રીને કઠોર તથા અપ્રિય વચનો કહેવા નહિ અને તે કહે તે યોગ્ય હોય તો તે પ્રમાણે વર્તવાથી સ્ત્રી પ્રસન્ન થાય છે. આ સિવાય જે માણસ પાસે નીચે લખેલા ચાર સાધનો હોય છે તેમને પણ સ્ત્રી વશ થાય છે. તે સાધનો નીચે મુજબઃ—

૧ મનોહર સ્વરૂપ, ૨ શેવા ચાકરી ૩ નમ્ર શબ્દ અને ગાયન ગાવા તે.

પ્રકરણ ૧૪ મું.

શશક પુરૂષથી ઉત્પન્ન થનાર છોકરાં

શિવજી કહેવા લાગ્યા કે હે ચંદ્રકુળદિપક ! હવે હું તને અયોગ્ય પુરૂષની સાથે અયોગ્ય સ્ત્રીના વિવાહ થાય અને તે

જોડાથી જે સંતાન ઉત્પન્ન થાય તે અલ્પ આયુષી અને કમતાકાત હોય છે. તે બન્ને સ્ત્રી પુરૂષમાં કદી પણ પ્રેમ રહેતો નથી અને અવસ્ય સંતાન ખરાબ પેદા થાય છે. શશક પુરૂષ અને શંખણી સ્ત્રીના સંયોગથી જો પુત્ર ઉત્પન્ન થાય તો તે ધર્માત્મા અને લાયક થશે પરન્તુ જો કન્યા ઉત્પન્ન થાય તો તે ક્રોધી, કુટુંમ્બીજાજી અને આયુષ્યવાન થશે. શશક પુરૂષથી ચીત્રીણીના પેટે જો પુત્ર ઉત્પન્ન થાય તો તે લજ્જાવાન થાય છે પરન્તુ તે અલ્પાયુષી હોય છે. પણ જો કન્યા ઉત્પન્ન થાય તો તેને વૃદ્ધ પતિ મળશે અને તે અનેક પ્રકારના દુઃખ ભોગવશે.

મૃગ પુરૂષથી ઉત્પન્ન થનારા છોકરાં.

મૃગજાતી પુરૂષના સંયોગથી પદ્મિની સ્ત્રીના પેટે જો કન્યા જન્મ લેતો હે પરિક્ષત તનુજ તો તે અલ્પાયુષી પરન્તુ ભાગ્યવાન થશે અને તે જેના ઘેર જશે ત્યાં ધન ધાન્યનો ટોટો નહિ પડે અને જો તેમને પુત્ર થશે તો તે સુખ અને દુખ બન્ને સમભાગે ભોગવશે પરન્તુ તે શરીરે તો બળવાન રહેશે. મૃગ જાતીના પુરૂષથી હસ્તીની સ્ત્રીને પેટે કન્યા અવતરશે તો તે ઘણી વ્યભિચારીણી અને પોતાના પતિને દુખ આપનારી થઇ પડશે અને જો પુત્ર અવતરશે તો તે કુચ્છંદી અને ખરાબ ચાલ ચલગતનો નીવડશે મૃગજાતીના પુરૂષના વિર્યવડે શંખીણી જો પુત્રને જન્મ આપશે તો બહુજ પુત્ર પૌત્રવાળી, રૂપવંતી અકલવાળી અને આનંદ દાયક નીવડશે અને જો પુત્ર ઉત્પન્ન થશે તો તે પણ ભાગ્યવાન થશે.

વૃષભ જાતીના પુરૂષથી ઉત્પન્ન થનારા છોકરાં.

હે કુરૂકુળ દિપક વૃષભ જાતીના વિર્યથી પદ્મીની સ્ત્રીના ઉદરમાંથી જો પુત્રી નીકળશે તો તે એબાલી, અનેક ખોટા કર્મ કરવાવાળી અને કુળને બટો લગાડનારી થશે પુત્ર નીકળશે તો તે ધુતારો વ્હેમી અને ખરાબ વર્તન વાળો મહાન પાપી નીવડશે. વૃષભ પુરૂષના પ્રતાપવડે હસ્તિની સ્ત્રીના પેટે જન્મ ધારણ કરનાર કન્યા અત્યંત કામાતુર વિષય લંપટ થશે અને પુત્ર થશે તો તે ક્રોધી, દુષ્ટ, દુરાચારી અને કુળને એબ લગાડનાર થશે. વૃષભ જા-

તીના પુરૂષથી ચિત્રીણી સ્ત્રીના પેટે કન્યા થાય તો તે અલ્પાયુષી અને પુત્રથાય તે પણ અલ્પાયુષીજ થાય.

અશ્વ જાતીના પુરૂષથી ઉત્પન્ન થનારા છોકરાં.

અશ્વ જાતીના પુરૂષથી પદ્મિની સ્ત્રીને કન્યા થાય તો તે શુશીલ, હુશીયાર, ધર્માત્મા અને પુત્ર પૌત્રાદીથી બહુજ સુખી થાય અને પુત્ર થાય તો તેને ક્ષય જેવો રોગ લાગુ થાય અને દુખમય જીંદગી પુરી કરશે એ ફકત જોડાથી ઉત્પન્ન થનારા સંતાન નપુષક થાય. અશ્વ જાતીના પુરૂષથી ચિત્રીણી સ્ત્રીને જો કન્યા પેદા થાય તો તે કાણી અને કોડવાળી થાય અને પુત્ર ઉત્પન્ન થાય તો તે અલ્પાયુષી થાય. અશ્વ જાતીના પુરૂષથી શંખીણી સ્ત્રીને કન્યા પ્રાપ્ત થાય તો તે પોતાના પતિને દુ:ખ આપનારી અને ખરાબ ચાલચલમતવાળી થાય અને જોપુત્ર થાય તો તે આંખે આંધળો અને શરિરે રોગી થાય.

સરખાં જોડાંથી ઉત્પન્ન થતા સંતાનો.

હે જન્મેજય ! હવે હું તને જે વર્ણન કહી સંભળાવું છું તે તું એકાગ્ર ચીતે શ્રવણ કરજે ! હસ્તિની સ્ત્રી અને અશ્વ જાતિના પુરૂષના સમાગમથી ઉત્પન્ન થનાર કન્યા હમેશા કામાતુર થશે મદનતાપથી તૃપ્ત થઇ પરપુરૂષની સાથે સમાગમ કરતાં પણ આંચકો નહિ ખાય, પુત્ર ઉત્પન્ન થાય તો તે તાકાતવાન, ધૈર્યવાન, દઢ નિશ્ચઇ અને દિલેર થાય. વૃષભ જાતીના પુરૂષ અને શંખીણીના યોગથી જો કન્યા પેદા થાય તો તે પોતાના પતિના સુખને ત્યજી દઇ પરપુરૂષ સાથે રમણ કરવામાં આનંદ માનનારી રાક્ષસી થશે. અને જો પુત્ર પેદા થાય તો તે હુંશીયાર, અકલવાન, તાકાતવાન અને સારૂપવાન થશે. મૃગ જાતિના પુરૂષ અને ચિત્રિણી સ્ત્રીથી જો પુત્રી ઉત્પન્ન થાય તો તે ખુબસુરત, વિદૂષી અને અકલવાન થાય, પુત્ર ઉત્પન્ન થાય તો તે ધનવાન, પુત્રવાન, અકલવાન, બળવાન, અને તેજવાન થાય. પાર્દ્મની સ્ત્રી અને શશક જાતીના પુરૂષના સમાગમથી જો કન્યા ઉત્પન્ન થાય તો પતિવૃતા તથા શુશીલ થશે અને પુત્ર થશે તો તે પણ ધર્માત્મા, પરોપકારી અને ગુણી થશે.

સહવાસના શુભ અશુભ દિવસો.

જન્મેજય શિવજીને વિનંતી કરવા લાગ્યા કે હે કૃપાળુ મહારાજ કૃપા કરી મને હવે બતાવો કે સ્ત્રીની પાસે જવાના કયા દિવસો શુભ છે, વળી તેનું ફળ પણ સાથે સાથે જણાવવા અનુગ્રહ કરશો. ત્યારે ભોળાશંભુ કહેવા લાગ્યા કે હવે હું તારી તે ઇચ્છા પૂર્ણ કરવાને તેનું વર્ણન કરૂં છું તે તું ચીત્ત લગાડીને શ્રવણ કર !

પુત્ર પેદા થવા દિવસો.

હે રાજન ! જે દિવસે સ્ત્રી રજસ્વલા થાય ત્યારથી ચોથે દિવસે સ્ત્રી સાથે સંભોગ કરવાથી પુત્ર છઠ્ઠે દિવસે સંભોગ કરવાથી સ્વરૂપવાન પુત્ર, આઠમા દિવસે સંભોગ કરવાથી ભાગ્યવાન પુત્ર, દશમે દિવસે સંભોગ કરવાથી બળવાન, બારમે દિવસે સંભોગ કરવાથી વિર, ચૌદમે દિવસે સંભોગ કરવાથી ધર્માત્મા, શુશીલ અને સજ્જન પુત્ર પેદા થાય છે અને સોળમે દિવસે સંભોગ કરવાથી દુનિયામાં નામ કાઢે તેવો હુંશીયાર, બળવાન તથા ચંદ્ર સમાન કાન્તીવાન પુત્ર પ્રાપ્ત થશે.

પુત્રી પેદા થવાના દિવસો.

હે રાજન ! રજસ્વલા થયા પછી પાંચમે દિવસે સ્ત્રી સંભોગ કરવાથી ધર્મશીળા, સાતમે દિવસે સંભોગ કરવાથી વાંઝણી, નવમે દિવસે સંભોગ કરવાથી નાના પ્રકારના સુખ ભોગવવાવાળી, અગ્યારમે દિવસે સંભોગ કરવાથી ધર્મહિન તેરમે દિવસે સંભોગ કરવાથી પાપીણી તથા કુળબોળુ અને પંદરમે દિવસે સ્ત્રી સંભોગ કરવાથી બહુજ સ્વરૂપવાન, પતિવૃતા, ધર્માત્મા પુત્રી ઉત્પન્ન થશે.

દિવસે સ્ત્રી સમીપ જવાનું ફળ.

હે રાજન ! ષટ ૠતુ વિહાર જે અમોએ આગળ વર્ણવ્યો છે તેનાથી વિરૂધ્ધ દિવસે સ્ત્રી ગમન કરવામાં આવે. તો તેથી ઉમર, તેજ, બળ અને પ્રતિષ્ઠા ઘટે છે.

રાત્રિએ સ્ત્રી સમીપ જવાનું ફળ.

હે કુળકુળ દિપક ! રાત્રિના પહેલા પહોરમાં સ્ત્રી ગમન કરવાથી પેદા થનારા સંતાન અલ્પાયુષી થાય છે, બીજા પહોરમાં સ્ત્રી ગમન કરવાથી ઉત્પન્ન થનારી કન્યા અનેક દુઃખ ભોગવવા વાળી અને પુત્ર દરિદ્રી થાય છે. ત્રીજા પહોરમાં સ્ત્રી ગમન કરવાથી પેદા થનારા સંતાન નીચ નોકરી કરવાળા દરીદ્રી અને કુચ્છંદી થાય છે, અને ચોથા પહોરમાં ગમન કરવાથી પૈદા થનારા સંતાન ધનવાન, આયુષ્યવાન, અકલવાન, ધર્માત્મા, ભક્ત શીરોમણી અને પરદુઃખ ભંજન થાય છે,

સંતાન અલ્પાયુષી થવાના કારણો.

હે રાજન ! જ્યાં સુધી સ્ત્રીના સંપૂર્ણ અંગ ખીલ્યા ન હોય ત્યાં સુધી સ્ત્રી ગમન કરવું ન જોઇએ. અર્ધમૂખી કમળ જેમ ખીલ્યો હોય છે અને દેખાવ આપે છે તેમ અર્ધ અંગ ખીલેલી સ્ત્રી ગમન કરવાથી તેને પેટ થનારા સંતાનો અલ્પાયુષી થાય છે એ નિસંદેહ છે.

સંતાન કદરુપા થવાના કારણો.

હે ભક્તરાજ ! પૂર્ણીમા તથા અમાવાસ્યાના દિવસે સ્ત્રી સમાગમ કરવાથી ઉત્પન્ન થનારા સંતાનો કદરુપા, કાણા કુબડા, લુલા, લંગડા વીગેરે ખામીવાળા અને અચાનક મૃત્યુ થાય તેવા થાય છે. વળી સ્ત્રી રજસ્વલા થાય તે દિવસે અથવા બીજા અને ત્રીજા દિવસે સ્ત્રી ગમન કરવાથી ઉત્પન્ન થનારા સંતાનો ધનહિન, મૂર્ખ, જહક્ષીકલ, ખરાબ અવયવવાળા અને કુબડા થાય છે.

સ્ત્રી સમાગમમાં ત્યજી દેવાના દિવસો.

હે રાજન ! જે પુરૂષ શુભ-અશુભ દિવસોનો વિચાર કર્યા સિવાય સ્ત્રી ગમન કરે છે તે મહાદુષ્ટ અને આખરે નર્ક ગામી થાય છે. જુઓ અશ્વિની, કૃતિકા, અશ્લેષા, મઘા, મૂળ, જ્યેષ્ઠા, ઉત્તરાફાલગુની, ઉત્તરા ષાઢા, ઉત્તરા ભાદ્રપદ અને રેવતી એ નક્ષત્રોમાં સ્ત્રી ગમન કરવાથી પુરૂષનું આયુષ્ય કમી થતું જાય છે

અને મોટું પાપ લાગે છે માટે કોઇપણ વિચાર શિળ પુરૂષે ભૂલથી પણ તેમ વર્તવું નહિ. રજસ્વલા થાય તે દિવસે, બીજે, ત્રીજે, અગ્યાર અને તેરમાં દિવસે સ્ત્રી ગમન કરવાની ચોખ્ખી મના છે. પડવો, આઠમ, ચૌદશ, સંક્રાતી, અગ્યારસ, પુર્ણીમા, અમાવાસ્યા, રવિવાર, પીતાના શ્રાધનો દિવસ, પર્વ દિવસ, પુણ્ય દિવસ અને ગ્રહણના દિવસે સ્ત્રી ગમન કદી કોઇએ કરવું નહિ. કોઇ પુરૂષે યાત્રાના દિવસે સ્ત્રી ગમન કરવાથી અનેક પ્રકારના વિઘ્નો નડે છે. સ્ત્રીની સઘળી કળાઓ પુર્ણ ખીલી ન હોય ત્યાં સુધી સ્ત્રી સમાગમ કરવાથી જરૂર સંતાન મૃત્યુ પામે છે.

પ્રકરણ ૧૫ મું.

કાસેમિ લ (રતિમંદિર.)

અથવા

વિલાસભુવન.

મારા વ્હાલા વાંચકો ! અત્યારે સાંયકાળ થઇ રહ્યો છે સુર્ય ભગવાન અસ્ત થતો જાય છે. પક્ષીઓ રાત્રીનો સમય ગાળવાને વિશ્રાંતીના સ્થળો શોધવાની દોડધામ કરવા લાગ્યા છે. ધીમે ધીમે અંધારૂ થતું ચાલ્યું છે, બીજી બાજુ વસન્ત રૂતુની પુર્ણીમા પોતાની કળાઓ ખીલવી મનને આનંદ પમાડે તેવી રીતે પ્રફુલ્લીત થઇ રહ્યો છે. ચંદ્રમાની ચાંદની કામકેલી વધારી રહી છે. આપણે સૌથી પહેલા વિલાસ ભુવન તરફ જઇએ અને નજર ફેરીએ વિલાસ ભુવન ઉપર ઉભા રહી ચોમેર નજર ફેરવીએ છીએ તો ચોમેર લીલું ઘાસ, જાતજાતના બેરંગી ફુલો જાણે બીછાવી રહેલા દેખાય છે એક બાજુ એક નાનુ સરોવર છે કે જેમાં કમળના ફુલો મનને આનંદ પમાડે છે. બીજી બાજુ જોઇએ છીએ તો ચંપો, ગુલાબ, મોગરો ખીલી ઉઠ્યો છે કે જેની સુવાસ આખા ભુવનમાં મ્હેકી રહી છે. શીતળ મંદ મંદ વાયુ મગજને તર કરી

રહ્યો છે. ચંદ્રમાના પ્રતિબીંબથી સરોવર ખીલી ઉઠયું છે મન તેજ સ્થળે ભુખ્યા અને તરસ્યા બેસી રહેવાને લલચાય છે. હવે આપણે ભુવનની અંદર જઇએ અને ચોમેર જોઇએ. વિલાસ ભુવનમાં વીજળીની બતીએ ઝગઝગારા મારી રહી છે, નીચે મખમલના સુંવાળા રેસમ જેવા ગાલીચા બીછાવી રાખ્યા છે. ચોમેર શોનેરી તકીયા બીછાવી રાખ્યા છે. આખું મકાન તાજા, મનોહર બેરંગી રંગથી રંગાવેલું જણાય છે. કોઇ જગોએ લીલો તો કોઇ જગોએ લાલ, કયાંક પીળો તો કયાંક પીરોજી રંગ લગાડયો છે અને ઉપર સોનેરી મોહ્યુમ કરી દેખાય છે. વળી ઠેકઠેકાણે જુદી જાતનાં ચીતરકાઢવામાં આવ્યા છે. એક બાજુ શકુંતલાનું ચીત્ર છે. બીજી બાજુ હરણ પોતાના બચ્ચાને કેવી રીતે પ્યાર કરી રહ્યું છે. તો એક દિવાલ ઉપર અર્ધ નગ્નાવસ્થામાં સ્ત્રી ઉભી છે. એક બાજુ વીરાત્માની છબી છે બીજી બાજુ ઉત્તરા અને અભિમન્યુનું ચિત્ર આલેખેલું છે જેનો ભાવ અભિમન્યું રણભુમિમાં જવાને પોતાની પ્રાણપ્રિયા પાસે રજા માગી રહ્યો છે. તે છબીતો ચિત્રકારે એટલા બધા લક્ષથી જાણે કે ચીત્રી હોય કે તે સાક્ષાત જીવતા ઉભા ન હોય ! આ દિવાલ પરતો જુઓ જમુનાજીના કિનારાપર કૃષ્ણ ભગવાન ગોપીઓની સાથે રાસ રમી રહ્યા છે. ઓહો કૃષ્ણ ભગવાન કેવા શોભી રહ્યા છે વળી તે પોતાની વાંસળીના નાદથી ગોપીઓને કેવી છક કરી નાંખી છે. ગોપીઓ પણ કૃષ્ણની માછળ કેવી ઘેલી બની ગઇ છે તે તો જુઓ. કોઇ ગાય છે તો કોઇ બજાવે છે તો કોઈ નાચે છે. એક તરફ રામચંદ્રજી ભગવાન સીતા અને લક્ષ્મણ સાથે પંચવટીમાં બેઠા છે. બીજી બાજુ ગંગાજી વહી રહ્યા છે. તેના કીનારાપર ભીન્ન ભીન્ન જાતનાં વૃક્ષો, ફળ ફળાદીથી લચી રહ્યા છે. એક બાજુ અનેક પક્ષીઓ એકી નજરે રામચંદ્રજી ભગવાન તરફ જોઈ રહ્યા છે. રામચંદ્રજી અને લક્ષ્મણ દુષ્ટ રાવણને મારવાને હથીયાર સજી જાણે તૈયાર હોય નહિ તેવો ભાષ થાય છે. બીજી તરફ સીતામાતા વસ્ત્રાલંકાર સજી ફુલોની માળા પહેરી બેઠા છે. એ પ્રમાણે ચિત્રકારે વિલાસ ભુવનને શોભાવ્યો છે. એવો કયો માણસ હશે કે આવા ચીત્રો

જોઇ મોહિત ન થઇ જાય. એ પ્રમાણે મતતે મોહિત કરવાવાળી હજારો ચીજો આ ભુવનમાં દ્રષ્ટીએ પડે છે. ઉંચે નજર કરીએ છીએ તો સોનેરી છત મારેલી અને અનેક જાતના હાંડી, ઝાડ અને ફાતસ લગાવેલા દેખાય છે. ચોમેર દરવાજાને પડદા લગાવી દીધા છે. એક ખુણામાં ઘણો કીંમતી પલંગ પડયો છે તેના ઉપર રેશમી ગાદલા, તકીયા નાખેલા અને ઉપર સફેદ બગલાની પાંખ જેવી ચાદર બીછાવેલી દેખાય છે. તેની જોડાજોડ વીજળી પંખો લગાવેલો છે. એક બાજુ ટેબલ ખુરસી પડી છે. ખુરશીપર તે ભુવનનો માલીક બેઠો છે. ટેબલ ઉપર એક રકાબીમાં પાન, સોપારી, એલાયચી વગેરે મસાલો માલુમ પડે છે. એક બાજુ ભાતભાતના તેલ, અત્તરોની શીશીઓ પડેલી દેખાય છે, એક બાજુ ફુલોના હાર, કલગીઓ પડી રહ્યા છે. એવામાં એક દ્વારમાંથી એક દાસી ભોજન લઇ આવતી જોઇ તેણે આવી તે ભુવનના માલીકને જમાડયા. એટલામાં બીજી બાજુથી શોળ શ્રૃંગાર સજી સુંદર લાલ રંગની સાડી ઓઢી સ્વરૂપવાન યોવના આવતી દેખાઇ અને એક તરફ બેઠી તેણે પાન બનાવ્યું અને તેના પતિને આપવા માંડયું તેણે પાન ખાઇ હારમોનિયમ વગાડવા તે સ્રીને હુકમ કર્યો તેણે હારમોનિયમ ખોલ્યું એટલે તે ભુવનનો માલિક તબલા વગાડવા લાગ્યો. અને પછી બન્ને ગાવા લાગ્યા ત્યાર પછી બન્ને આનંદમાં મશગુલ થઇ ગયા અને છેવટે આરામ લેવા ચાલ્યા ગયા. વાચકો હવે આપણે પણ ચાલો ઘર તરફ જઇએ અને આરામ કરીએ.

પ્રકરણ ૧૬ મું.

પશુ-પક્ષિઓની બોલી

અને

શુકન વિચાર.

શ્રી શીવશંભુ ભોળા જન્મેજયને કહેવા લાગ્યા કે હવે

તારી શું સાંભળવાની ઇચ્છા છે. ત્યારે જન્મેજયે વિનંતી કરી કે હે ત્રીપુરારી ! હવે આપ મને શુકન વિચાર જણાવો તો મોટો ઉપકાર થશે. ત્યારે શિવજી મહારાજ કહેવા, લાગ્યા કે હવે હે રાજન તું ચીત લગાડી સાંભળ !

શુભ શુકન.

કોઇ સ્થળે જતી વખતે જમણા હાથ ભણી ગધેડો, કુતરો, ભેંસ, શીયાળ, મોર અને ઘુવડ એમાંથી કોઇ પણ આવે તો તે શુભ શુકન સમજવું અને જો તે જ્યાં જવું હોય ત્યાં પહોંચતા ડાબા હાથ ભણી આવે તો તે કામ અવશ્ય સિદ્ધ થાય છે. જતી વખતે દિલખુશ હોયનો આનંદ થાય છે, ગામ જતી વખતે સામે ગાવાવાળો, રૂપી, ગરમ દૂધ, વાજાના અવાજ, હીરા, પન્ના વીગેરે જવાહીર, નદીનું પુર, માટિ, તલવાર, સસલું, સાધુ, મુની, કર્મ નિષ્ઠ બ્રાહ્મણ, આર્શિવચનો, સોનું, ચાંદી, ત્રાંબુ, પીતળ, રત્નો, વેશ્યા, છાણ, એકલી બકરી, સળગતો અગ્નિ, ઘોડા, હાથી, ગાય, મિત્ર, ફુલથી ભરેલા જળનો ઘડો એ ચીજો સામે મળી આવે તો જરૂર સિધ્ધી થાય છે. નગારાના અવાજનું પણ ફળ શુભ છે. ચાલતા સમયે કોઇ પાછળથી એમ કહે કે જાઓ તો શુભ સમજવું અને મોઢા સમક્ષ જાઓનો અવાજ આવે તો તે અશુભ સમજવું. અથવા કોઇને જતી વખતે સામેથી કહે કે આવો તો ખરાબ જાણવું અને પીઠ પાછળથી કહે તો તે શુભ સમજવું.

અશુભ શુકન.

જતી વખતે કપડા પહેરતો માણસ, ધ્વજા ઉપર બેઠેલો કાગ, મરી ગયેલો સારંગ, ફુટેલા ખાલી વાસણ, હાડકાં, ગર્ભવતી સ્ત્રી, કસાઇ, ભંગી, પાપી, ચોર, હજામ ચામડુ, લોઢું, કચરો, દુખી લોકો, નપુંસક, ગંદા ફાટા તુટા કપડા પહેરેલો મનુષ્ય, બીમાર, ગાંડો, ભગવા કપડા પહેરેલો મનુષ્ય, છાણા, લાકડાં, ઘાસ, ભુસો, કપાસ, દવા જેના હાથમાં હોય તેવો મનુષ્ય, નાગી સ્ત્રી

યા પુરૂષ, ખાલી ઘડો, ગોળ, ખીલાડી એમાંથી કોઇ સામે આવે તો જે કામ માટે તે જતો હોય તેનું તે કામ થતું નથી. કયાં જાઓ છો ? શું કામ છે ! બેસો ! આવો, રોકાઓ એવી વાતો કોઇ રસ્તામાં કહે તો વિઘ્ન નડે છે. કામ થતું નથી માટે ખરાબ શુકનના દોષ દૂર કરવાને માટે રસ્તામાંથી પાછા ફરી ઘરે જઇ ઇશ્વરની પુજા કરવી અને ધ્યાન ધરવું પછી શુભ શુકન જોઇ વિદાય થવું.

સ્ત્રીઓના અંગ ફરકવાનું ફળ.

હે રાજન ! કોઇ સ્ત્રીની ડાબી આંખ, કાન, ખભો, હાથ અને પગ ફરકે તો તે શુભ છે. અને જમણી આંખ, કાન, ખભો, હાથ અને પગ ફરકે તો તે અશુભ છે.

પુરૂષોના અંગ ફરકવાનું ફળ

હે કુળ કુળ દિપક ? પુરૂષોના પગના તળીઆ ફરકે તો નુકશાન થવાનુ સમજવું તેમજ કાંઇક મુસાફરી કરવાનું થાય, પગ ફરકે તો કોઇ સારા સ્થળે માન મળે, જાંગ ફરકે તો કોઇ રાજ મળે. ડુંટી ફરકે તો જમીન પોતાના કબજામાંથી જાય. પેટ ફરકે તો વિજય મળે, બને હાથ ફરકે તો ઘણાજ રૂપીઆ મળે. બને ખભા ફરકે તો હિતોજન મિત્રાનો મિલાપ થાય. ગળુ ફરકે તો ઉંચી નોકરી મળે, હોઠ ફરકેતો મનમાં ઇચ્છા થાય તેવી ચીજ મળે, કાન ફરકે તો કોઇ શુભ સમાચાર મળે, આંખોની કોરો ફરકે તો લક્ષ્મી મળે અને આંખ ફરકે તો ધન ધાન્યની વૃદ્ધિ થાય, પુરૂષના શરીરનો કોઇ ભાગ જમણી તરફનો ફરકે તો સારૂ જાણવું અને ડાબી તરફનો ફરકે તો તે ખરાબ જાણવું.

ઉપર પ્રમાણે શુભ અશુભ સુકન જણાવ્યા માટે અશુભ શુકનનો દોષ ટાળવાને માટે દાન, ધર્મ, તપ અને જપ કરવાથી તેનો નિર્ણય થાય છે.

ગરોળી (પલી) પડવાનું અને ચઢવાનું ફળ.

હે રાજન ! પલ્લી મનુષ્યના ડાબા પગ પર પડે તો ભાઇઓનો નાશ થાય અને જમણા પગ પર પડે તો ચાલવાનું થાય જાંગપર પડે તો ઠીક ઠીક જાણવું. માથાપર પડવાથી બહુજ રૂ-

પીયા મલે, પેટપર પડવાથી ઘોડા મલે, હાથપર પડવાથી કપડાની પ્રાપ્તી થાય છે. સીધી કાંધ પર પડે તો જીત થાય સીધી પોચા પર પડે તો રૂપીઆ પૈસાનો નાશ થાય, નસ્કોરાં પર પડે તો રૂપીયા મળે, ભુજાઓપર પડવાથી કયાંકની જાગીર મળે, ડાબા હાથ પર પડવાથી રાજ્ય તરફથી ભય ઉત્પન્ન થાય, પીઠપર પડવાથી અકલ ખરાબ થઇ જાય, લાભ મળે નહિ, કંઠ ઉપર પડવાથી દુશ્મનનો નાશ થાય, આંખોપર પડવાથી ખરાબી થાય, મોઢાપર પડવાથી સારાં સ્વાદિષ્ટ ભોજન ખાવાના મળે. નાક ઉપર પડવાથી માંદગી આવે, ડાબા કાન ઉપર પડે તો ઘણો જ ફાયદો થાય, સીધી કાનપર પડે તો કલ્યાણ થાય, નીચેના હોઠ પર પડવાથી રૂપીયાની વૃધ્ધી થાય, ઉપરના હોઠપર પડે તો રૂપીયાની આમદ ઓછી થાય, જમણુ ઉપર એટલે જમવાની થાળી ઉપર પડે તો રાજ મળે, મોં ઉપર પડે તો રાજદ્વારમાં સારો સત્કાર મળે, કપાળ ઉપર પડે તો મિત્ર, ભાઇઓનો મિલાપ થાય, માથા ઉપર પડે તો રાજ્ય મળે, વાળ ઉપર પડવાથી દુઃખ ઉત્પન્ન થાય. ગરોળી પડયા પછી તુરતજ ન્હાઇ ધોઇ અડદ તથા તેલનું દાન કરવું અને શિવ મંદીરમાં અથવા ગમે તે દેવસ્થાનમાં જઇ ઘીનો દીવો કરી સ્તુતી કરવી. શિવમંત્રના ૧૧૦૦ વાર જાપ જપવાથી સઘળા દોષ દૂર થઇ જાય છે.

પલ્લી શબ્દ શુકન વિચાર.

હે રાજન ! પલ્લી ઉત્તર તરફ બોલે તો રૂપીયા મળે, વાયવ્ય ખુણામાં બોલે તો વિધવિધ ભાતના સુંદર ભોજન મળે, ઇશાન ખુણામાં બોલે તો સઘળાં કામ ઠીક થઇ જાય. પશ્ચિમમાં બોલે તો શુભ જાણવું, નૈરૂત્ય ખુણામાં બોલે તો નાશ થાય, દક્ષિણ દિશામાં બોલે તો પ્યારા મિત્રનું મરણ થાય, અગ્નિ ખુણામાં બોલે તો અગ્નીથી નુકશાન થાય, પૂર્વમાં બોલે તો ધન, ધર્મ અને યશની પ્રાપ્તી થાય અને જમીનપર નીચે બોલે તે બહુજ ખરાબ સમજવું.

છીંક વિચાર.

હે નૃપનંદન ! પીઠ પાછળ ડાબી તરફ, ભોજન કરતી વખતે

સુતી વખતે, દાન કરતી વખતે અને બેસતી વખતે છીંક થાય તે સારી જાણવી, ઉચેથી કોઇ મનુષ્ય છીંકે તો તે શુભ સમજવું, પોતાની છીંક ખરાબ સમજવી, ઇશાન ખુણામાં છીંક થાય તો તે સારી સમજવી, ઉત્તર તરફ થાય તો લડાઇ થાય, વાવ્યકોણની છીંકથીં રૂપિયાની પ્રાપ્તી થાય, પશ્ચિમ તરફની છીંકથી સારાં સજન મળે, નૈરૂત્ય ખુણમાં છીંક થાય તો તે સારી સમજવી, દક્ષીણ તરફ છીંક થાય તો ભય થાય, અગ્નિ કોણમાં છીંક થાય તો શોક અને દુઃખ થાય અને પૂર્વની તરપ છીંક થાય તો તે ખરાબ સમજવી.

પિંગલ શબ્દ વચાર.

હે રાજન ! કોઇ જાનવર ' કુરકુશ ' એવો અવાજ કાઢે તો મોટી આપ્રત આવે, ' ખિટખિટ ' એવો અવાજ કાઢે તો કોઈ કામની સિદ્ધી સમજવી. ' ચિલચિલ ' એવો શબ્દ કાઢે તો ધન ધાન્યની પ્રાપ્તિ થાય, ' કિલવિલ ' એવો અવાજ કાઢે તો સર્વપ્રકારે આનંદ થાય.

કૌવા સબ્દ વિચાર.

હે નૃપનંદન ! જે વખતે કૌવા બોલે એ વખતે પોતાના પગના છાંયાની નિશાની માપવી અને તે માપી તેમાં ૧૩ ઉમેરવા અને પછી ૬ એ ભાગવા. શેસ ૧ વધે તો શુભ, ૨ વધે તો દુખ, ૩ વધે તો આનન્દ, ૪ વધે તો ધનની પ્રાપ્તી અને ૫ વધે તો લક્ષ્મીની વૃધ્ધી સમજવી.

ચિત્ર રતાનિ.

૧ પ્રેમં, ૨ અલિંગતં, ૩ સિધ્ધં, ૪ ગેંદુકં, ૫ સંકોચનં, ૬ આદિનઃ, ૭ આલિસ્યં, ૮ સુરતિ, ૯ મદાલસં, ૧૦ સુપપલ્લવં, ૧૧ મૃણાલં, ૧૨ તમાલં, ૧૩ પરસ્પરં, ૧૪ મૃગ, ૧૫ હિતં, ૧૬ રૂચિકપોતં, વિર્યારતિઃ, ૧૮ લાલસાં, ૧૯ ચંદ્ર, ૨૦ મદનોદ્દિતં, ૨૧ રતિ. ૨૨ યોગં, ૨૩ મુદિતં, ૨૪ સૂચિઃ, ૨૫ ઇન્દ્રઃ, ૨૬ અનુજ, ૨૭ ઢોઢુક, ૨૮ આમોદકં, ૧૯ કામં, ૩૦ તીર્જકં, ૩૧ કેલિઃ, ૩૨ કિલોલં, ૩૩ વૃષઃ, ૩૪ નિચ, ૩૫ સમ, ૩૬ ઉચ્ચ, ૩૭ પૃષ્ટ, ૩૮ પ્રસારણ, ૩૯ જઘનપ્રષ્ટ,

૪૦ સંવેશનં, ૪૧–સ્વેત, ૪૨ વિલાસ,૪૩ સંપુટકમ્, ૪૪ રૂહોદરં, ૪૫ ઉત્ફુલ્લકમ્, ૪૬ વિજૃમ્ભિતમ્, ૪૭ પીડિતકમ્. ૪૮ વેષ્ટિતકમ્, ૪૯ વાડવકં, ૫૦ પાર્શ્વસંપુટમ્, ૫૧ ઉતાનસંપુટમ્, ૫૨ નિશ્ચલં, ૫૩ વૃહનવાડવકમ્, ૫૪ વાભ્રવિથા, ૫૫ દ્વિતીયપીડિતકમ્,, ૫૬ અર્ધપીડિતકમ્, ૫૭ વેણુદારિતકમ્, ૫૮ આભ્યાસિકમ્, ૫૯ શૂલાચિતકમ્, ૬૦ કાર્કટકમ્, ૬૧ પદ્માસનં, ૬૨ પરાવૃત્તકમ્, ૬૩ વાર્તં, ૬૪ અસારં, ૬૫ વૈહાસિકમ્, ૬૬ ધેનુકમ્, ૬૭ દેવાગલં, ૬૮ શૈનમૈણેયમ્, ૬૯ ગર્દભાક્રાન્તં, ૭૦ માર્જરં, ૭૧ લલિતકમ્ ૭૨ વ્યાઘ્રાવસ્કન્દનમ્, ૭૩ ગર્જપદ્દીતમ્ ૭૪ વરાહધૃષ્ટકમ્, ૭૫ તુરગાધિરૂઢકમ્, ૭૬ સંઘાટકમ્, ૭૭ ગોયુથિકમ્, ૭૮ વારિક્રિડિતકમ્, ૭૯ કેલિકૌતુહલં, ૮૦ છાગલમૈણેયમ્, ૮૧ ઐાપરિષ્ટકમ્, ૮૨ અધોરતં, ૮૩ પ્રહર્ષણમ્, ૮૪ વ્યોમં એ પ્રમાણે ૮૪ચિત્ર રતા ન્યાસનાનિ ।

એ પ્રમાણે શિવજી અને જન્મેજયનો સંવાદ સમાપ્ત થયો.

પ્રકરણ ૧૭ મું.

સો વર્ષનું આયુષ્ય લંબાવવાનો ઇલાજ.

પૃથ્વીની પુર્વ તરફના પરદેશોમાં વસનારા લોકો જેવા કે ભરતખંડ, ચીન વગેરેના લોકો આ સંસારને દુઃખ રૂપધારી ઝાઝુજીવવાને પ્રયત્ન કરતા નથી ? પરન્તુ પાશ્ચાત દેશના લોકો આ સંસારને સ્વર્ગસમાન ધારી લાંબુ આયુષ્ય ભોગવવાને હર હમેસાં પ્રયત્ન કર્યા કરે છે. તે દેશમાં આવા ગહન વિષયો માટે હે નિરંતર ઘણી જાતના પુસ્તકો બહાર પડે છે, ફકત થોડાજ વખત પર ૧૦૦ વર્ષ સુધી આયુસ્યં લંબાવવાના ઉપાયો ડોકટર **સીલવીને** પ્રકટ કર્યા હતા. તે ઉપાયો નીચે પ્રમાણે છે.—

૧ પેદા થોડું કરો અને ખર્ચ પણ થોડો કરો. ૨ અગત્ય કરતાં વધારે ખાઓ પીઓ નહિ ૩ અન જળનું હમેશાં શાન્તિથી સેવન કરો. ૪ મીતાહાર રહી, શાન્તિ ધારણ કરી હમેશાં મનને ખુશીમાં રાખો. ૫ ઉદ્યમ કરતાં કદી મન પાછું ન પાડો. ૬ આળસ્ય દુખ અને નીરાશાને તમારાથી સો કોશ દુર રાખો. ૭ યુવાવસ્થામાં

કામ ખંતથી કરો. અને વૃદ્ધાવસ્થામાં આરામ કરો. ૮ બાળકો સાથે હળી મળી ચાલો અને કોઇ કોઇ વખત તેઓની રમતમાં તમે ભાગ લો. ૯ ગત વસ્તુનો શોચ કરો નહિ. ૧૦ મરી ગયેલા મનુષ્યોને યાદ કર્યા કરવા નહિં ૧૧ હમેશાં પોતાને સાજા તાજા અને યુવાન માનો તથા આનંદમાં નિમગ્ન રહો. ઉપરની રીતી પ્રમાણે વર્તવાથી મનુષ્ય સૌ અથવા તેથી અધિક આયુસ્ય ભોગવવા પામે છે.

સ્ત્રીઓ માટે મસી બનાવવાની વિધિ.

લાલ કાથો તોલો ૧. ઝીણી એલાયચી ૧ તોલો છોડા સાથે, રૂમીમસ્તગી માસા ૪, લોહચુન શેર ૦।, કાણા સિવાયના માંજુફળ શેર ૦)=, મીંઢીઆવળ માસા ૫, ત્રીફળા તોલો ૧, હીરાકસી તોલો ૧, મજીઠ તોલો ૧, એ સઘળી વસ્તુઓને ખુબ બારીક વાટી તેની અંદર ગુલાબનું અત્તર મેળવી એક શીશીની અંદર ભરી મોં બંધ કરીને રાખવું. દાંત ઉપર આ મેળવણી લગાડેથી દાંતના સઘળા દુઃખો નાશ પામે છે અને દાંત કાળા થઇ જાય છે.

આંખોનુ અંજન.

સુરમો છ પૈસાભાર, કપુર કાચલી તો. ૧, સાકર તો. ૧, ઝીણી એલાઇચી તો. ૧, કપુર તો. ૧ પાનનો અર્ક તો. ૪, કેરાંના અર્ક તો. ૪, એ સઘળી ચીજને પહેલા પાનના અર્કમાં ઘુંટી પછી કેરાના અર્કમાં ઘુટી ઝીણા કરી એક શીશીમાં ભરી રાખવું. આંખોની દરેક પ્રકારના બીમારી માટે આ દવા લગાડવાથી ફાયદો થાય છે.

શુસ્વરૂપ બનવાની વિધિ.

હલદર, ગોખરૂ, સુંઠ, નખ, નાગરમોથ, સરસવપીલી, કપુર એ સઘળી ચીજો દરેક ૧ માસો લેવી તેમાં ૪ માસા લાલ ચંદન, કુસુમ ૪ માસા અને ચિરોંજી ૧૦ માસા ઉમેરી એ બધાને ચંબેલીના તેલમાં ખુબ ઝીણા વાટી શરીરે મર્દન કરવાથી શરીર લાલ ગુલાબી રંગનું સ્વરૂપવાન થઇ જાય છે.

હોઠ લાલ કરવાની વિધી.

રતનજોત તો. ૧, સફેદ મીણુ તો. ૩, બદામનું તેલ છ પૈસાભાર, કેવડાનું ફુલ ૭ માસા લેવાં સૌથી પ્રથમ બદામનું તેલ

લઇ તેમાં મીણ નાંખી અગનીપર રાખી એક રસ કરવું પછી તેમાં રતનજોત ઝીણી વાટીને નાંખવી, અને પાછળથી અત્તર નાંખી એક રસ બનાવી લેવું તેને હોઠપર લગાડવાથી સુર્ખી અને કોમલતા આવે છે.

ગુલાબી ગાલ બનાવવાની વિધિ.

વોટર ઓફ એમોનીયા બે ડ્રામ, ૪૦ નંબરનો કારમાઇન ૧ ડ્રામ, ગુલાબનું અત્તર માસા ૬, ગુલાબજળ ૪ ઔંસ, કેવડાનું અત્તર ૧ માસો લેવા. વોટર ઓફ એમોનીયામાં કારમાઇન મેળવી તેની પછી અત્તર અને ગુલાબજળ મેળવી એક રસ કરી શીશીમાં ભરી રાખવું. તેને ગાલપર લગાડવાથી ગુલાબી ચળક આવી જાય છે.

પાનનો મસાલો.

ઝીણી, એલાયચી ૬ માસા, કેસર ૩ માસા, કસ્તુરી બે રતી, ચંદન સફેદ ૬ માસા, જાયફળ ૬ માસા, જાવંત્રી ૩ માસા, દાળ ચીની ૫ માસા, ગુલાબ જીરા ૩ માસા, લાંગ ૧ તોલો એ સઘ· ળી ચીજોને ખુબ ઝીણી વાટી ચાળી તેમાં કેવડાનો કાથો ઝીણો કરી મેળવવો અને પછી તેમાં ગુલાબજળ નાંખી તેની ગોળી બનાવી લેવી અને તે હમેશા પાન સાથે ખાવાથી સ્વાદીષ્ટ મા- લુમ પડે છે.

ખુશબોદાર તેલ બનાવવાની વિધિ.

ગમે તેવી જાતના તેલ બનાવવા હોય તો નીચેની વિધિથી બને છે. બદામ, સરસવ એરંડા, કોપરેલ અને તલનું તેલ ચોખું લઇ એક ચીનાઈ વાસણમાં ભરી તેમાં " એલકાનેટ રૂટ " નાં બે ટીપાં નાંખી અગ્નિ પર અથવા તાપમાં બંધ કરી મૂકવું. ત્યાર પછી ગરમ કપડાથી તે તેલને ગાળી કાઢવું. પછી તેની શીશીઓ જે જાતના તેલની ભરવી હોય તે જાતના અત્તર ને નીચે પ્રમાણે નાંખવું. સાડા સાત ઔંસ તેલ અને ૧૦ થી ૨૦ ટીપાં અત્તર નાંખી સીસીઓ ભરવી તેલ ઘણું ઉમદા બને છે

વાળ કાળા કરવાનો ખાંજાબ.

સલ્ફીકરેટ ઓફ પોટાશ અર્ધો ઔંસ, વર્ષાદનું પાણી અથવા

તો નિર્મળ પાણી એ બેને મેળવી એક શીશીમાં ભરી લેવું. બીજી શીશીમાં કાષ્ટિક ઔંસ અર્ધો અને ઉપર મુજબનું ૩ ઔંસ પાણી મેળવી ભરી લેવું પછી પ્રથમ પહેલી શીશી લઇ બ્રશ વતી વાલને લગાડવી અને તે સુકાઇ ગયા પછી બીજી શીશી લઇ બ્રશથી લગાવવી કે જેથી બાલ તદ્દન કાળા થઇ જશે.

બીજી વિધિઃ—સુકી મેંદી ખુબ ઝીણી વાટી પાણી સાથે મેળવી સફેદ વાળપર જાડો ઘટ લેપ કરી ઉપર એરંડાના અથવા કેળના પાત્રાં બાંધવા અને ચાર કલાક પછી પાટાને છોડી પાણીથી વાળ ધોઇ સાફ કરવા. વાળ સુકાઇ ગયા પછી ગળીને પાણી સાથે મેળવી વાળપર જાડો લેપ કરવો. અને પછી પ્રથમની માફક પાત્રા મુકી પાટો બાંધવો. ચાર કલાક પછી પાટો છોડી વાળ ધોઇ નાંખવા. વાળ તદ્દન કાળા થઇ ગયેલા માલુમ પડશે.

વાળ કાઢવાનો પૌડર.

આરારોટ ૧ માસો, બેરીયમ સલ્ફાઇટ ૧ માસો એ બંન્નેને પાણી સાથે મેળવી વાળપર ગાઢો લેપ કરવો અને તે પહેલા વાળને પાણીથી ભીજવી નાંખવા દવા જો સખ્ત જણાય તો આરારોટ વધારે પ્રમાણથી લેવો.

સાબુ બનાવવાની રીત.

કળી ચુનો શેર ૦। સોડા શેર ૦। એ બે ચીજોને ૦।।। શેર પાણીમાં નાંખી વધારેમાં વધારે આઠ અને ઓછામાં ઓછો બે પહોર ભીંજવી રાખવો અને પછી ચીનાઇ વાસણમાં તેને કાઢી તે પાણીને નીતારી કાઢી પછી તેમાં શેર ૦।। પાણી નાંખવુ અને પછી કડાઇમાં નાખી તેને ઉકાળવું અને તેમાં કોપરેલ શેર ૦। ઉમેરવું. જ્યારે તે એક લચકો થઇ જાય ત્યારે તેની ગોટીઓ કરી લેવી. જેવો રંગ અને ખુશબોદાર બનાવવો હોય તેવી ચીજો તેમાં નાંખવી.

વંધ્યાસંતાનોત્પત્તિ સાધન.

ગૌરોચન, અસગંધ, નાગકેશર એ ત્રણે ચીજો સરખા ભાગે લેઇ ગાયના દુધમાં ગોળી બનાવી દુધની સાથે ગળી જવી

આના કરતાં વધારે સારી દવા જોઇતી હોયતો અમારે ત્યાં તૈયાર રહે છે. પત્ર વ્યવહાર કરવાથી માહિતી મળશે.

સ્ત્રી ધર્મ.

જે દેશની સ્ત્રી કેળવણી પામી ન હોય તે દેશમાં અઢળક ધન હોય તો પણ તે નકામુ છે. માણસ ઘરની અંદર ગમે તેટલો ડોળ, દમામ અને સભ્યતા રાખે પરન્તુ જો તેના ઘરમાં કર્કશા સ્ત્રી હોય તો જેવો તે પોતાના આંગણામાં પગ મુકે છે કે તુરતજ તેનુ હ્રદય મ્લાન થઇ જાય છે. મુર્ખની સાથે મુર્ખ બન્યાથીજ રહી શકાય છે. આખા હિંદુસ્તાનમાં એવું ઘર ભાગ્યેજ હશે કે જ્યાં વર વહુ પરલોક પ્રાપ્તી કરવાની અથવા વિદ્યા જ્ઞાનાદિની ગોષ્ટી કર્ત્તા હોય અથવા કોઇ એવી ભાગ્યેજ મંડળી હશે કે જ્યાં ભેગા મળેલા ચાર ચોટલા અન્યોઅન્ય જ્ઞાનગોષ્ટી કરત હોય તેને બદલે હાલમાં તો એવીજ કહેવત પ્રચલીત થઇ છે કે ચાર મળે ચોટલા તો ભાગે ઓટલા. આજ કાલ તો હિંદુ સ્ત્રીઓ એક બીજાની નીંદા, તકરાર વગેરે કરવામાં પોતાનો નવનરાશનો વખત ગાળે છે. જો વિદ્યારૂપી સૂર્યના કીરણો તેમના હ્રદય પ્રદેશમાં પ્રવેશ કરતા હોત તો તેમના હ્રદય આટલા બધા મલીન કદી હોઇ શકત નહિ. સ્ત્રીઓનો સ્વભાવ એવો હોય છે કે જો તેઓની બરાબર રક્ષા કરવામાં ન આવે તો અનેક પ્રકારના ઝગડા ઉપસ્થીત થાય છે. પાંચ પચીસ પુરૂષો ભેગા મલ્યા હોય છે તો આનંદથી વાર્તા વિનોદ કરે છે. પરન્તુ જો ફકત બે સ્ત્રીઓજ ભેગી મળે છે તો મોટો ઉપદ્રવ કરી મૂકે છે. એકજ માની કુખે પેદા થયેલી બે બ્હેનો પણ એક જગ્યાએ શાન્તિથી રહી શકિત નથી. વિવાહ થતાંજ તેમના મનમાં એકદમ ફેર પડી જાય છે. આ બધાનું કારણ તેમની મુર્ખતા છે. જો તેનો નાશ કરવામાં આવે તો હિંદુ સંસારના કુટુંબીઓ કેટલો બધો આનંદ

ભોગવી શકે. સર્વ શાસ્ત્રમાં પુકારી પુકારીને કહેવામાં આવે છે કે સ્ત્રીને સ્વાતંત્ર્ય ન આપવું જોઇએ. વિધાતાએ તેને સ્વતંત્રતા ભોગવવા દેવાને માટે ઉત્પન્ન કરીજ નથી કારણ કે મહામુનિ મનુ લખી ગયા છે કે સ્ત્રીને બાલ્યાવસ્થામાં તેના પિતાએ કાબુમાં રાખવી જોઇએ. યૌવનાવસ્થામાં તેના પતિએ તેને આધિન રાખવી જોઇએ અને વૃદ્ધાવસ્થામાં પુત્રે તેની દેખરેખ રાખવી જોઇએ. જો પુત્ર ન હોય તો સગા સંબંધીઓએ અને તે પણ ન હોય તો રાજાએ તેની રક્ષા કરવી જોઇએ પરન્તુ તેને સ્વતંત્રતાતો કદી ન આપવી જોઇએ એવું મનુ મહારાજાનું સ્પષ્ટ કથન છે. આ પ્રમાણે બાપડી સ્ત્રી જાતી પુરૂષોની ગુલામ થવાને સરજાયેલી ન હોય એવું વર્તન કરવામાં આવે છે. સ્ત્રીઓના કેટલાક વાકયો જે અનુ. ચિત્ત ધારવામાં આવે છે તે જો બરોબર ગોર કરી જોવામાં આવે તો ઉચિત માલુમપડશે. સ્વતંત્રતાના જેવી ઉત્તમ ચીજ આ સંસારમાં બીજી કોઇ નથી, જ્યાં લગી તેના ફળ ન ચાખવામાં આવ્યા હોય ત્યાં સુધી તેની કીંમત કઇ રીતે કરવામાં આવે ? ઇતિહાસ તો આપણને સ્પષ્ટ રીતે કહે છે કે પ્રાચીનકાળમાં સ્ત્રીઓ હાલના જેવી મૂર્ખ ન હતી તેમ તે આવી પરાધિન પણ નહતી- સ્ત્રીઓની સ્વતંત્રતા છીનવી લઇ તેમને વિદ્યાથી વિમૂખ રાખી અજ્ઞાનતાના ઉંડા ખાડામાં સડબડતી રાખવી તે બુધ્ધિમાન મનુષ્યનું કામ નથી. જ્યારે સ્ત્રીના ઉપર કોઇ પણ પ્રકારનો દાબ હોતો નથી ત્યારે તેની પ્રકતીમાં નવીન નવીન પ્રકારના અનેક દોષ જોવામાં આવે છે. જેના પ્રભાવથી ઉચીત અનુચીતનું ધ્યાન રહેતું નથી અને દાબ પાડવામાં પણ અનેક દોષ ઉપસ્થીત થાય છે. જે સમયે આ સંસારમાં જન્મીં ઉતમ સુખ ભોગવવાનાં હોય છે તે સમયે કુટુંબના કળહમાં કાળ વ્યતિત થાય છે. મુનિશ્વરની ઉકિત છે કે જે જે ઘરમાં સ્ત્રીઓ પ્રસન્ન રહે છે તે તે ઘરમાં દેવતા અને પિતૃ લોકની મહેરબાની હોય છે અને જ્યાં જ્યાં સ્ત્રીઓ દુખી રહીને શોચ કરે છે, પરાધિનતાની બેડીમાં સપડાયેલી રહીને અનંત દુખની ભોકતા થાય છે તે કુળ થોડા વખતમાં નષ્ટ થઇ જાય છે. માટે

જ્યાં સુધી બને ત્યાં સુધી આ લોક અને પરલોકનું સુખ આપ-નારી સ્ત્રીને પ્રસન્ન રાખવી.

જે ઘરમાં સ્ત્રીઓના મન ઉદાસી રહે છે તે ઘરમાં ભૂત, પ્રેત, આદીનો નિવાસ રહે છે, માટે ધણી, ભાઇ, પિતા, સસરો, માતા, સાસુ, દીયર વગેરે એ સ્ત્રીને વસ્ત્રો, ભૂષણુ, ભોજન વીગેરે પુરા પાડીને પ્રસન્ન રાખવી જોઇએ. જે ઘરમાં સ્ત્રીઓને ત્રાસ પડતો નથી, પરન્તુ વસ્ત્ર અને અલંકારથી સત્કાર કરવામાં આવે છે તે ઘરની સ્ત્રી દેખીતી રીતે પરતંત્ર દેખાતી હશે તો ;પણુ તે પ્રસન્ન રહે છે. સ્ત્રીઓના સ્વભાવપર ધ્યાન આપી મનુ આદિ શાસ્ત્રકારોએ સ્ત્રીને સ્વતંત્રતા બક્ષી નથી કારણકે વિધાહિન સ્ત્રીઓના ચિત્તની ભાવના શુદ્ધ રહી શકિત વથી. તેનું ચિત સ્વભાવિક રીતે ચંચળ હોવાથી તે અનેક કુચ્છંદોમાં પ્રવર્ત થઇ જાય છે. જન્મતી વખતે છોકરા છોકરીની બુદ્ધિમાં કાંઇ ભેદ હોતો નથી પરન્તુ બિચારી છોકરીને અભણુ સ્ત્રીઓના સંગમાં રાખવાથી તેની ઇશ્વરદત્ત બુદ્ધિ પણુ નષ્ટ થઇ જાય છે અને દિન પ્રતિદિન મુર્ખતાનો ઘોર અંધ-કાર તેના હૃદય પટપર ફરી વળે છે. સ્ત્રીઓનું મન એટલું બધું ચ્મવળચંડુ હોય છે કે જો તેને કાંઇ કામ ન કરવાનું કહેવામાં આવે છે તો તે ખસુસ કરીને કરવાને પ્રવર્ત થાય છે અને જ્યારે તે પુરૂ કરે છે ત્યારેજ તેના મનને સંતોષ મળે છે. સ્ત્રીઓને અનુચિત કામથી બચાવવાને માટે આ એક અકશીર ઇલાજ છે. તેને મના કરવા કરતાં ઘરનું કામકાજ, પૈસો ટકા અને ખર્ચ-નો હિસાબ કિતાબ રાખવાનું કામ તેને આધિન કરવું અને ઘરની ચોખ્ખાઇ ભોજન પ્રબંધ તેની પાસે કરાવવુ. ખરેખરીરીતે સ્ત્રીઓ ને ઘરના કામમાં એટલી બધી ગુંથાયલી રાખવી કે જેથી તેનુ ચિત્ત હમેશાં સાવધાન રહે અને ફુરસદ વખત નહિ મળવાથી મનમાં ભ્રાંતિની માયાજાળ પણુ ઉઠશે નહિં. કદી કોઇ કહે કે બુધે નાર પાંસરી, ચોદમા રત્નથી ગમે તેવી સ્ત્રી હોય તો તેના દોષ દૂર કરી શકાય છે પરન્તુ તે સત્ય ભાસતું નથી. માર મારવાથી તેનામાં અનેક દોષ આવે છે કારણુ કે શાસ્ત્રકારોએ લખેલું છે

કે સ્ત્રીઓને ગમે તેટલું તાડન કરવામાં આવે, ગમે તેટલી રક્ષા કરવામાં આવે અને એને ગમે તેટલી આંખો આગળ રાખવામાં આવે તોપણ કામ વગર તેનું ચિત્ત કદી પણ સાવધાન રહેશે નહિ. ખરેખરૂં કહીએ તો તેને માર મારવાથી અથવા તેના ઉપર દાબ રાખવાથી તેના ચિત્તને સુધારવાને જો કોઇ આશા રાખે તો તે વંધ્યા પુત્ર સમાન તથા આકાશ કુસુમવતજ છે. આનો એક સાધારણ નિયમ છે કે માણસ જેની સંગતિમાં રહે છે તેનો રંગ તેના પર બેસે છે કારણ કે કહેવત છે કે 'સંગ તેવો રંગ' સ્ત્રીઓમાં મોટે ભાગે તેમના પતિના ગુણ આવે છે. તેના ધર્મ કર્મ સઘળા બદલાઇ જઇને તેના પતિના જેવાજ થઇ જાય છે. કારણ કે નદી જ્યાં સુધી સમુદ્રમાં મળતી નથી ત્યાં સુધી તેનું સ્વરૂપ જુદુ માલુમ થઇ જાય છે તે વખતે તે સમુદ્રના જેવીજ થઇ જાય છે એટલા માટે વિદ્વાન, ચતુર તથા ધર્મનિષ્ઠ પતિનું મળવું સ્ત્રીઓને અત્યંત હિતકારી છે. જુઓ વશિષ્ઠ મુનીના સંગથી અરૂંધતીની કેવી પ્રતિષ્ઠા થઈ હતી. તેનો જન્મ કોઇ ઉંચા કે વિદ્વાન કુળમાં થયો ન હતો એવીજ રીતે સારંગીનો મંદપાળની સાથે વિવાહ થવાથી તેનામાં અત્યુતમ બુદ્ધિ આવી ગઈ હતી. જ્યાં સુધી ચતુર, વિદ્વાન, ધર્મનિષ્ઠ પતિની સાથે વિવાહ થતો નથી ત્યાં સુધી તે જોડું સુખી થતું નથી. મહાભારથ, આદી ધર્મ મનુસ્મૃતિ ગ્રંથોમા આલેખન કરવામાં આવ્યું છે કે જે પુરૂષ સંસારમાં સુખ ચેનથી રહેવા ઇચ્છે છે અને પોતાના કલ્યાણની ઇચ્છા રાખે છે. તેણે કોઇપણ દિવસ સ્ત્રીનો અનાદર ન કરવો જોઇએ. કારણ કે શાસ્ત્રમાં સાફ લખવામાં આવ્યું છે કે પિતા, ભાઇ, પતિ દિયર એ બધાંએ સ્ત્રીઓનો સત્કાર કરવો અને સ્ત્રીઓને ભલી પ્રકારે વસ્ત્રાભુષણથી શોભીત રાખવી. મોટા મોટા રૂષિઓએ કહ્યું છે કે જ્યાં જ્યાં સ્ત્રીઓનો સત્કાર થાય છે તે તે ઘરમાં દેવતા સ્વર્ગથી નીચે ઉતરીને વાસ કરી રહે છે. અને જે ઘેર સ્ત્રીઓનો આદર સત્કાર નથી થતો તે ઘરમાં પુન્ય પણ નિષ્ફળ જાય છે, ગ્રહસ્થોનુ પહેલું સુખ ઘર છે અને તે ઘર સ્ત્રીઓથી શોભે છે.

જે ઘરમાં ઉદાસી છવાઇ રહે છે, અને સ્ત્રીના મુખ મલીન દુઃખી અને કષ્ટને લીધે આખો દિવસ તથા રાત ઉદાશી રહે છે, તો નક્ષર સંસારમાં સુખની આશા કયાંથી રાખી શકાય ? આ દુનિયામાં પુરૂષ વર્ગે જ્યાં સુધી પોતાથી બને ત્યાં સુધી સ્ત્રીને ઉદાસ રહેવા ન દેવી પરન્તુ જ્યારે પોતાના કુટુંબમાં ઉત્સવ હોય અથવા વિવાહ ટાંકણું આદિ હોય અથવા તહેવાર આ-વેલા હોય તે વખતે સ્ત્રીઓને ઉત્તમમાં ઉત્તમ વસ્ત્ર, ઘરેણા આદિથી પ્રસન્ન રાખવી. જે ઘરમાં સ્ત્રી અને પુરૂષ બન્નેની વચ્ચે પ્રસન્નતાની લાગણી પ્રસરેલી હોય છે તે ઘરનો મહિમા દેવતાઓ પણ વર્ણવી શકતા નથી. આ ઘર સ્ત્રી રૂપ છે. સ્ત્રીનેજ ઘર શાસ્ત્રરૂપ કહ્યું છે. જે ઘરમાં સ્ત્રી નથી તે ઉજ્જડ, વેરાન, વન સમાન છે. વનમાં અને સ્ત્રી વિનાના ઘરમાં કાંઇ પણ ફેર નથી. જે ઘરમાં સ્ત્રી અને પુરૂષનો પરસ્પર પ્રેમ અને મેળ હોય તે ઘરમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ઘણી સહેલાઇથી સાધી શકાય છે.

સૌથી પહેલાં સ્ત્રીએ પોતાના પતિની આજ્ઞા પાળવી જોઇએ. તેની સેવા અને ભક્તિમાં તત્પર રહેવું જોઇએ. મધુર વચન બોલી પુરૂષને પ્રફુલીત રાખવો જોઇએ. પતિના ક્રોધના સમયમાં કોઇ કઠોર વચન કહેતો તે સહન કરી લેવા જોઇએ. ગમે તો પતી બહુજ કઠોર સ્વભાવનો હોય અને પોતાના મનમાં આવે તેમ ખરાબ વર્તન ચલાવતો હોય, ગમે તેટલો નિર્ગુણ હોય તોપણ સાધુ સ્વભાવની સ્ત્રીએ પોતાના પતિની મનશા, વાચા, કર્મણા વડે સેવા ઉઠાવવી જોઇએ. નિરંતર રીતે તેનું પુજન કરવું જોઇએ. દેવોની જેવી પુજા કરવામાં આવે છે તેવીજ રીતે માનપૂર્વક તેણે તેનું પુજન કરવું જોઇએ. ઘરના કામકાજમાં ચતુરાઇ રાખી ધર્મથી વર્તવું, ઉદાર મનથી પુનિત અને પ્રસંસા કરવા લાયક આચરણમાં તત્પર રહેવું એ સહુ સૌભાગ્યવંતિના ગુણ છે. મન લગાડીને ઘરનું કામ કરવું કેમકે તેમાંજ ઘરની શોભા અને મોટાઇ છે. જે સ્ત્રી આવી ગુણવાન હોય છે. તે ગૃહ લક્ષ્મી સ

માન છે. તેના ભાગ્યવડે કરીને ઘરમાં ધન ધાન્ય આદિ દિનપ્રતિદિન વૃધ્ધિંગત થાય છે. ઘરમાં કલેશ અથવા કલહનું નામ પણ દેખાતું નથી જ્યારે જુઓ ત્યારે બસ આનંદને આનંદ છવાયેલો દેખાય છે. કેટલીક વખત એમ પણ દેખાય છે કે જ્યારે આવી શુશીલા સ્રી ઘર અને આફ્તાની દુનિયા ત્યજીને ચાલી જાય છે તે વખતે સઘળો વૈભવ તેની સાથે જ ચાલ્યો જાય છે. પહેલા જે ઘર આકાશમાં ચંદ્ર સમાન ચકચકિત દેખાતું હતું, તે આ શુશીલાના અસ્ત વડે ભયંકર રાત્રિ સમાન પ્રકાશ વિહિન થઇ જાય છે. માટે સ્રી શુ સ્વરૂપ હોય કે કુસ્વરૂપ હોય પરન્તુ તેનામાં પુર્વોક્ત ગુણોએ વાસ કરેલો હોવો જોઇએ. કારણ કે સુગંધ વગરના કેસુડાના ફુલનો મહીમા જેવી રીતે નથી તેવી રીતે ગુણ રહિત સ્રીનો પણ મહિમા હોતો નથી. સ્રીઓનું પણ ભૂષણ ફકત સીયળજ છે.

સારા આચરણો સિવાય સ્ત્રીઓમાં હાલ જે આચરણો વાસ કરી રહ્યા છે તે દરેક પ્રકારે દુઃખમય છે. કલેશ કરવા વાળી અને અપ્રિય (કડુ) બોલવા વાળી સ્ત્રીથી તેના ધણી, કુટુંબ પરિવારને ઘણું દુઃખ સહન કરવું પડે છે. કે જેનું વર્ણન હમો કરવા બેસી એતો મોટા પુસ્તક ને પુસ્તકો લખી શકીએ. ચિંતામાં ઘેરાયલો આકુળ વ્યાકુળ થઇ ગએલો પુરૂષ જ્યારે સાંજે ઘરે જાય છે ત્યારે તેની સમક્ષ તેની સ્ત્રી આવી કાંઇને કાંઇ કલેશ કરે છે. અને પછી તેણી એકદમ ક્રોધાતુર થઇ આંખો કાઢી એકદમ પત્થર સમ થઇને તેના પતિની સામે થઇ જાય છે. એવી સ્ત્રીનો પુરૂષ જીવતા મરી ગયેલોજ છે. આવા આચરણ વાળી સ્ત્રી એક ભયંકર પિશાચણી જેવી માલુમ પડે છે. આવી સ્ત્રી અસંખ્ય કુકર્મ કરનાર પુરૂષને પ્રાપ્ત થાય છે. માટે એવી સ્ત્રીથી કોટી જન્મ સુધી દુર રહેવું એ ઘણુંજ ઉત્તમ છે. કોઇપણ પુરૂષને ગુણવંતી અને શુશીલ સ્ત્રી ન મળે તો તેનું સંસાર સુખ અને જીવન વ્યર્થ છે.

આ પુસ્તકમાં પ્રથમ સ્રીયોના લૌકીક આચરણ, વ્યવહાર અને કિંચત ધર્મ વર્ણન જણાવ્યું છે. હવે કેવળ સ્રીઓનું શા-

શ્રોકત ધર્મ વર્ણન કરીએ છીએ કારણ કે ધર્મ સિવાય આ દેહનુ કોઇ શોધક નથી અને સ્ત્રીઓના મનનું શોધન ખાસ જરૂરનું છે. કારણ કે જેવું ક્ષેત્ર હોય છે તેવાંજ ફળની પ્રાપ્તી થાય છે અને શાસ્ત્રોકત ધર્મના આચરણથી તેની બુધ્ધિ પણ સુધરી જાય છે. ભરતખંડનીસ્ત્રીઓ પોતાનો ધર્મ, કર્મ ન જાણતા હોવાથી, નીચ માણસોની સોબતથી અને ભુત, પીશાચોની માન્યતાથી પોતાની જીંદગી વૃથા ગુમાવી દે છે અને મોક્ષ મેળવવાને બદલે નર્કગામી થાય છે અને તેમ નર્કગામી થવાને નીચ કૃત્યો આદરે છે. નીચ માણસો ઉંધા રસ્તે દોરવી, વ્હેમી બનાવી અનેક જીવોની હીંસા કરે છે અને દેવતા, મીયાના એમ જુદા જુદા નામથી પુજન કરે છે. વળી નીચ ઢોંગી લોકો ઉપર સ્ત્રીઓનો એટલો બધો વિશ્વાસ બેસી જાયછે કે તેણી પોતાના પતિ, પુત્ર, માતા અને પિતાની જે સેવા કરવી જોઇએ તેથી અધિક સેવા બજાવવા લાગી જાય છે. પરન્તુ તેઓ એમ નથી સમજતી કે પુત્ર, પુત્રાદીક, ધન, દોલત એ સઘળી સંપત્તિ એ ધુતારાની આપેલી નથી પરન્તુ પોતાના પ્રારબ્ધમાં મળેલી છે અને જેના પ્રારબ્ધમાં નહિ હોય તો તે મીયા કે પેગમ્બર, ભુત કે પલીત ગમે તેની પુજા કરે પણ પ્રાલબ્ધ સિવાય એ સઘળુ વ્યર્થ છે. જેના પ્રારબ્ધમાં પુત્ર કે પુત્રી નથી તે કેવળ તેવા ધુતારાની પ્રસન્નતાને માટે હિંસા આદી નીચ કર્મના ફલ સિવાય કાંઇ મળતું નથી તોપણ કાગને બેસવું અને ડાળને પડવુ એવું બની જાય અને કાંઇક સંતાન ઉત્પન્ન થઇ જાય છે તો તેઓ લોકોમાં બુમો મારી બોલે છે કે મને સાંઇએ કે મીયાએ પુત્ર આપ્યો. આવી માન્યતા જ્યાં સુધી સ્ત્રીઓમાંથી જશે નહિ ત્યાં સુધી તેઓ સુખી થશે નહિ અને તેના સંતાનોને કે તેના પતિને સુખ આપશે નહિ.

મહાત્મા મનુ સ્ત્રીઓને ઉપદેશ આપતાં જણાવે છે કે સ્ત્રીઓએ હમેશાં પોતાના ઘર કાર્યમાં કુશળ રહેવું અને દરેક કાર્ય ઉત્સાહ અને ચતુરાઇથી કરવું વળી ભલેને વૃદ્ધા હોય યા યુવાન હોય પરન્તુ કોઇ પણ કાર્ય કરતાં પહેલાં પોતાના પિતા, માતા,

પતિ, પુત્ર વગેરેની સમંતી લેવી. કોઇ પણ કાર્ય સ્વતંત્રતાથી કરવુંજ નહિ. સ્ત્રીએ બાલ્યાવસ્થામાં પિતાને યાૈવનાવસ્થામાં પતિને અને વૃદ્ધાવસ્થામાં પુત્રને વશ થઇ વર્તવું. સ્ત્રીઓએ કોઇ દિવસ એકલા રહેવું નહિ કારણ કે સ્ત્રીઓને પોતાના ધર્મ, કર્મ અને ઇશ્વરનો બહુજ ઓછો ભય હોય છે. કેવળ કિંચીત લોભની ખાતર શુચાચરણો છોડી દઇ કુમાર્ગે ચાલવાવાળી સ્ત્રીઓ હોય છે અને તેથી સ્ત્રીઓએ પિતા, પતિ અને પુત્રની રક્ષાતળેજ રહેવું જોઇએ અને તેમ રહેતી નથી તેઓ તેના પીતા તથા પતિના કુળને કલંક લગાડે છે. સ્ત્રીઓએ તેટલા માટે ઇશ્વરની પ્રાર્થના કરી પીતા તથા પતિની પ્રતિષ્ટા સચવાય તેવી બુધ્ધીની માંગણી કરવી. સ્ત્રીઓએ હમેશાં આનંદથી ઘરનાં કામકાજમાં સાવધાનતાથી રહેવું કે જેથી તેને કોઇ પણ જાતનું લાંછન લાગતું નથી. સ્ત્રીઓની મુખ્ય ફરજ ઘર સોભાવવાની, તેની ચીજો યોગ્ય સ્થળે સ્વચ્છતાથી ગોઠવવાની છે. અને હમેશાં ઘર સાફ કરી રાખવું જોઇએ, ખરચ હમેશાં નિયમીત રીતે કરવું કે ઉડાઉપણાથી ઘણા વેપારીઓને દેવાળા કાઢવા પડે છે તેમ કરજમાં આવી પડાય નહિ. વળી તેને જે રકમ ખરચ્ચ કરવા મળતી હોય તેમાંથી બચાવ કરતાં શીખવું જે ભવિષ્યમાં બહુ ઉપયોગી થઇ પડે છે. સ્ત્રીઓએ વડીલની આજ્ઞા સિવાય કોઇને નાણા ધીરવા કે કરજે લેવા નહિ ભવિષ્યમાં કોઇ જાતની તકરાર ઉભી થવા પામે નહિ.

સ્ત્રીઓ પોતાના પતિને છોડી અન્ય પુરૂષ સામે ક્રીડા કરવી, જાર કર્મ કરવો એ આ લોકમાં ઘણુજ નીંદનીય કાર્ય છે અને તે નર્કના દરબારમાં ખેંચી જાય છે. ધર્મ શાસ્ત્રમાં તે માટે જણાવવામાં આવ્યું છે કે જો કોઇ સ્ત્રી વ્યભિચારિણી માલૂમ પડે તો તેના ધણીએ ઘરની સઘળી લગામ તેના હાથમાંથી લઇ લેવી અને ફાટા તુટા કપડા તથાપી તેના નિર્વાહ ખાતર કેટલુંક ખાવાનું આપી તેને ઘરથી દૂર કરી દેવી. આથી સ્ત્રીઓએ સમજવું જોઇએ કે સુખ દુખના આલોક તથા પરલોકના સાથી, સર્વ પ્રકારના સુખ પૂરા પાડનારા પતિને છોડી ચાર દિવસની ચાંદરડીની માફક જારી

પુરૂષના પ્યારમાં પડવું એ શું વ્યાજબી છે ? માટે પોતાની પ્રતિષ્ઠાની ખાતર, સ્વર્ગની ખાતર, વડીલોના કૂળની લાજ ખાતર તે તરફ બીલકુલ જોવું ન જોઇએ. સ્ત્રીઓને પૈસા, ટકા વસ્ત્રાભૂષણ વગેરે સુખનો આપનાર પતિ છે પીતા-માતા ભાઇ પુત્ર વગેરે સ્વાર્થ પુરતા, પ્રયોજન ખાતર, સમયાનુસાર થોડિ વસ્તુ આપે છે. આવું જાણમાં છતાં એવી કઇ સ્ત્રી અભાગણી હશે કે પરમપુજ્ય પતિને પરમેશ્વર ગણી તન, મન, ધન અર્પી તેની સેવામાં હાજર નહિ રહે ? સ્ત્રીઓને પતિથી બીજો કોઇ મોટો દેવ નથી.

સ્ત્રીઓએ દારૂ વગેરે કેફી ચીજોની વસ્તુ ખાવી ન જોઇએ કારણકે કેફી ચીજ બુદ્ધિને ભ્રષ્ટ કરે છે ગર્ભને નુકશાન કરે છે, સ્ત્રીઓએ જુગાર બીલકુલ ખેલવો નહિ એવા કોઇ પ્રકારનું આચરણ આદરવું નહિ કે ગર્ભને હાની પહોચે નહિતર દુનિયામાં તે વંધ્યા કહેવાય છે. ઘરના પૈસાનો ગેરવ્યાજબી રીતે કે ઉડાઉ રીતે વ્યયન કરવો કે ભવિષ્યમાં દુઃખ સામુ આવવા પામે. સ્ત્રીઓએ હમેશાં મધુરવચન બોલવા, કોઇને કઠોર વચન કહેવા નહિ. સ્ત્રીઓએ રતુવંતી થયા પછી ૫-૭-૯-૧૧ મી રાત્રીએ પુરૂષ સંગ કરવો નહિ પરન્તુ ૪-૬-૮—૧૦ એ સંગ કરવો, પતિનો દ્રોહ કરવો નહિ એ તમામ આચરણોને તનમનથી ત્યજી દેવા. ખોટા આચરણ કરનારી સ્ત્રીના ઉપર બીજી સ્ત્રી લાવવાનો પુરૂષનો વિચાર થાય છે અને તેથી પ્રથમની સ્ત્રીને ઘણા દુઃખ પડે છે, અને તે દુ;ખનો કડવો અનુભવ ઘણા લોકો જાણે છે. માટે જો તેવું દુઃખ ન ભોગવવું હોય તો હમેશાં સ્ત્રીઓએ સારા આચરણથી પોતાના પતિની સેવામાં તત્પર રહેવું. શાસ્ત્રમાં લખ્યું છે કે જ્યાં સ્ત્રી અને પુરૂષોની સંમતિ હોય છે ત્યાં ધર્મ, અર્થ કામની વૃદ્ધિ થાય છે. પરન્તુ જ્યારે સ્ત્રીની કુચાલ માલુમ પડે છે ત્યારે પુરૂષ બીજી સ્ત્રી કરે છે અને તેથી પ્રથમની સ્ત્રીનો આદર સત્કાર થતો નથી, તેના ભરણપોષણ માટે ઝગડા ઉભા થાય છે.

કોઇ સ્ત્રી તેના પતિની રજાવગર આસપાસ પાડાના વાણી કરતા

કાર્યમાં ચતુર; શુરવીર પુત્રને જન્મ આપવા વાળી અને પ્રિય વચનો બોલવા વાળી હોય એવી સ્ત્રીને છોડી પતિ જો બીજી સ્ત્રી કરે તો તે કેવળ મુર્ખ ગણાય. તો પણ સ્ત્રીની ફરજ છે કે તે બીજી સ્ત્રી ન કરવા પામે તે માટે દરેક પ્રકારના પ્રયત્નો કરવા અને તેને સમજાવવો એ શુશીલ સ્ત્રીની ફરજ છે.

કોઇ પુરૂષને કર્મ સંજોગે કાંઇક પાતિક લાગી જાય. અને તેથી જ્ઞાતિના લોકો તેને જ્ઞાતિ બહાર મુકી દે તે વખતે ધૈર્યતાથી તેનું પ્રાયશ્ચિત કરવાને અને જ્ઞાતિના લોકો કહે તેમ કરવાને પોતાના પતિને સમજાવવો પરંતુ તેને ત્યજી દઇ નિંદા થાય તેવી રીતે વર્તવું નહિ.

કુળનો વંશ રાખનારી સ્ત્રી છે અને છોકરો થાય તે કુળ દીપક ગણાય છે. અને તેથી સ્વર્ગ આદિ દેવો પ્રસન્ન થાય છે. અને તેથી વંશની વૃદ્ધિ કરનાર એવી જે સ્ત્રી તેનો આદરસત્કાર કરવો અને સારી રીતે તેનું રક્ષણ કરવું. તો પણ ઘણી વખતે વાંઝણી સ્ત્રીને ઘણું દુખ દેવામાં આવે છે. તે વ્યાજબી થતુ નથી. કારણ કે વંશની વૃધ્ધિ થવી તે પરમાતમાની કૃપા સિવાય થતી જ નથી.

સ્ત્રી એ ઘરની માલીક છે. અને પુરૂષ એ બીચારો ઘરનો મજુર છે, પુરૂષ અંગતોડ મહેનત કરી રળી લાવી દરેક ચીજ ઘર, બાર સઘળું સ્ત્રીને સોંપી દે છે. માટે સ્ત્રીએ પતિનો જેવો ને તેવો વિશ્વાસ અચળ રહે તેવી રીતે ઘરનો સામાન રાખવો ખર્ચ આવકના પ્રમાણમાં કરવો. શુશીલ સ્ત્રીઓની મુખ્ય ફરજ એ છે કે પોતાની સાસુ તથા સસરાને પ્રતિદિન સવારમાં ઉઠી વંદન કરવું. લાજ કાઢવાના રિવાજને લઇને ચાલતા આવતા રિવાજ ને ત્યજી દેવામાં આવ્યા છે. તો પણ મનમાં ધારીને હમેશાં તે પ્રમાણે વંદન કરવાની જરૂર છે. અને તેથી મુખ્ય ફરજ તો એ છે કે તેમની આજ્ઞાનું પાલન કરવું

ઉપર હમે જે વાકયો લખ્યા છે અને હવે પછી જે લખવાના છીએ તે વાંચકને રૂચિત નહિ હોય પરન્તુ તે સ્મૃતી, ધર્મશાસ્ત્ર

અને પુરાણના અનુસારેજ છે. તે બધાનો ટુંકસાર એ છે કે સ્ત્રીઓને સદા સર્વદા ઘરની તથા ધનની રક્ષા કરનાર તરીકે રાખવી. અને તેને ઘરના કામમાં યોજાયેલી રાખવી. સ્ત્રીએ પોતાના પતિ સાસુ, સસરા વગેરેપર પ્રીતી રાખવી અને તેમની સેવા કરવી એ તેનો પરમધર્મ છે. પુરૂષને માટે શાસ્ત્રમાં એવી આજ્ઞા છે કે તેણે પોતાની સ્ત્રી ઉપર પ્યાર રાખવો પણ તે પ્યાર એટલો બધો ન જોઇએ કે જેથી કરીને સ્ત્રી માથે ચઢી વાગે. તેણે સ્ત્રી પર પ્યાર પણ રાખવો જોઇએ. તેમ તેના પર દાબ પણ રાખવો જોઇએ આવું કરવાથી સ્ત્રી લક્ષ્મી સમાન થાય છે. આ સિવાય અન્ય કોઇ ઉપાય એ સ્ત્રી વશ રહી શકતી નથી. માટે સ્ત્રી પર પ્યાર તેમજ દાબ બંન્ને રાખવા જોઇએ. ભવિષ્ય પુરાણમાં કથન કરવામાં આવ્યું છે કે ભાર્યાએ પોતાના પતિની ઇચ્છા પ્રમાણે ચાલવું જોઇએ.

કારણ કે તે પતિવ્રતા સ્ત્રીનો મુખ્ય ધર્મ છે કે પતિના મા, બાપ, દાદો, કાકો, મામો, ગુરૂ, બનેવી સાથે આદરથી વર્તવું. પતિના મિત્રો અને દિયરની સાથે ઝાઝું હસવું નહિ. કોઇ પુરૂષની પાસે એકલા બેસવું નહિ, તેમ તેની સાથે વિવેક પૂર્વક વાત કરવી આખો દહાડો ઘરના ઓટલા પર કે બારીમાં બેસવું, ઘણા પુરૂષોની વચ્ચે થઇ લચક મચક કરતાં ચાલવું, ઝાઝું હસવું ખોટી સ્ત્રીઓની સાથે સંગ કરવો એ સારા સ્ત્રીને શોભતું નથી. બ્રહ્માજીનું વચન છે કે સારી સ્ત્રી એ પતિને મન, વચન અને કર્મ વડે કરીને દેવતા સમાન જાણવો. સદા પતિના હિતમાં પોતાનું ચિત જોડાયેલું રાખવું. પતિના મિત્રને મિત્ર અને દુશ્મનને દુશ્મન ગણવા. પતિના અધર્મ અને અનર્થને વણસાડવા. દેવ અને પિતૃઓનું પુજન કરવું. અભ્યાગતોનો આદરસત્કાર કરવો. પતિનું સ્નાન, ભોજનાદી કર્મ કરતી વખતે પોતે સાવધાન રહેવું રહેવાનું ઘર અને શરિરને સમાન ગણવા. શરિર કરતાં વધારે ઘરને સ્વચ્છ અને શણગારેલું રાખવુ. પ્રભાતમાં બેવાર અને સાંજે ત્રણવાર ઝાડુ મારી ઘરને સ્વચ્છ રાખવું. ગૌશાળામાંથી છાણાદી સાફ કરી બરોબર ઝાડુ મારવું. નોકર ચાકર જો હોય તો તેઓને

ખાવા, પીવામાં સંતોષ આપવો. તે કદી માંદા પડી જાય તો તેમનું ઓસડ વેસડ કરવું, શીશા, કાંસા, પીતળ લોઢાં લાકડાં, અને માટીના વાસણોનો સંગ્રહ રાખવો. અને પ્રસંગ મળતો જાય તેમ તેમ ઘરના સાહિત્યોમાં વધારો કરવાને પ્રયત્ન કરતા રહેવો વાસણોને બરોબર પોત પોતાના સ્થાનકે મૂકવા જેથી કરીને જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે શોધ ખોળ કરવા જરૂર ન પડે. ગુરૂ બાળક, વૃદ્ધ, અભ્યાગત અને પતિની સેવા કરવામાં આળસ ન કરવી. ખાતાને જે અનાજ વધ્યું હોય તે વાશી ન રાખતાં કુતરા, ગાય, આદીને નોખી દેવું. પરપુરૂષની શય્યા પર પગ મુકવો નહિ.

બ્રહ્માજીએ વળી કહ્યું છે કે ચતુર સ્ત્રીએ, સૌથી પહેલાં વ્હેલી પ્રભાતમાં ઉઠવું અને રાત્રિએ સહુના પછી ભોજન કરીને સુવું. અને આવશ્યક કામ ન હોય તો ઘરની બહાર વધારે જવું નહિ. પ્રભાતમાં વ્હેલા ઉઠી નોકર હોયતો તેમને પોત પોતાના કામ સોંપી દેવા. પતિએ પણ ઉઠીને દાતણ પાણી કરી ઉત્તમ વસ્ત્રાભુષણ પહેરી પોત પોતાના કામે લાગી જવું. જોઇએ. ચતુર સ્ત્રીએ રસોડાને બરોબર લીંપી ગુંપી સ્વચ્છ કરી રસોઇના વાસણો માંજીને સાફ રાખવા જોઇએ. અને સઘળી રસોઇની સામગ્રી એકઠી કર્યા પછી પ્રસન્ન મને રસોઇ બનાવવી. રસોઇ કરતી વખતે ખસુસ કરીને મનમાં રાખવું કે પતિને કઇ વસ્તુ પ્રિય છે. અને કઇ વસ્તુ પથ્ય અને અપથ્ય છે. તેનો વિચાર કરવો. રસોડામાં કોઇ પણ અન્ય માણસને બનતા સુધી પેસવા દેવો નહિ. સર્વ રસોઇ તૈયાર થયા બાદ પોતાના પતિને જમવા બોલાવો. પતિ ખાવા બેસે ત્યારે તેને જે જે વસ્તુઓ જોઇએ તે હાજર કરતા રહેવી પોતાની શોકને બહેન બરોબર ગણવી તેના સંતાનને પોતાના છોકરાથી અધિક પ્યાર રાખવો તેના બાળને પોતાના બાળ સમાન ગણવો પહેલા તેને વસ્ત્ર ભુખણ વગેરે પહેરાવ્યાં પછીજ પોતે પહેરવા શોકને કાંઇ રોગ થાય અને માંદી પડે તો તેની ભલી પ્રકારથી સેવા ચાકરી કરવી નોકર ચાકર તથા ઘરના બીજા કોઇ માણસને દુખી દેખી પોતે દુખી થવું અને તેના સુખમાં પોતે સુખ માનવું.

પતિના કાનમાં વિષ રેડી તેને પોતાની શોક પર ભંભેરી મૂકવા નહિ. શોક જો વાંઝણી હોય અને પતિની તેના પર અપ્રિતિ હોય તો પણ તેને ભોજન વસ્ત્રથી સંતોષવી ઘણા વર્ષ સુધી જો સંતાન ન થાય તો પતિને બીજી સ્ત્રી કરવા માટે અનુમતિ આપવી નવી સોકને પોતાની બહેન બરોબર મેળવી નાખવી પતિની સેવા અને ઉત્તમ આચરણ એ સ્ત્રીઓને માટે પરલોકમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરવાના સાધન છે માટે પતિની ઇચ્છા પ્રમાણે વર્તવું તે સર્વ સુખના હેતુ રૂપ છે. જ્યારે પતિને બહાર આવવાનો વખત થાય ત્યારે તેને બેસવાની ગાદી, તકીયા વગેરે સાફ કરી રાખવા.

ધણીની વ્હાલી હોવા છતાં સ્ત્રીએ લોકાપવાદથી ડરવું કારણ કે સીતા જેવી સતીને લોકાપવાદથી અગાધ દુઃખો સહન કરવાં પડયા હતા. ઉધા આચરણ વાળી સ્ત્રી બુરા માણસની સોબતથી બદનામ થાય છે. તાડના હેઠે ઉભા રહીને દુધ પીએ તો પણ લોકો તેને તાડી પીતી એમજ સમજશે અને ગાય નીચે બેશી ને જો કોઇ દારૂ પીશે તોપણ લોકો તે દૂધ પીએ છે એમ ધારશે માટે બુરાની સોબત નહિ કરતા સારાની સોબત કરવી. ઉત્તમ સ્ત્રીને માટે એ આવશ્યક છે પોતાના પીતાના તેમજ પતિના કુળને બટ્ટો ન લાગે એવું આચરણ ચલાવવું. બુરા આચરણ વાળી સ્ત્રી પોતાની નવાણુ પેઢીઓને નરકમાં નંખાવે છે પરન્તુ સદાચરણી સ્ત્રી પોતાની ૭૨ પેઢીઓ તારે છે.

સમાપ્ત.

ડોકટર એસ. એન ૭વેની બનાવેલી

દવાઓ.

અમે ઇશ્વરની શાક્ષીકરી ને કહીએ છીએકે જો અમારી દવાથી ફાયદો નહિ થાયતો અમને ખબર આપેથી બીજી વાર ઉત્તમ દવા તદન મફત મોકલી આપીશું.

એક વાર દવા મંગાવી અમારી સત્યતાની ખાત્રી કરો.

અર્શોહિન બટિકા.

જુના અથવા તાજા કોઇ પણ જાતના બવાસીર હોય કે જેનાથી બળતરા થતી હોય, સોજો આવી ગયો હોય, લોહી બીગાડ હોય તેને આ દવા લોહી સુધારી દસ્ત સાફ લાવે છે. અને ભૂખ ખુલ્લી જાય છે.

કીંમત રૂ. ૧। પોષ્ટેજ રૂ. ०।

બાળકો માટે સરબત.

બાળકોને પાતળો અને કાળો યાતો પીળો દસ્ત થતો હોય, દુધ પચતું ન હોય, ખાંસી, વરાદ થઇ હોય, તાવ, પેટનો દુખાવો વગેરે પેટના સઘળા દર્દોને માટે આ દવા અકશીર છે.

કીમત રૂ. ૧। પો. પે. રૂા. ०।.

અમૃત બિન્દુ.

નવો યા જુનો ગમે તે જાતનો પ્રમેહ હોય, રંગ બેરંગો પેસાબ થતો હોય, પેસાબ કરતાં તકલીફ પડતી હોય વીગેરે દર્દ માટે આ દવા ખાવાની સાથે આરામ થાય છે. કીમત રૂ. ૧। પો. પે. ०ૂ।૦

ગોરા ખુબસુરત બનાવવાનો લેપ.

મોઢા પરના ખીલ વગેરે જાતના ડાઘા ચહેરાની કાળાશ આ દવા લગાડવાથી નીકળી જઇ ગોરા ગમરૂ જેવું મ્હોં બને છે.

કીમત રૂ. ૧.

હુકમી દરાદનો ઠંડો મલમ.

જમે તેવી નવી યા જુની કાળી યા લાલ દરાદ, ખસ, ખુજલી હોય તેને આ મલમ લગાડવાથી તુરત ફાયદો થાય છે. દવા બળતી નથી. કીમત રૂ. ૦ા પો. પે. ૦ા

અસલી નમક સુલેમાની.

અજીર્ણ, અપચ્ચો, ભુખ ઓછી લાગવી વગેરે પેટની બીમારીઓ દુર કરવા ને માટે આ દવા એક ઉત્તમ છે. કીમત મોટી શીશી રૂ. ૧

માથાના દુખાવાની દવા.

માથાના દરેક પ્રકારના દુખાવા, આદ્ધાશીશી વગેરે દર્દ ઉપર આ લગાડતાની સાથેજ ફાયદો આપે છે- અને ફોલ્લા, ખસ, ખુજલી, દાદ, મોમાંથી લાળ નીકળવી, સાપ, વીછુંના ઝેરપર આ દવા અકશીર છે. કીંમત શીશી ૧ નો રૂા. ૦ાા—

સ્વાસ્થ્ય બન્ધુ રસાયન.

આ દવાના, સેવનથી દમ, ખાંસી, શ્વાસ ૨૦ પ્રકારના પ્રમેહ, હાથ, પગ તથા આખોનું બળતું, ચકર આવવા, કબજીઆત, અજીર્ણ અપચો, કામમાં ચીત ન લાગતું હોય, કામકૌવત, માથાના દર્દ, માથામાં ચકર આવવા, યાદ શક્તિ નાશ થઇ હોય, ઝાડા કે પેસાબમાં વિર્યનું ખલીત થવું, સ્વપ્નામાં ધાતુનું જવું. વિર્યનું પાતળુ પડવું. શરીરમાં ખુજલી આવતી હોય, સુસ્તી, બેચેની વગેરે દર્દને આ દવા જડમુળથી ઉખેડી નાંખી શરીર મજબુત બનાવે છે. સ્મરણ શકતને સતેજ કરે છે અને શુદ્ધ વિર્ય બનાવી મનુષ્યનેર કૌવતવાન બનાવે છે. એક માસના સેવનથી શરીર લાલ ગુલાબી જેવુ બની જાય છે. દવા ગમે ત્યારે ખાઇ શકાય છે. કીંમત એક માસ ચાલે તેટલી દવાના રૂા. ૨—૦—૦ પો. પે. રૂા ૦ા

દર્દ વિનાશક

આ તેલથી હાથ, પગ, કમર, છાતી ઘુંટણ, પસલી, ગર્દનમાં

ગમે તેવી જાતનું દર્દ થતું હશે તો તેનો નાશ થાય છે. અધું અંગ રહી ગયું હોય છે તો પણ આ તેલથી તે ઉઠતા પામે છે. શરીરના કોઇ પણ ભાગમાં બહાર કે અંદર દર્દ થતું હોય તે પર આ તેલ લગાડતાની સાથે જ દર્દ મટી જાય છે. જો તેમ ન મટે તો પૈસા બમણા પાછા આપીએ છીએ. **કીંમત શીશી ૧** નો રૂા ૧ પો. પે. ૬ આના

રાત્રિનો આનંદ

અથવા

કામિની વિલાસ.

આ એક ગોળી મલાઇની સાથે ખાવી અને તે ઉપર જેટલુંને દુધ પિવાય તેટલું પીધા પછી એક કલાક બાદ સ્ત્રી ગમન કરવાથી કોઇ પણ જાતની તકલીફ ન પડતાં આનંદ થાય છે. **કીમત રૂા. ૧ા**

વાળ કાઢવાનો સાબુ.

આ સ્વદેશી સાબુ સ્વદેશી જડી બુટીમાંથી તૈયાર કરવામાં આવેલ છે. તેને લગાડતાંજ નરમમાં નરમ જગાએથી વાત કરતાની સાથે વાળ નીકળી જાય છે અને તે જગા સાફ તથા ચીકણી થાય છે. કોઇ પણ જાતનો ડાઘ રહેતો નથી. **કીંમત. ફક્ત રૂ. ૧** પોષ્ટ રૂા૦ ૩ આના

મળવાનું ઠેકાણું.

દેશસેવક ઔષધાલય.

અલીગઢ સીટી.

સંપૂર્ણ

અનેક ભાષાઓ શીખવા વાળા માટે તદ્દન નવીન છપાયેલો

રાષ્ટ્રિયશિક્ષક.